પ્રકરણ–૫

# જયન્ત પાઠકની પ્રકૃતિકવિતા

## ૫.૧ પ્રસ્તાવના

## ૫.૨ જયન્ત પાઠકનું જીવન–કવન

૫.૨.૧ જન્મ અને બાળપણ

૫.૨.૨ કૌટુંબિક વાતાવરણ તથા વિદ્યાભ્યાસ

૫.૨.૩ કારકિર્દી

૫.૨.૪ દામ્પત્યજીવન

૫.૨.૫ સર્જક વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો

૫.૨.૬ કવન

## ૫.૩ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતા

૫.૩.૧ ઋતુ વિષયક કાવ્યો

૫.૩.૨ વૃક્ષ વિશેનાં કાવ્યો

૫.૩.૩ પશુ–પંખીની કવિતા

૫.૩.૪ જળ વિષયક કાવ્યો

૫.૩.૫ સ્થળ વિશેનાં પ્રકૃતિકાવ્યો

૫.૩.૬ પ્રણય વિશેનાં પ્રકૃતિકાવ્યો

૫.૩.૭ પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની કવિતા

૫.૪ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાનાં સ્વરૂપ

૫.૪.૧ ગીત

૫.૪.૨ સૉનેટ

૫.૪.૩ ગઝલ

૫.૪.૪ અછાંદસ રચનાઓ

૫.૫ જયન્ત પાઠકની કાવ્ય ઈબારત

૫.૫.૧ છંદ

૫.૫.૨ પ્રતીક – કલ્પન

૫.૬ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાનું મૂલ્યાંકન

૫.૭ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાની વિશેષતા અને મર્યાદા

૫.૭.૧ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાની વિશેષતા

૫.૭.૨ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાની મર્યાદા

➪ પાદટીપ

## ૫.૧ પ્રસ્તાવના :

સામાન્યતઃ કોઈ પણ સર્જકને ઘડવામાં અનેક પરિબળો કામ કરતાં હોય છે. વ્યક્તિની વ્યક્તિમતા વિકાસ પામીને પ્રફુલ્લિત બનતી હોય છે. તેનાં મૂળમાં એના માતા–પિતા, શિક્ષણ, શિક્ષકો, મિત્રો, કૌટુંબિક વાતાવરણ, સાંસારિક અનુભવો, સામાજિક પ્રસંગો, લગ્નજીવન, વતન, ગ્રામજીવનના રીતિરિવાજો અને માન્યતાઓ, મધ્યમવર્ગનાં પાત્રો, મેળાઓ, ઉત્સવો જેવાં અનેકવિધ પરિબળો કાર્યશીલ બનતાં હોય છે. તેનાં ફળરૂપે જ અંતે એક સર્જક આપણી સમક્ષ આવે છે. જયન્ત પાઠકને સર્જક તરીકે ઘડનારાં પરિબળો વિશે વિગતમ અભ્યાસ કરીશું.

## ૫.૨ જયન્ત પાઠકનું જીવન–કવન :

### ૫.૨.૧ જન્મ અને બાળપણ :



જયન્ત પાઠકનો જન્મ ગુજરાતના પંચમહાલ જિલ્લાના રાજગઢના ગોઠ નામના ગામમાં ૨૦મી ઓક્ટોબર, ૧૯૨૦ના રોજ થયો હતો. એમના પિતાનું નામ હિંમતરામ જોઈતારામ પાઠક અને માતાનું નામ ઈચ્છાબા હતું. તેઓ કુલ નવ ભાઈ–બહેનો હતાં. તેઓ શ્રી ગૌડ બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તેમનું બાળપણનું નામ ‘બચુડો’ હતું.

જયન્ત પાઠકના પરિવારનું મૂળ વતન તો પંચમહાલનું કાલોલ હતું. જોઈતારામ પહેલેથી જ સ્વભાવે ગરમ મિજાજી અને સાહસિક હતા. કુટુંબમાં ક્લેશને કારણે પત્ની જીવકોરબા સાથે કાલોલ છોડીને ગોઠ ગામની નજીકના પાલ્લી ગામમાં આવીને વસેલા. એક કોતર પર એમણે પોતાનું ઘર બાંધીને સંસાર શરૂ કરેલો. આપકર્મી દાદાએ આપબળે પાલ્લી

અને તેના આસપાસના ગામની યજમાનવૃત્તિ મેળવેલી. જયન્ત પાઠકના બાપુ હિંમતરામને દાદાના સસરા ભાઈજીભાઈની થોડી મિલકત મળ્યા પછી એ લોકો ગોર અને જમીનદાર બન્યા. પરિણામે જયન્ત પાઠકનું બાળપણ ગોઠમાં વિતેલું.

જયન્ત પાઠકના બાળપણનો ઉછેર દાદાની નિશ્રામાં થયો હતો. લેખકના બા સતત ઘરકામમાં પરોવાયેલાં રહેતાં અને પિતા યજમાનવૃત્તિ, જમીનદારી અને ઠકરાતના વ્યવસાયને કારણે વધુ સમય ઘરની બહાર રહેતા. પરિણામે તેમના સંસ્કાર ઘડતર પર દાદાની છાપ કાયમી બની રહી. દાદાએ જ તેમની બાળસહજ મનોરંજન વૃત્તિઓને પ્રોત્સાહન આપી તેમને કલા તરફ આકર્ષિત કર્યા. આમ, તેમને દાદાની વિશિષ્ટ કથનશૈલી અને રસભરપૂર વાતોનો લાભ મળ્યો. તેમના બાળપણ વિશે જયન્ત પાઠક નોંધે છે કે, "બે ઘરમાં એક જ કુટુંબ વસે છે. મોટા ઘરમાં માતા–પિતાને નાનાં ધાવણાં બાળક, બીજામાં વૃદ્ધ દાદાને રામાયણ, મહાભારત, ભાગવતની કથાઓના, લોકકથાઓના ને એ પ્રદેશમાં બનેલા બનાવોના રસઝરતા બયાનોનું રસિયાં છોકરાં માટે ઘેર વાળુ કરીને અહીં જોડાજોડ પાથરેલા ખાટલાઓમાં આળોટવાનું, પછી દાદાની વાતો ચાલે, ચાલ્યા જ કરે. ક્યારેક રાવણના માથાં છેદાતાં હોય, ક્યારેક ભીમની ગદા ઘૂમતી હોય, ક્યારેક કૃષ્ણના બાળચરિત્ર કહેવાતાં હોય, શામળની રોમાંચક વાતોને આ પ્રદેશમાં થઈ ગયેલા રૂપા નાયક કે નારણજી દેવની લૂંટ બહારવટાની વાતો ચાલતી હોય. "'બેટા બચુડા, બેટા શકરી જાગો છો કે ?' દાદા પૂછે. જવાબ ન મળે એટલે દાદા દીવો ઠારી ઊંઘી જાય."[૧]

જયન્ત પાઠકને સમકાલીન અસ્પૃશ્યતાનો પણ અનુભવ થયો હતો. એ સમયમાં લોકો આભડછેટના આગ્રહી હતા તેને કારણે તેમને અન્ય બાળકો સાથે રમવાનો લાભ ઓછો મળ્યો હતો, જેથી તેઓને ભાઈ–બહેનો જોડે જ રમવું પડતું. સમૂહભાવના જેવા અમુક

ગુણોથી તેઓ વંચિત રહેલા. રમતમાં સાધનોનું સર્જન કરવાનું કૌશલ્ય તેમને રમતોમાંથી મળેલું. તેઓમાં સર્જનકૌશલ્ય બાળપણથી જ થયું હોય એમ જણાય છે.

જયન્ત પાઠક ગ્રામજીવનના ઉત્સવો, મેળાઓ, તહેવારોમાં રસપૂર્વક ભાગ લેતા યજમાનોના લગ્ન સમારંભોમાં હાજરી આપવાની થતી અને જંગલ કે વન–વગડામાં ગરમ ગરમ ધૂળથી છલોછલ રસ્તાઓ પરથી પસાર થતાં અને ધૂળથી બચવા દાદા અનેક નુસખા બતાવતા તે પણ તેમના જીવન ઘડતરનો એક ભાગ બની રહેતો.

આમ, જયન્ત પાઠકનું બાળપણ દાદાના સાન્નિધ્યમાં પૂર્ણ થયું. ખીલ્યું, પલોટાયું અને મધુર બની રહ્યું. બાળપણમાં મળેલું વાતાવરણ તેમને જીવન પર્યન્ત ઉપકારક રહ્યું. તેમના માનસપટ પર અંકિત થયેલા ઉત્કૃષ્ટ અનુભવોથી તેમનું બાળપણ ખૂબ વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ રહ્યું. તેમના જીવન પર બાળપણની ઘેરી અસર પડી છે. તેમણે વિતાવેલા બાળપણનાં વર્ષો વનવાસનાં હતાં. તેથી તેમનાં સર્જનમાં ‘અરણ્ય’ સતત ધબકતું રહ્યું હતું.

### ૫.૨.૨ કૌટુંબિક વાતાવરણ તથા વિદ્યાભ્યાસ :

જયન્ત પાઠકના કુટુંબમાં શરૂઆતથી જ ભકિતસભર વાતાવરણ હતું. જયન્ત પાઠકના પિતાજી હિંમતરામના ઈષ્ટદેવ રામ હતા. તેઓ સનાતન ધર્મના આગ્રહી હતા. સર્વ દેવોને સરખું સન્માન આપતા, સંધ્યા પૂજા નિયમિત કરતા. પિતા અને માતા બન્ને ભક્તિમય જીવન જીવતાં. આમ, તેમનામાં ધાર્મિક શ્રદ્ધાનાં બીજ વવાયાં હતાં અને તેઓ આધ્યાત્મિક બન્યા હતા. ઈશ્વર પ્રત્યેનો તેમનો લગાવ વધ્યો હતો. આમ, તેમના કુટુંબમાં વ્યક્તિનો પમરાટ પસરતો હતો.

જયન્ત પાઠક પિતાનો સરળ અને સહજ સ્વભાવ તથા મુત્સદ્દીપણાને કારણે તેઓ અમલદારોમાં તેમ જ ઠાકોરોના આદર સન્માન પ્રાપ્ત કરતા. જયન્ત પાઠકના ચિત્તમાં

માતા–પિતા અને દાદાનું સ્મરણ સૌથી વધુ હતું. જયન્ત પાઠક જ્યારે દશેક વર્ષની ઉંમરના હતા ત્યારે તેમના બાપુ ગુજરી ગયેલા પરિણામે તેમની છબિ સ્મૃતિમાં બહુ જ ઝાંખી છે. પિતાને ગુમાવવાનો વિયોગ અને એકલતાનો ભાવ તેમને હરહંમેશ રહ્યો. જયન્ત પાઠકના મનમાં આ તમામ ભાવસંવેદનો સંગ્રહાયેલાં રહ્યાં. પરિણામે તેમના સાહિત્યમાં અને કવિતામાં જોવા મળતી કૌટુંબિક ભાવપ્રબળતા એ આ જ સ્મરણોનું પરિણામ હતું.

જયન્ત પાઠક સંસ્કૃત શ્લોકો દાદા પાસેથી શીખ્યા. તેમણે ચોથા ધોરણ પછી ગોઠની ધૂળીયા શાળા છોડી, એમનાં મોટાં બહેન પુષ્પાના ઘરે રહીને અંગ્રેજી કેળવણી લેવાનું થયું. તેથી તેમને કુટુંબ, પરિવેશનો વિશેષ લાભ મળ્યો નહિ. આમ, તેમને કૌટુંબિક વાતાવરણનો બહુ અલ્પ લાભ મળેલો.

જયન્ત પાઠકે પોતે જ કબૂલ્યું છે તેમ એમનું શાળાજીવન ખાસ પ્રસંગો વગરનું રહ્યું હતું. જયન્ત પાઠકને સાત વર્ષની વયે નિશાળમાં દાખલ કર્યા હતા. તેનું કારણ એટલું જ હતું કે નાનોભાઈ રમણ પાંચ વર્ષનો થઈ નિશાળે ન બેસે ત્યાં સુધી તેમને પણ દાખલ કર્યા ન હતા. બેઉને એક સાથે જ નિશાળમાં દાખલ કરાયા હતા. જયન્ત પાઠક સ્વભાવે શરમાળ પણ ઝાડે ચડવામાં ને રમતગમતમાં કુશળ હતા.

જયન્ત પાઠકની શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા ક્યારેક 'શાળાપત્ર'ની ફાઈલ વંચાવવામાં આવતી તો ક્યારેક રણજિતસિંહ મહારાજની પ્રશસ્તિ પણ ગાવી પડતી. કોઈ વાર દૂરબીન બતાવવાનો પણ કાર્યક્રમ રાખવામાં આવતો. આ બધાથી જ જયન્ત પાઠકમાં વિદ્યાભ્યાસની રુચિ ઘડાતી જતી હતી.

રાજ્યનું પાટનગર દેવગઢબારિયાથી 'ડિપોટીસાહેબ' છોકરાઓની પરીક્ષા લેવા આવતા. બે બળદના સિગરામમાં શાળામાં આવતા. તેમનો જયન્ત પાઠક ઉપર ભારે પ્રભાવ

પડેલો. તેના પ્રભાવશાળી વ્યક્તિત્વના સંદર્ભમાં દાદા શિખામણ આપતા તે નોંધતા. જયન્ત પાઠક જણાવે છે કે, "જોયુંને ? ભણશો તો આમ સિગરામમાં ફરશો ને અમલદારી કરશો. બાકી આમ દંડાફંડા કરવામાં ક્યાંય દહાડો નહિ વળે."[૨] આમ, ગુરુનો પ્રભાવ પણ તેમનામાં સંચાર થવા પામ્યો હતો.

ઉનાળાની રજા પૂરી થતાં શાળામાં નવાં પુસ્તકો આવી જતાં, મુંબઈ ઈલાકાના સહકારી કેળવણી ખાતાની મુખપૃષ્ઠ પર પંચમ જ્યોર્જની છબીવાળી એ નવી ચોપડીના પાનાં ફેરવતાં જયન્ત પાઠકને ખૂબ આનંદ આવતો. કંજૂસ જેટલા આનંદથી ચલણી નોટ ગણે તેટલા જ આનંદથી તેઓ એ નવી ચોપડીને સૂંઘવાની મજા માણતા અને બીજાનેય સૂંઘાડવામાં એમને મજા પડતી.

આમ, લેખક એ સમયની કલ્પનાની કેળવણીના ગુણ નિર્દેશ છે તે આજે ડહાપણની દુનિયાનો બોજ લાદતી કેળવણીની તુલનાએ એ કેળવણીને ચડિયાતી ગણે છે. પાયાની કે બુનિયાદી કેળવણીનો ત્યારે કોઈને ખ્યાલ ન હતો. આમ, જયન્ત પાઠકે પ્રાથમિક શાળાના ચાર ધોરણનો અભ્યાસ પોતાના વતનના ગામમાં જ કર્યો હતો.

રાજગઢની શાળામાં ચાર ચોપડીનો અભ્યાસ પૂરો કરી, આગળ અભ્યાસ માટે જયન્ત પાઠકના ઘરના વડીલોની ઈચ્છા મુજબ કાલોલ શહેરમાં મોટાંબહેન (પુષ્પાબહેન)ને ત્યાં જાય છે. ઈ.સ. ૧૯૩૦માં જયન્ત પાઠકને કાલોલની એન. જી. એસ. હાઈસ્કૂલમાં પહેલા ધોરણમાં પ્રવેશ મળેલો. આમ, તેમણે મેટ્રિક સુધીનું માધ્યમિક શિક્ષણ કાલોલ પુષ્પાબહેનને ત્યાંથી પૂરું કરેલું. તેઓ ઈ.સ. ૧૯૩૮માં મેટ્રિક થયા હતા.

૧૯૩૮માં મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી સુરતની એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં ઉચ્ચ શિક્ષણનો આરંભ કરી, ૧૯૪૩માં ગુજરાતી – સંસ્કૃત વિષય સાથે બી.એ.ની

પદવી પ્રાપ્ત કરી હતી. ૧૯૪૩ થી ૧૯૪૫ના સમયગાળામાં તેમણે વડોદરાની કૉલેજમાં અનુસ્નાતક અભ્યાસના વર્ગો ભરીને, ૧૯૪૫માં તેઓએ વડોદરા કૉલજમાંથી ગુજરાતી – સંસ્કૃત વિષય સાથે બીજા વર્ગમાં એમ. એ.ની ડિગ્રી મેળવી હતી. એટલું જ નહિ તેઓ ઈ.સ. ૧૯૬૦માં મૂર્ધન્ય સાહિત્યકાર અને તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી પ્રોફેસર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ‘૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા : પરિબળો ને સિદ્ધિ’ વિષય પર મહાનિબંધ લખીને પીએચ. ડી. પણ થયા હતા.

### ૫.૨.૩ કારકિર્દી :

જયન્ત પાઠક ૧૯૪૩માં સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછી અનુસ્નાતકના અભ્યાસાર્થે વડોદરા ગયા. ૧૯૪૩ થી ૧૯૪૫ દરમિયાન વડોદરાની ન્યૂ ઈરા સ્કૂલમાં, કાટપીટિયા સ્કૂલમાં તથા કરજણની સ્કૂલમાં શિક્ષક તરીકે રહ્યા. ત્યાર બાદ ૧૯૫૩માં સુરત પોતાની માતૃસંસ્થા એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યાપક તરીકે જોડાયા.

જયન્ત પાઠક ‘મનોમેળ તે મૈત્રી’ નિબંધમાં ૧૯૫૩ની સાલનો પ્રસંગ વર્ણવતાં લખે છે કે, “૧૯૫૩માં નવેમ્બરમાં એમનો બોલાવ્યો હતું આવ્યો ને મારી ભણતરની સંસ્થા એમ. ટી. બી. કૉલેજમાં જોડાયો. અધ્યાપક ખંડમાં મુ. વ્રજરાયભાઈ બોલ્યા : ‘તો તમે પાછા આવી ગયા કેમ !’ મેં કહ્યું : ‘The return of the prodigal’. પાસે ખુરશીમાં બેઠેલા વિષ્ણુભાઈ તરત જ બોલી ઊઠ્યા : ‘But we have not killed a fatted calf for you’. ઈશારો મારી નોકરી ભણી હતો.”[૩]

૧૯૪૮ થી ૧૯૫૩ સુધીના સમયગાળામાં એમણે મુંબઈ, પૂના અને દિલ્હી જેવા મહાનગરોમાં વિવિધ ક્ષેત્રે વિવિધ સેવાઓ આપી હતી. જેમાં પત્રકારત્વનો પણ સમાવેશ

થતો હતો. ૧૯૫૩ થી ૧૯૮૦ સુધીના અઢી દાયકા દરમિયાન એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના અધ્યાપકપદે સતત સેવાપ્રવૃત્ત રહીને ૧૯૮૦માં વયમર્યાદાને કારણે પ્રાધ્યાપક–પદેથી નિવૃત્ત થયા.

કવિ–વિવેચક તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકેલા જયન્ત પાઠકે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખ તરીકેનું સ્થાન (૧૯૮૯ થી ૧૯૯૧), નર્મદ સાહિત્ય સભા (૧૯૯૨), કવિ નર્મદ યુગાવર્ત ટ્રસ્ટ (૧૯૯૨)માં શોભાવ્યું. ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના કારોબારી સભ્ય તરીકે પણ કામગીરી બજાવી. અધ્યાપન કાર્ય અને પત્રકારત્વ સાથે પણ એમની કારકિર્દી જોડાયેલી રહી. ગુજરાતમિત્ર, લોકસત્તા ઉપરાંત વિવિધ સામયિકો જેવાં કે, કુમાર, બુદ્ધિપ્રકાશ, ગ્રંથ, વિશ્વમાનવ, કવિતા, કવિલોક આદિમાં એમની કૃતિઓ પ્રગટ થતી રહી હતી.

સાહિત્યની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ તેમને અનેક પારિતોષિકો અને ઍવોર્ડ પ્રાપ્ત થયા છે. કવિતાને ક્ષેત્રે એમણે કરેલા અંગત અને સત્ત્વશીલ પ્રદાનને લક્ષમાં લઈને ગુજરાત સરકાર અને ભારત સરકારે વિવિધ ઍવોર્ડ્ઝની નવાજેશ કરીને અવારનવાર એમનું બહુમાન કર્યું છે. એમના 'મૃગયા' કાવ્યસંગ્રહને 'ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક' એનાયત થયું છે. એમના 'અનુનય' કાવ્યસંગ્રહને કવિ નાનાલાલ પારિતોષિકથી નવાજવામાં આવ્યો છે.

કવિતાક્ષેત્રના એમના પ્રદાનને લક્ષમાં લઈને એમને ૧૯૫૭માં 'કુમાર ચંદ્રક' એનાયત કરવામાં આવ્યો છે. જ્યારે ૧૯૭૬માં 'નર્મદ સુવર્ણ ચંદ્રક' અને 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક'થી એમને વિભૂષિત કરવામાં આવ્યા છે.

'શૂળી ઉપર સેજ' કાવ્યસંગ્રહ માટે એમને ૧૯૮૮માં 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો છે, અને એ જ કાવ્યસંગ્રહને એ જ વર્ષમાં 'ગુજરાત સાહિત્ય

અકાદમી'નો ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયો. ૧૯૭૯માં દિલ્હીની સાહિત્ય અકાદમી દ્વારા પણ ઍવૉર્ડ અર્પણ કરીને એમની કાવ્યયાત્રાને પુરસ્કૃત કરવામાં આવી છે.

ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય સાહિત્યકાર તરીકે જયન્ત પાઠક યશસ્વી રહ્યા. એમની સર્જકતા પણ ચેતોવિસ્તાર સાધે છે, તે જ કલાકારની પરમ સિદ્ધિ ગણાય.

**૫.૨.૪ દામ્પત્યજીવન :**

જયન્ત પાઠકનાં લગ્ન ભાનુબહેન સાથે થયા હતા. તેમનું દામ્પત્યજીવન ખૂબ સુમેળ ભર્યું અને સુદીર્ઘ હતું. આજે કદાચ તેઓ હયાત હોત તો લગભગ સત્તાવન–અઠ્ઠાવન વરસનું તેમનું દામ્પત્યજીવન થઈ ચૂક્યું હોત. આ ભાનુબહેન ભણેલાં ઓછાં પણ ગણેલાં વધારે, વ્યવહારકુશળ પણ એટલાં જ ! ઘર સંભાળવામાં અને બાળકોને સાચવવામાં તેઓ કુશળ હતાં. કામગરાં પણ ઘણા એટલે બધું બરાબર ચાલતુ. તેમના વ્યવહારિક ગુણોનું વર્ણન કરતાં જયન્ત પાઠક પોતે જ લખે છે કે, "હું તો ગામડાનો, જંગલનો માણસ. સુધરેલા જગતના ને વ્યવહારજગતના જે ગુણો મારામાં પ્રગટ્યા, હું ગૃહસ્થ તરીકે ઘડાયો તેમાં એમનો ફાળો મોટો. હું અલગારી, મારી વ્યવસાયિકને સાહિત્યની પ્રવૃત્તિમાં રચ્યો પચ્યો. મેં સૌ. ભાનુબેનને મારો એક કાવ્યસંગ્રહ અર્પણ કર્યો છે તેમાં એમને આ રીતે યાદ કર્યાં છે :

મને,
જન્મેલ લૈને વગડાની ટેવો,
તમે કર્યો કૈંક ગૃહસ્થ જેવો."[૪]

પત્ની તરફની લાગણીઓને વ્યક્ત કરતી આ પંક્તિઓ પત્ની પ્રત્યેના અનુરાગ અને અહોભાવ પ્રગટ કરી જાય છે.

જયન્ત પાઠક જ્યારે વ્યવસાયાર્થે નીકળેલા ત્યારે તેઓ જમીનદારના દીકરા ન હતા. ગામ–વતન છોડીને એકલા કંઈ પણ લીધા વિના નીકળી પડેલા. વ્યવસાયાર્થે તેમને અનેક સ્થળે રહેવાનું થયેલું. એટલું જ નહિ અનેક મુશ્કેલીઓ પણ સારી પેઠે વેઠવી પડી હતી. આવા સંજોગોમાં ભાનુબેને કોઈ પણ જાતની ફરિયાદ વગર આખું ઘર ચલાવેલું. તેઓ ઘર ચલાવતાં, બાળકોની સંભાળ રાખતા તથા ઘરખર્ચની નોંધ પણ રાખતાં હતાં. તેઓના દામ્પત્યજીવનની એક ખાસ વિશિષ્ટતા પર પ્રકાશ પાડતાં તે પોતે કહે છે : “જરા સરસ વાત કહું તો એ જે તિજોરીમાં પૈસા રાખે છે તે મને આજે પણ ઉઘાડતાં આવડતી નથી ! ને હું કદી તે ઉઘાડતો પણ નથી. એટલો નચિંત ભાગ્યે જ કોઈ ગૃહસ્થ હશે.”[૫]

આમ, જયન્ત પાઠકનું દામ્પત્યજીવન સુમેળવાળું, મૈત્રીભર્યું અને પરસ્પર ગાઢ અતૂટ વિશ્વસનીયતાથી ભરેલું હતું.

**૫.૨.૫ સર્જક વ્યક્તિત્વને ઘડનારાં પરિબળો :**

કોઈ પણ સર્જક જ્યારે સર્જક બનતો હોય ત્યારે એના મૂળમાં તેની સર્જક્તાને પ્રેરનારાં અનેકવિધ પરિબળો રહેલાં કે કામ કરતાં હોય છે. કોઈ પણ સર્જકની સર્જક્તા વિકસિત બનીને ફૂલ્લ–પ્રફૂલ્લ બને, એના મૂળમાં એના ગુરુઓ, માતા–પિતા, શિક્ષણ, વાતાવરણ જેવાં અનેક પરિબળો એમની સર્જક્તાને પ્રેરતાં રહેતાં હોય છે અને એટલા માટે જ જયન્ત પાઠક સર્જક તરીકે નીખરી ઉઠ્યા અને એના મૂળમાં અનેકવિધ પરિબળો પ્રેરક બન્યાં હતાં. એ સ્વાભાવિક હોય તે રીતે જોતાં આપણે એમની સર્જક્તાને પ્રેરનારાં પરિબળોને વિગતે તપાસીશું.

જયન્ત પાઠકના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવનારા તેમના વતનની ભૂમિ, ગોઠ ગામ. ગામને અડીને આવેલું વનાંચલ, કરડ નદી, ડુંગરાઓ, કોતરો, બિહામણી લાગતી

વનરાજિઓ ઈત્યાદિ રહ્યાં છે. તેમના કવિત્વપણાનો મધુર સ્પર્શ ‘વનાંચલ’ને પણ મળ્યો છે. એમનું કવિ વ્યક્તિત્વ ફક્ત એમના કાવ્યસંગ્રહમાં જ સ્પષ્ટ થતું નથી, પણ ગદ્યાકારે વિહરતી તેમની જીવન (બાળપણ)ની સ્મૃતિકથા ‘વનાંચલ’માં પણ અનુભવાયેલું.

જયન્ત પાઠક ‘વનાંચલ’માં એક કવિની દૃષ્ટિએ નિહાળેલ વતનની સુંદરતાનું નિરૂપણ કરેલું. એમનું વતન ગોઠ ગામ. ગામને ઘસાઈને વહેતી કરડ નદી અને એનો હાથિયો ધરો. નદીને સામે કાંઠે ઉત્તરે આવેલ મોરડિયો ડુંગર. આવી અદ્‌ભૂત પ્રકૃતિને પોળે ઉછરી વતનની આસપાસની ધરાને મનમાં સંઘરીને બેઠેલા જયન્ત પાઠકના માનસ પર એની ઘેરી અસર વર્તાયેલી જે વતનના સંસ્કારો. એ રમણીય વાતાવરણમાં વિતાવેલ બાળપણ કે લટિયાં તલાવડી કે બપોરના સમયમાં આરામ કરતાં ફાલુડી કે ભૂંડ હોય એવી ઝાડીમાંથી ઉદ્‌ભવતી ભયની લાગણી, આ બધું એમના જીવન અને શ્વાસમાં વણાઈ ગયેલું અને ‘વગડાના શ્વાસ’ રૂપે પ્રગટેલું જોવા મળે છે.

પ્રકૃતિ પ્રત્યેના પ્રેમે જ એમને કવિ બનાવેલા. ફરી વતનમાં જતાં ત્યાં જે માણ્યું હતું તેનો અભાવ એમના અંતરને વિષાદથી કોરી ખાય છે અને એ જ વિષાદ એમને સર્જક બનવામાં મદદગાર બને છે. મનુષ્યના કુદરતી પ્રતિભાના આવેગને સભ્યતાની ઝગમગાટે બુઠ્ઠો અને ટાઢોબોળ બનાવી દીધો એનો એમને રંજ રહેવા પામ્યો હતો.

આમ, જયન્ત પાઠક વતનપ્રેમથી સર્જન કરવા અનેક રીતે પ્રેરાયેલા હતા.

**૫.૨.૬ કવન :**

જયન્ત પાઠકને સર્જક તરફ પ્રેરનારા વ્યક્તિઓમાં સૌથી મહત્ત્વના કોઈ વ્યક્તિ હોય તો તે તેમના પાંચમા ધોરણના શિક્ષક પ્રાણશંકર ભટ્ટ. એમના જીવનમાં એમનો પ્રભાવ સવિશેષ રહેવા પામ્યો હતો.

બીજા વ્યક્તિ તરીકે મૂર્તિ સાહેબ હતા. તેઓ જયન્ત પાઠકની અંગ્રેજીના એક સારા વિદ્યાર્થી તરીકે ગણના કરતા. જયન્ત પાઠકને પણ તેમના માટે એટલું જ માન હતું. ટાગોરની 'ગીતાંજલી' કે 'ગોલ્ડન ટ્રેઝરી'થી તેઓ ખાસ્સા પ્રભાવિત થયા હતા. ટાગોરનાં કાવ્યો વાંચતી વેળા તેઓ તેમાં એટલા રત થઈ જતા કે તેમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં. એમને આ બધું સ્પર્શી જતું હતું. છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે એમણે 'ગોલ્ડન ટ્રેઝરી' વેચાતી લીધેલી. તેમાંથી વર્ડ્ઝવર્થ, શેલી, કીટ્સ, બાયરન વગેરેને વાંચ્યા અને મેટ્રિકમાં તેમણે બસો પાનાની લીલા પૂંઠાની નોટ ભરીને અંગ્રેજી કાવ્યો લખ્યાં હતાં.

જયન્ત પાઠક પર ઉશનસ્, ઉમાશંકર જોષી અને સુંદરમ્‌નો સવિશેષ પ્રભાવ હતો. એટલું જ નહિ તેમના સર્જનમાં તેમની કવિતાનો પ્રભાવ પણ નજરે ચડે છે. જયન્ત પાઠકના વિદ્યાર્થી કાળથી જ ઉમાશંકર – સુંદરમ્ કવિતાઓ તેમને માટે આદર્શ રહી હતી. એટલું જ નહિ તેઓ પૂજાલાલ, સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી જેવા કવિઓની કવિતાને નજર સમક્ષ રાખી પોતાની રચનાઓને તપાસતા. ઉશનસ્ જયન્ત પાઠકના મશિયાઈ ભાઈ કરતાં ભાઈબંધ વધુ, એટલે તેઓ જ્યારે પણ ભેગા મળતા ત્યારે દુનિયાની ઔપચારિક ચર્ચા કરવાને બદલે એમની વચ્ચે કાવ્યોની મહેફિલ માણતા. એમની મૈત્રી પરસ્પરની કવિતાના વિવેચન સુધી વિસ્તરેલી હતી.

જયન્ત પાઠક પર સ્વાતંત્ર્ય આંદોલનો અને ગાંધીજીના આદર્શો તથા ગાંધીવાદની વિચારસરણીનો પ્રભાવ હતો, તેમજ બ. ક. ઠાકોરનો પ્રભાવ પણ હતો.

ઈ.સ. ૧૯૯૫ પછી પણ જયન્ત પાઠકે કવિતાની દિશામાં નવતર પ્રયોગો સતત ચાલુ રાખ્યા હતા. આ પ્રયોગોમાં ચીલો પકડીને કંઈક નવું કરી દેખાડવાનો માત્ર ઉત્સાહ કે થનગનાટ નથી, પણ નવી સાધના વડે, નવા વળાંકો અને અભિવ્યક્તિની નવી તરાહો સાધવાની એક સાચા કવિની અભીપ્સા રહી હતી.

જયન્ત પાઠકે આપણા ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. સૌપ્રથમ તો તેઓ કવિ તરીકે આપણી સમક્ષ ઉભરી આવે છે. સર્જકે પોતાનું સાહિત્યક્ષેત્રે આપેલ પ્રદાન નીચે પ્રમાણે છે :

☛ **કાવ્યસંગ્રહો :**

૧. મર્મર .... .... ૧૯૫૪

૨. સંકેત .... .... ૧૯૬૦

૩. વિસ્મય .... .... ૧૯૬૪

૪. સર્ગ .... .... ૧૯૬૯

૫. અન્તરીક્ષ .... ૧૯૭૫

૬. અનુનય .... .... ૧૯૭૮

૭. મૃગયા .... .... ૧૯૮૩

૮. શૂળી ઉપર સેજ .... ૧૯૮૮

૯. બે અક્ષર આનંદના.... ૧૯૯૨

૧૦. દ્રુતવિલંબિત .... ૨૦૦૩

☛ **વિવેચન :**

૧. આધુનિક કવિતા પ્રવાહ (૧૯૬૩)

૨. આલોક (૧૯૬૬)

૩. ટૂંકીવાર્તા : સ્વરૂપ અને સાહિત્ય (૧૯૬૮)

૪. ઝવેરચંદ મેઘાણી : જીવન અને સાહિત્ય (૧૯૬૮)

૫. રામનારાયણ વિ. પાઠક (૧૯૭૦)

૬. કાવ્યલોક (૧૯૭૪)

૭. અર્થાત્ (૧૯૯૭)

૮. ટૂંકીવાતા અને બીજા લેખો (૨૦૦૦)

☞ **સ્મૃતિકથા :**

૧. તેમની એક માત્ર સ્મૃતિકથા 'વનાંચલ' (૧૯૬૭) ગુજરાતી આત્મકથા સાહિત્યમાં એક નવી જ ભાત પાડનારી કૃતિ છે.

☞ **નિબંધ :**

૧. તરુરાગ .... .... ૧૯૮૭

૨. તરુરાગ અને નદીસૂક્ત ૧૯૯૫

૩. મનોમેળ તે મૈત્રી .... ૨૦૦૧

☞ **અનુવાદ – સંપાદન :**

જયન્ત પાઠકે અનુવાદક્ષેત્રે પણ સારું એવું પ્રદાન કર્યું છે. (૧) ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ (૧૯૫૭), (૨) ધીરે વહે છે દાન (૧૯૬૧) જેવી વિશ્વ વિખ્યાત પ્રશિષ્ટ કૃતિઓનો એમણે રમણ પાઠક અને સુરેશ જોષીના સહકારમાં સફળતાથી અનુવાદ કર્યો છે. આ ઉપરાંત સંપાદનક્ષેત્રે જોઈએ તો જયન્ત પાઠકે અનેક પુસ્તકોનું સફળ સંપાદન કર્યું છે. જેમાં 'ઉપાયન' (૧૯૬૨) મુખ્ય સંપાદિત કૃતિ ગણી શકાય.

આમ, જયન્ત પાઠક આપણી સમક્ષ બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિ – સર્જક તરીકે ઊભરી આવે છે.

જયન્ત પાઠકનું દેહાવસાન તા. ૧–૯–૨૦૦૩ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે તેમના નાનપુરા, સુરતના નિવાસસ્થાને થયું. પચાસ વર્ષ સુધી એકનિષ્ઠાપૂર્વક શબ્દ સાધના

કરનાર જયન્ત પાઠકના અવસાનથી આપણી ગુજરાતી ભાષામાંથી આનંદના બે અક્ષર ઓછા થયા છે, પણ ગુજરાતી સાહિત્યમાં જ્યારે જ્યારે પણ સ્મૃતિઓની કે વતનપ્રેમની વાત નીકળશે ત્યારે ત્યારે જયન્ત પાઠકને નિઃશેષપણે યાદ કરવામાં આવશે.

## ૫.૩ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતા :

જયન્ત પાઠકને ગ્રામપ્રદેશની પ્રકૃતિ અને વૃક્ષો પ્રત્યેનું અદમ્ય ખેંચાણ છે. બાળપણમાં એ વૃક્ષો અને પ્રકૃતિના પરિવેશમાં પસાર કરેલા દિવસોને લીધે એ વૃક્ષો સાથે જાણે આત્મીય સંબંધ બંધાઈ જાય છે. બધાં વૃક્ષો એમનાં ભેરુઓ હતાં, વડીલો હતાં, એમ કહો કે સ્વજનો જેવાં હતાં. આ સંદર્ભે જયન્ત પાઠક સ્વયં લખે છે કે, "જેમ જાત જાતના સ્વભાવવાળા માણસ તેમ જાત જાતના સ્વભાવવાળાં વૃક્ષો. કેટલાંક પ્રેમાળ અને સ્વજનો જેવાં. આપણને જોતાં જ હસી, લડીને બોલાવે, સામે ચાલીને તેડી લે તો કેટલાંક વળી મીંઢાંને અતડાં અને કોઈ એમના દમામથી આપણને છેટે રાખનારાં, તો કોઈ વળી સ્વભાવે જ વૈરાગી જેવાં."[૬]

વૃક્ષો સાથે એમને એક રાજપાટ હતું, કહો કે એમને પ્રકૃતિ, વૃક્ષો સાથે નાળ જેવો સંબંધ હતો. પરંતુ આજની પેઢી પાસે આવા વૃક્ષો રહ્યાં નથી. એ ગામડાની જીવન વ્યવસ્થા અને જીવન વ્યવહારમાં વ્યક્તિએ પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વ અને મૈત્રીપૂર્ણ સંબંધ કેળવ્યો છે. પરંતુ નગર સંસ્કૃતિમાં આવતાં પ્રકૃતિ સાથેનો, વૃક્ષો સાથેનો મૈત્રી સંબંધ, નાળ સંબંધ તુટ્યો છે.

જયન્ત પાઠક પણ ઉશનસ્‌ની જેમ જ પ્રણય અને પ્રકૃતિના સૌંદર્યરાગી કવિ છે. વતન પ્રત્યેની પ્રીતિ બન્ને કવિઓનું કેન્દ્રિભૂત સંવેદન છે, તેમ છતાં બન્ને કવિઓની રચનાભિવ્યક્તિમાં ઘણું બધું સામ્ય–વૈષમ્ય રહેલું છે. ઉશનસે જયન્ત પાઠકનો પરિચય આ

રીતે આપ્યો છે : ગોઠ ગામની કરડ ગંગા નામની નાની નદી ઘર પાછળનો વાડો, આજુબાજુના પાવાગઢ પ્રદેશના નાના મોટા ડુંગરા, ઝાડપાન અને આ બધાંની વચ્ચે એમનું શૈશવ વીત્યું છે. આ જમાનો ભારતમાં ગાંધીયુગનો હોવાથી તે વખતની ગાંધીવાદી ભાવનાઓએ પણ એમને ઘડ્યા છે.

વધુમાં, ઉશનસ્ લખે છે કે, "જયન્ત પાઠકની 'વનાંચલ' પૂર્વેની કવિતા ગાંધીયુગમાં હોય તેવી છે અને 'વનાંચલ' પછીની કવિતામાં એમનું Home coming ગૃહાગમન વર્તાય છે."

**૫.૩.૧ ઋતુ વિષયક કાવ્યો :**

ઉનાળો હવે ચિત્રોમાં જોવા મળે છે. સમય અને વાસ્તવજીવનની ભીંસ એટલી બધી છે કે, વતનનો ઉનાળો હવે સ્વપ્નવત્ બની ગયો છે. તેથી જ કવિ 'ઉનાળો ચિત્રોમાં' કાવ્ય લખવા પ્રેરાય છે અને કહે છે :

"ભીંત ભીતરમાં આવતોકને સૂરજ ડોકું કાઢે
નક્કર નળિયાં ખસેડી છપ્પરમાં બાકોરું પાડે !

ગુલમહોરને ને ગરમાળો તે રાતુંપીળું ભાળે
આછો પાછો થયા કરે પડછાયો પગ વચ્ચાળે !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૯૯)

કવિ હવે વતનમાં જઈ શકતા નથી એટલે અતીતની માત્રાએ નીકળવા કલ્પનાનો સહારો લે છે. હવે અતીતમાં જવું એ જ એમના માટે મૃગયા ખેલવા જેવું બની જાય છે. ભીંતરમાં, છપ્પરમાં, બાકોરું, આઘો પાછો થયા કરે, આ બધી ક્રિયાઓ આદિવાસી લોકોની ધાડ પાડવાની ક્રિયા સાથે જોડાયેલી છે. માત્ર કવિ જ નહિ, પ્રકૃતિરૂપ બની ગયેલી

કવિચેતના અને સ્વયં પ્રકૃતિ પણ અહીં આદમખોર બની જતી લાગે છે. તડકો મસ્તીખોર બની જાય છે. કવિ લખે છે :

"જપમાં ઊભાં ઝાડ અને આ તપમાં બેઠા પ્હાડ
ચકલુંયે ના ફરકે, જાણે ધોળે દિવસે ધાડ !
બ્હાર ન નીકળે બાળ, એકલો તડકો ફળિયે રખડે
શરારતી, સૂતાં કૂતરાંના કાને જૈને કરડે !

*** *** ***

ભીંત અઢેલી ઊભા ભોળિયા ખરપીઠે ચઢી બેસે
દોડાવે ચોગરદમ ડફણાટે વણકારણ વાંસે !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૦૦)

અલબત અહીં તડકાની આક્રમક ઉગ્રતાનું જ ચિત્ર છે પણ તડકો સાથે ધાડ, શરારત, ડફણાટે, કરડે જેવી ક્રિયાઓમાં એનું મસ્તીખોર અને શરારતીરૂપ પણ કવિએ બખૂબી ઉપસાવી આપ્યું છે. સજીવારોપણ અલંકારનો કવિએ અહીં છુટા હાથે ઉપયોગ કર્યો છે.

કવિ માત્ર પ્રકૃતિની સુંદર, રમ્ય લીલાનું જ કાવ્યમાં નિરૂપણ કરતા નથી, પ્રકૃતિના અપ્રિય રૂપનું પણ યથાર્થ ચિત્રણ વિવિધ દૃષ્ટાંતો દ્વારા કરે છે. 'ઉનાળાનો દિવસ' કાવ્યમાં ઉનાળાના દિવસો કેવા કંટાળાજનક, ત્રાસદાયક હોય છે, તેનું વિવિધ અલંકારો દ્વારા સુસ્પષ્ટ ચિત્ર ઉપસાવ્યું છે. ઉનાળાના વહેતા લાંબા દિવસો જાણે કોઈ અપ્રિય કવિની નિરસ કૃતિ વાંચતા હોઈએ કે ઊગતા નવોદિત કવિની કથની અંગે અભિપ્રાય આપવાનો હોય કે કમને પરાણે ઘણી ભૂલોવાળું પ્રૂફરીડિંગ કરવાનું હોય, તેવા કંટાળાજનક, ખેદજન્ય સ્થિતિઓ જેવા હોય છે.

"ઉનાળાનો લાંબો દિવસ સરતો મંથરગતિ :
અનિચ્છાએ જેવો બલિ મૂક વધસ્તંભની પ્રતિ;
યથા વા પીધેલો જન લથડતી ચાલથી જતો;
રજા અંતે ધીમો જ્યમ ફરજનો વેગ બનતો."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૩)

અજને ગળીને અજગર પડ્યો હોય, વિયોગી પ્રેમીની નિરસ રતિ ઈચ્છા, અનિચ્છાએ વધસ્તંભ તરફ ગતિ કરતો બલિ, લથડતી ચાલે ચાલતો દારૂડિયો કે લાંબી રજાને અંતે ફરજ પર જતા કર્મચારીની ગતિ જેવા ઉનાળાના લાંબા દિવસો મંથરગતિએ પસાર થાય છે. પરંતુ લગ્નસરાની રસદાયી ઋતુ પણ આ લાંબા દિવસોમાં જ પૂરબહારમાં ખીલે છે ને ?

"ઉનાળાના લાંબા દિવસની ક્ષણો એમ ખસતી,
ભર્યા રસ્તે જેવી લગનવરઘોડા તણી ગતિ."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૪)

માત્ર ઉનાળાના લાંબા દિવસોની મંથર ગતિના વર્ણનમાં પણ કવિ કેવી ચમત્કૃતિ સાધી શકે છે, તેનું આ ઉદાહરણ છે. ઉશનસ્ પણ લખે છે કે, "તેમાંય એમના 'ઉનાળુ' કાવ્યોમાં એમની પ્રતિભાનો એક તાજગીભર્યો રમણીય ઉદ્ગાર પ્રગટ્યો છે."[૭]

'ઉનાળાનો દિવસ' કાવ્યમાં ઉનાળાને ઊંટ, રેતી, કાફલો, ખજૂરી વગેરેના વસ્તુનિષ્ઠ સહસંવેદનો દર્શાવીને ઉનાળાના દિવસની ઉષ્ણતા અભિવ્યંજિત કરી છે. પ્રકૃતિનું સૌમ્ય સ્વરૂપ પ્રગટ કરતાં હૃદયને શાતા આપે એવી શીતળ રાત્રિનો આહ્લાદક અનુભવ કવિ કરાવે છે.

"દિનદહનને અંતે કેવું શશીમુખ અમૃત !
રજની અરબી રાત્રિઓની કથા સમ અદ્‌ભુત."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૩)

રણમાં મંથર ગતિએ વિચરતો ઊંટનો કાફલો, રણપ્રદેશની શુષ્કતા, ઉષ્ણતા, રુદ્રતા વ્યંજિત થાય છે. આ કાવ્યમાં તો રુદ્રરમ્ય બન્ને સ્વરૂપ તાદૃશ થયા છે. પણ કાળઝાળ ઉનાળાનું રાક્ષસી રૂપ કેવું ? તે કવિ 'ઉનાળો' ગીતમાં પ્રત્યક્ષ કરે છે.

"રે આવ્યો કાળ ઉનાળો
અવની અખાડે, અંગે ઉઘાડે, અવધૂત ઝાળજટાળો."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧)

ધ્રુવપંક્તિથી સમગ્ર કાવ્ય ચિત્તાકર્ષક બને છે. ઉનાળાની પરાકાષ્ઠા કવિ આમ અભિવ્યક્ત કરે છે.

"એની આંખો સળગે જાણે
સળગે સ્મશાન ચિતા.
સળગે વનતરુડાળો .... રે આવ્યો.
કોપ વરસતો કાળો
રે આવ્યો કાળ ઉનાળો."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧)

પ્રકૃતિલીલાનાં આવાં કાવ્યો કવિશ્રી જયન્ત પાઠકની મ્હોરતી કવિપ્રતિભાનો અણસાર આપે છે. આ પ્રકારનાં કાવ્યોમાં સંસ્કૃત કાવ્ય પરંપરાનાં પણ દર્શન થાય છે.

જયન્ત પાઠકના ઉનાળા વિશેનાં તો એટલાં બધાં કાવ્યો છે કે તેનો સ્વતંત્ર કાવ્ય–સમુચ્ચય થઈ શકે. 'ગ્રીષ્મ' સૉનેટમાં ગ્રીષ્મઋતુની સવાર, બપોર અને સાંજનું વર્ણન કરી કાવ્યના અંતે પાર્વતીના સ્મિત જેવી રમણીય રાત્રિનું આલેખન કર્યું છે. સૉનેટની પ્રથમ આઠ પંક્તિઓમાં ઉનાળાની ઉષ્ણતા અને માનવજીવન ઉપર એની ઉગ્રતાની અસર વર્ણવી અંતિમ કાવ્યપંક્તિમાં પ્રકૃતિના સૌમ્ય સ્વરૂપને આલેખ્યું છે.

"સોમ્ય બે શિવનાં નેત્રો સમાં પ્રાતર અને નિશા,
મધ્યે મધ્યાહ્નની ત્રીજા હરનેત્રની ઉગ્રતા."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૩)

સવાર–સાંજ, દેવાધિદેવ મહાદેવનાં બે સૌમ્ય નેત્રો અને જ્ઞાનનું તેજ પ્રકાશિત કરતા ત્રીજા નેત્રને મધ્યાહ્ન સાથે સરખાવીને કાવ્યનો સુંદર ઉઘાડ કવિએ કર્યો છે અને કાવ્યના અંતે સૌમ્ય, શીત, આહ્લાદક ગ્રીષ્મની એ રાત્રિ પાર્વતીના મધુર સ્મિત જેવી છે એમ કવિ વર્ણવે છે.

"આકરા તાપને અંતે રાત્રિ શી સૌમ્ય ને શીત,
આકરા તાપને અંતે જાણે પાર્વતીનું સ્મિત !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૩)

પરસ્પર વિરોધી ભાવોના ચિત્રાત્મક વર્ણનોનું નિરૂપણ થયું છે. ઉગ્ર અને સૌમ્ય ભાવોના પરસ્પર વિરોધી આલેખનમાં કવિની કવિત્વશક્તિ ખીલી ઊઠી છે.

'રેવા–તટે મધ્યાહ્ન સંધ્યા' નિતાંત પ્રકૃતિ સૌંદર્યનું આલેખન કરતું સૉનેટ છે. નદી, પંખી, ગોવાળિયા, કૂતરા, ભેખડો, તિમિરની જાળ પાથરતી સંધ્યા, પવન, જલતરંગ વગેરેનાં વર્તન–વ્યવહાર સાથે જનસમૂહનું પણ કવિએ અનોખું ચિત્રણ કર્યું છે.

"નજીક ઘરમાંથી બેડું લઈ ગ્રામસ્ત્રી સંચરે,
વહેણ મહીંથી ઘટે સૂરજદીધું સોનું ભરે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૭)

'રેવા તટે પુરાણા શિવાલયમાં' ખંડિત મંદિરમાં અપૂજ શિવલિંગનું વર્ણન પ્રથમ છ પંક્તિઓમાં કરીને પછીની છ પંક્તિમાં, મહાયાત્રીઓની ભીડથી ગાજતાં શિવાલયની કલ્પના કવિ કરે છે અને અતીત–વર્તમાન સમયની વાસ્તવિક્તાનું નિરૂપણ કરે છે.

"તટસ્થ નીરખું ધજા, ફરકતી બીજાં મંદિરે;
તટસ્થ પ્રભુ કાલનેય નીરખી રહું અંતરે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૮)

આવાં પ્રકૃતિ વિષયનું વૈવિધ્યસભર રીતિથી આલેખન કરતાં કાવ્યોમાં જયન્ત પાઠકના પરસ્પર વિરોધ ઉપસાવવાના, ચિત્રાંકનો રચવાના અને અલંકાર વૈભવથી કાવ્યને કલાઘાટ આપવાના કવિ–કૌશલના દર્શન થાય છે. અહીં વગડાનો શ્વાસ અનુભવાય છે. જેથી પ્રકૃતિકાવ્ય વધુ હૃદયસ્પર્શી બન્યાં છે.

કવિ જયન્ત પાઠક પણ સંવેદનમાં પરંપરા સાથે અનુસંધાન સાધે છે, પણ અભિવ્યક્તિમાં આધુનિક્તાનું વલણ જોવા મળે છે. અનુગાંધીયુગીન કવિતાનું પ્રમુખ લક્ષણ કવિતામાં છંદનું વળગણ નથી પણ અછાંદસ કવિતા વિશેષ રચવા લાગે છે. જયન્ત પાઠકનું 'ક્યાં છે' કાવ્ય પણ અછાંદસ છે.

"જાંબુડાના ઝાડ ઉપર લટકતો
લીલો લીલો મારો સૂરજ ક્યાં છે ?"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૩૩)

સૂરજના સોનેરી રંગને સ્થાને લીલા રંગને પ્રયોજીને કવિએ પોતાની સદા જીવંત વતનપ્રીતિને વ્યક્ત કરી છે. વતનની સ્મૃતિ હજી પણ એટલી જ તાજી છે, એમ કવિ કહે છે. હરિયાળી ધરતી પર છવાઈ ગયેલ સૂરજના સોનેરી કિરણો હરિતવર્ણા બની જાય છે અને ચોતરફ સર્જાતો પ્રકાશ જાણે સૂરજના રંગને પણ બદલી નાંખે છે.

"ક્યાં છે મારા ખેતરખૂણાના કૂવામાં
કબૂતરાંની પાંખો ઉપર સૂતેલો
ભોળો ભોળો અંધકાર ?"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૩૩)

કાવ્યના બીજા ખંડમાં સૂતેલા અંધકારના નિરૂપણ દ્વારા અચેતનને ચેતનવંતુ કલ્પ્યું છે. એ અંધકારને કવિએ શાંતિના પ્રતીકરૂપ કબૂતરની પાંખ ઉપર સૂતેલો કલ્પ્યો છે. એના કારણે અંધકારની ભયાનક્તા ઓગળી જાય છે. કવિ ચિત્તમાં પડેલા પ્રકૃતિનો શાંત–સૌમ્ય રૂપનો પરિચય મળે છે.

"પ્રભાતપંખીનાં પગલાંની લિપિમાં
આળખેલો
ડુંગર ફરતો, ચકરાતો એ ચીલો ક્યાં છે ?"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૩૩)

કવિએ ડુંગર ફરતો, ચકરાતો ચીલો જે માનવલિપિ દ્વારા રચાય છે. પરંતુ પ્રભાતના આગમન સાથે જ મુક્ત વિહારી, કલરવ કરતાં પંખીનાં ટોળાં ફરતાં ચકરાવો લેતાં હોય છે તે દૃશ્ય કવિને મન પંખીઓથી રચાતી કેડી છે.

કઠોર વાસ્તવિક્તાથી ભર્યા જીવનમાં પણ નદીના પ્રવાહની જેમ વહેતા સમણા આનંદનો અનુભવ કરાવે છે. તો આ નદી પથ્થરોની વચ્ચેથી નીકળતી હોવા છતાં પણ આસપાસનાને સદા પોષતી રહે છે. કવિએ નદીને અજ્ઞાતમનના સમણા સાથે સરખાવી છે.

"તરંગની આંગળીઓ વચ્ચે
પવન રમાડતી
પેલી મારી તલાવડી ક્યાં છે ?"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૩૩)

શૈશવમાં કવિના માનસમાં રમતી વનપરી તલાવડીનું કલ્પન બનીને આવે છે. વનપરીની નાજુક્તાને તલાવડીની નાજુક્તા સાથે મૂકીને ઊડતી વનપરીનું રૂપ આપ્યું છે. આંગળીઓરૂપી તરંગો વડે પવનને રમાડતી તલાવડી ક્યાં છે ?

આ કાવ્યમાં કવિએ વતન અને પ્રકૃતિ પ્રત્યેનું તીવ્ર આકર્ષણ વ્યક્ત કરેલ છે. વતનપ્રેમના આ કાવ્યમાં પ્રકૃતિપ્રેમ જોવા મળે છે. વતનપ્રેમથી રંગાયેલ કવિહૃદય કાવ્યાંતે પ્રકૃતિ તરફથી ગામ, ઘર–ઘરનાં સ્વજનો પાસે પહોંચી જાય છે. કવિ હૃદયમાં પ્રશ્ન થાય છે કે ....

"ક્યાં છે મારું ટેકરીઓનું ગામ,
ગામનું ઘર, ઘરની કોઢ, કોઢમાં
અંધારાની કાળી ગાયને દોહ્તી મારી બા ?
ક્યાં છે ...."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૩૪)

કવિહૃદય વતનપ્રીતિ સાથે માતૃપ્રેમ પણ સતત ઝંખે છે. બાળપણમાં નિહાળેલ માતાના અનેકવિધ રૂપમાંથી ગાયને દોતી બાની છબી કવિના હૃદયમાં વસી ગઈ છે. બાનુ

સાન્નિધ્ય પણ તેમના ભાગ્યમાંથી છિનવાઈ ગયું છે. આ બધું જ તેમને માટે આજે એક સમણું છે, જેને કવિ સતત ઝંખે છે. કાવ્યમાં વતન–પ્રકૃતિ, સ્વજનો માટેની તીવ્ર આરતને વાચા આપેલ છે. જેના શ્વાસે શ્વાસમાં વગડો વસે છે તે કવિના સર્જનમાં કોઈને કોઈ રૂપે અનુભવાય છે.

'રણ' જયન્ત પાઠકનું એક વિશિષ્ટ પ્રકૃતિકાવ્ય છે. કવિએ એમાં વિવિધ કલ્પન પ્રતીક દ્વારા કુદરતી પ્રકૃતિનું અને માનવપ્રકૃતિનું સંયોજન કરી રણના પરિવેશનું ચિત્રાત્મક રીતે નિરૂપણ કર્યું છે. પ્રકૃતિના આલેખન દ્વારા એમાં માનવજીવનની ગતિવિધિનો તેમ જ વૃત્તિ–પ્રવૃત્તિને અને એના રહસ્યોને ઉકેલવાનો પણ પ્રયત્ન કર્યો છે. કાવ્યનો પ્રારંભ ધોમધખતા બપોરે પણ વચ્ચે પસાર થતા ઊંટોના કાફલાની ગતિનું સ્થિતિ વગરનું પ્રવૃત્તિનું ગતિમય ચિત્ર અપાયું છે.

"સૂર્યપાંખથી ખરખર રેત ખરે
ઊંચી ડોકે ઊંટ આભનો
તડકો ચરે."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૫૮)

પવનની આંધીને લીધે ઊંચે ઉડતી અને સૂર્યતાપથી ચમકતી સૂર્યપાંખમાં જાણે ખરતી હોય એવું પ્રથમ દૃશ્ય રચાય છે. રણમાં ઊંચી ડોકે ખુલ્લું મોં રાખી, હાંફતા હાંફતા ચાલતું ઊંટ આકાશરૂપી ખેતરમાં તડકારૂપી ઘાસ ચરી રહ્યું છે.

"પગલાંમાં પડછાયા તફડે
પેટભરેલું પાણી ખખડે."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૫૮)

મધ્યાહ્નના સમયે રણની રેતીમાં હાંફતું–વાગોળતું ઊંટ પોતાની પીઠ પર પ્રખરતાનો ભાર લાદીને આગળ વધી રહ્યું છે ત્યારે તેના ધીમા પગલાંમાં પડછાયો સંકોચાઈને સંતાઈને રહેવા તરફડે છે, તો બીજી બાજુ નિર્જળ પ્રદેશમાં, ઊંટના પેટમાં ખખડતા પાણીના અવાજ માત્રથી ઊંટ આંખો અને અંતર તીવ્ર તરસ ઝંખનાની સ્થિતિ અનુભવે છે.

કવિ અહીં બળી ગયેલા બરડ કાગળની કાળાશના પ્રતીક  દ્વારા માનવીની ચિરંતર વેદનાને વાચા આપે છે. રણનું આગ ઝરતું આકાશ આંખ અને અંતરને દઝાડવા છતાં રણનો પ્યાસી પથિક તો કાલ્પનિક સુખદ અનુભવ વાગોળતો આગળ વધે છે ત્યારે એને દૂર દૂરના રણદ્વીપોમાં લીલાંછમ 'મૃગજળ' દેખાય છે. 'મૃગજળ' તરસને ઠારતું નથી. આંખોએ જે જોયું હતું તે જળ નહિ પણ મૃગજળ છે.

"ઊંચી નીચી ઊંટગતિનાં મોજાં ઉપર મોજાં
ઊછળે
ઢળે."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૫૮)

રણમાં ચાલતા ઊંટકાફલાનું આવું દૃશ્ય ગતિમય શબ્દચિત્ર આપી કવિને અભિપ્રેત હશે કે માનવીના માર્ગમાં રણની રેતીના ઢગ ખડકાયા છે. સાગરનાં મોજાં નિરંતર 'ઊછળે–ઢળે ઊછળે–ઢળે' તેવી માનવજીવનની ગતિ–સ્થિતિ છે. અલબત્ત આવી અંતરાયની સ્થિતિ હોવા છતાં માનવી મંઝિલે પહોંચવા ઝંખના અને શ્રદ્ધા સાથે હરણની મરણ સુધીની રણસફર ખેડ્યા જ કરે છે.

હરીન્દ્ર દવે લખે છે કે, "રણ એટલે ભૂસ્તરવિજ્ઞાનમાં રેતીનાં મેદાન તરીકે ઓળખાતો પ્રદેશ જ નથી. રણ એટલે કોઈની સૂકી આંખો પણ હોઈ શકે, કોઈનું શૂન્ય હૃદય પણ હોઈ શકે, કોઈનું વેરાન જીવન પણ હોઈ શકે."[૮]

સુરેશ દલાલ 'રણ' ને 'તરસ' સાથે સાંકળતાં લખે છે કે, "રણની સાથે સંકળાયેલાં તત્ત્વો એટલે કે રેતી, લ્હાય, ઊંટ, મૃગજળ, તરસ, હરણ આ બધું કાવ્યમાં કોઈ જુદી જ ભૂમિકાથી મરણની વાતને રણના સંદર્ભમાં આગવું પરિણામ આપે છે. રણનું આ મૃગજળ તરસને ઠારતું નથી, તરસને મારતું નથી, પણ તરસને તીવ્ર બનાવે છે."[૯]

રણને હતાશાની લાગણીનું પ્રતીક લેખતાં મધુ કોઠારીનું દૃષ્ટિબિંદુ આવું છે : "રણના વિસ્તાર જેવડી હતાશા આપણા ચિત્તપ્રદેશ પર પથરાયેલી પડી હોય છે. માનવીને પોતાને મનગમતું લક્ષ્ય પ્રાપ્ત કરવું તે પ્રતિ તેનો અભિગમ છે. આથી કવિ લક્ષ્ય તરીકે હરણ મૂકે છે. પણ એ લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે ખરું ? એમાં સંશય વરતાય છે. હરણસુખની, આનંદ–ઝંખનાની લાગણી અને ગતિ સૂચવે છે, છતાં રણપ્રદેશ સાથે સંબંધ ધરાવતા રેતીના બદામ રંગમાં તો મરણનો અનિચ્છનીય સ્વાદ પ્રસરેલો છે. આમ, આજના માનવીની 'લાઈફ સ્પેસ' રણ જેવી છે. જેમાં અનેક અંતરાયો પણ છે."[૧૦]

કાવ્યમાં આરંભથી અંત સુધી ગતિનું સાતત્ય સાદશ્ય થાય છે; સૂર્યપાંખથી ખરતી રેતીની ગતિ, તડકાની ગતિ, ઊંટની મુખ–ડોકગતિ, ઊંટ પગલાંમાં સંતાતા પડછાયાના તરફડાટની ગતિ, શેકાઈને બરડ થતા કાગળની સંકોચાતી ગતિ, મૃગજળની ગતિ, ઊંટની ઊંચી–નીચી ચાલગતિ, ખખડવાની અવાજગતિ. આમ આવી વિવિધ ગતિના લયો એકલય કે એકતાર બનતાં માનવીના જીવનમરણમાં શમન પામે છે.

કાવ્યમાં કવિએ વિવિધ કલ્પન–પ્રતીક, ઈન્દ્રિયગમ્ય પાસાનું પ્રાસભરી શબ્દ પદાવલિ વગેરે દ્વારા રણની ભયાનક્તા સાક્ષાત કરી છે. એ સાથે પ્રકૃતિના રુદ્ર – રુક્ષ – શુષ્ક પ્રકૃતિનિરૂપણ દ્વારા 'હરણ' થી 'મરણ' સુધીની માનવીની 'રણસફર' પણ રજૂ કરી છે. સુરેશ દલાલે આ સંદર્ભે ઉચિત નોંધ્યું છે કે, "નવી કવિતાનું સંપાદન જો કોઈ કરે તો આ

કાવ્ય વિના એ અધુરું ગણાય એટલું બધું સામર્થ્ય એમાં છે. વગડા વિશેના અનેક પ્રકૃતિ–કાવ્યોમાં જયંત પાઠકની પ્રકૃતિ અને સંસ્કૃતિની કવિતા નથી અને નોખી ભાત પાડે છે."[૧૧]

'ઉનાળાનો દિવસ' આ શેક્સપિરિયન પદ્ધતિનું સૉનેટ કવિના ભાષાકર્મની વિવિધ છટાઓ સુપેરે પ્રગટ કરે છે. આ કાવ્યમાં ગરમીની તીવ્રતાને ઈન્દ્રિયગ્રાહ્ય કરી આપવાનો કવિનો સન્નિષ્ઠ ઉપક્રમ રહ્યો છે. 'ગરમી વધુ છે' એવું વિધાન કરવા કરતાં કવિએ ગરમી, પ્રકૃતિ અને જગત ઉપર કેવી અસરો જન્માવે છે તેના આલેખનમાં વિશેષ રુચિ અને સભાનતા દાખવ્યાં છે. કવિતાના આકારની બાબતમાં આ કવિનું ચુસ્ત વલણ નિશ્ચિત આકારને ઘડવામાં રહેલું છે. કવિતાએ શબ્દવૈભવને પ્રગટ કરવાનું સાધન કે પ્રદર્શન નથી, એવું કવિ દૃઢપણે માને છે. તેથી કાવ્યમાં શબ્દોને ચાળીને, તોલી તોલીને પ્રયોજેલા જણાય છે.

"દિવસ વહતો ઉનાળાનો ધીમેપદ નીરવ
રણ મહીં યથા ધીમી ચાલે જતા ઊંટ–કાફલા;
ચહુદિશ રહ્યો રેતી કેરો લૂખો પટ વિસ્તૃત,
પશુગણની છાયામાં ટૂંકી મૂકે પથિકો ડગ."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૨)

દિવસ 'પસાર' થાય છે એમ નહિ પણ દિવસ 'વહેતો' એમ કહીને કવિ સમયને સૂક્ષ્મતાથી સરી જતો કહે છે. વળી સમયનું વહી જવું પણ કેવું શાંત છે ! ઉનાળાનો દિવસ ધીમે પગલે અવાજ કર્યા વિના વહી જાય છે. કવિએ 'નિરવ' શબ્દ સહેતુક પ્રયોજ્યો છે. ઉનાળાની તીવ્ર ગરમીનો અહેસાસ જેટલો રણમાં થાય તેટલો અન્યત્ર થતો નથી. કવિ થોડા શબ્દોમાં અસરકારક ચિત્ર દોરી શકે છે. બીજી જ પંક્તિમાં રણમાં ધીમી ધીમી ચાલે ચાલી જતા ઊંટોના કાફલાના વર્ણન દ્વારા ઉનાળાના બળબળતા બપોરને ઈન્દ્રિયગમ્ય બનાવે છે.

વટેમાર્ગુઓ પણ ગરમીથી એટલા ત્રાસી ગયા છે કે તેઓ પશુગણની છાયામાં ટૂંકા ડગલાં ભરતા યાત્રા કરી રહ્યા છે. અહીં માનવીની બચી બચીને રસ્તો કાઢવાની વૃત્તિ, સલામતીની ભાવના વ્યક્ત થાય છે.

"વરસતી લૂમાં ચાલે ઊંટો સ્થિર, ક્ષિતિજે દગ
મૃગજલ તણું દૃષ્ટિ સામે તરંગ સરોવર
ઝૂકી તરુ રહ્યાં જેને કાંઠે છળંત મુસાફિર
જહીં દગ રહ્યા રોધી રેતી તણા ઢગ એકલા."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૨)

ઉનાળામાં વરસતી લૂ એની હૂબહૂ પ્રતીતિ કરાવે છે. ઉનાળાની બીજી પ્રતીતિ મૃગજળ દ્વારા તાદૃશ થાય છે. મૃગજળની ભ્રાંતિને કારણે થોડેક દૂર જળના સરોવરનો ખોટો અહેસાસ થાય છે. મૃગજળની ભ્રાંતિને લીધે મુસાફરો કેવા છેતરાય છે તે કવિ લાઘવ દ્વારા અસરકારક શબ્દોમાં રજૂ કરે છે. રણદ્વીપ અને ખજૂરીનાં વૃક્ષો થોડી શાતા આપી શકે છે તે આશ્વાસક પરિબળ કહી શકાય. રણદ્વીપમાં મુસાફરોને શીતલ જલ અને શાંતિ મળે છે. ઉનાળાના ચિત્ર સાથે અરબી રાત્રિઓની અદ્‌ભુત કથાઓનું અનુસંધાન ન થાય તો આશ્ચર્ય લાગે. કવિએ ચિત્રાંકનશક્તિ દ્વારા ઉનાળાને તાદૃશ કર્યો છે.

'વસંત' કાવ્યમાં વસંતઋતુની સૌંદર્યલીલાનું ચિત્રાત્મક વર્ણન કર્યું છે. વસંતમાં વિલસતા નાયક–નાયિકાના સ્વૈરવિહારનો સસંદર્ભ સૉનેટને વધુ આસ્વાદ્ય બનાવે છે. વસંતરાણીનું સામ્રાજ્ય કેવું વન અને જનમાં છવાયું છે તેનું વર્ણન છે.

"વાયા વસંત પવનો જનમાં"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૨)

અહીં પ્રેમીયુગલની સુખદ અનંગલીલામાં ભવિષ્યની ચિંતાનું નિરાકરણ કવિ અંતિમ પંક્તિમાં કરે છે.

"વીતી શિશિર, પણ આગળ છે ઉનાળો
તો ચાલ, બાંધી લઈએ પ્રિય એક માળો."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૨)

ગ્રીષ્મ ઋતુઓ વિશેના કાવ્યગુચ્છ આસ્વાદતાં જ કવિની નિસર્ગ સૌંદર્યદૃષ્ટિ અને ચિત્રાત્મક વર્ણનશક્તિનો પરિચય સાંપડ્યો છે. અહીં પણ ઋતુવર્ણનો ચિત્તાકર્ષક બને છે. સુરેશ દલાલ યોગ્ય જ નોંધ લે છે કે, "જયન્ત પાઠકે ચીલાચાલુ ઋતુ ગીતો લખ્યાં એમ નહિ, .... જયન્ત પાઠકની કવિતાને પ્રકૃતિ સાથે એટલો ઘનિષ્ઠ નાતો છે કે કવિતા પ્રકૃતિના સાંનિધ્યમાં સક્રિય થઈને મોરી ઊઠે છે."[૧૨]

ચાંદનીમાં મહાનગરના વાંકાચૂકાં મકાનોના છાંગડાઓનો સંદર્ભ આપી આકાશ–ધરતીનું ચાંદનીનું અનુપમ સૌંદર્ય વર્ણન કર્યું છે, તો 'શરદ' કાવ્યમાં આકાશ–પૃથ્વીનું નિર્ભ્રાંત સૌંદર્ય કેવું ખીલી ઊઠે છે અને તેની પ્રગાઢ અસરે અન્ય પ્રકૃતિ તત્ત્વો – પવન, પાણી, સીમ, ખેતર, ફૂલ, પંખી વગેરે પણ કેવાં સૌંદર્યશાળી બન્યાં છે, તેમાં આકાશ અને ધરતીના રાસની મનહર કલ્પના હૃદયસ્પર્શી બને છે.

"આકાશ ને ધરતી તણો કેવો ચગ્યો છે રાસ !
વિશ્વકવિતાની પ્રકટ બે પંક્તિઓનો
શો સુભગ રે પ્રાસ !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૭૫)

'વર્ષાગમન–૧ અને ૨' કાવ્યમાં પરસ્પર વિરોધી સ્થિતિમાં વર્ષાના આગમનને કવિ પ્રત્યક્ષ કરી આપે છે. 'વર્ષાગમન–૧'માં વરસાદ આવતાં અગાશીમાં સૂકવવા મૂકેલ

ગોદડાં, જાજરૂનાં ખાસ જૂનાં જોડા, કપડાં, રખડતાં રમકડાં, કોલસાની ડોલ, સાવરણી બધુંય ઝટપટ લઈ લેવાનું સૂચવી અંતે ....

"હાશ હવે ભલે
થાય પ્રલે !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૭૭)

વર્ષાગમનને આવકારતો માનવી સ્થૂળ ચીજવસ્તુઓને બચાવવા કેવો દોડી જાય છે, તેનું સ્થૂળ વર્ણન કર્યું છે. તેની સાથે પોતે સુરક્ષિત થયા પછી ભલેને પ્રલય થાય તેવું આલેખી કવિ માનવસ્વભાવને નિર્દેશે છે. તો બીજા ખંડમાં આ જ માનવીનું બીજું સ્વરૂપ ! વાદળાં આકાશમાં ઘેરાવા લાગ્યાં, વરસાદ ટપ ટપ ટપકવા લાગ્યો એટલે અગાશીમાં જઈ તેના સૌંદર્યને, તેની ઠંડકને અનુભવવા ....

"રહી ન જવાય જો જો ક્યાંય આજ કોરાં !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૭૭)

એમ કહીને માનવી અગાશીમાં દોડતો પહોંચે છે. એક બાજુ પોતાની ફેંકી દેવા જેવી સ્થૂળ ચીજવસ્તુઓને વરસાદના પાણીથી બચાવી, માનવી તેને વર્ષાથી આરક્ષિત કરે છે, બીજી બાજુ પોતે આહ્‌લાદક વર્ષાને માણે છે ! કેવી પરસ્પર વિરોધી વૃત્તિ.

ટપકતા વરસાદમાં ભીંજાઈને 'હાશ, હવે ભલે, થાય પ્રલે !' કહેતા માનવીની સૌંદર્યપીપાસા કવિએ સ્ફૂટ કરી છે.

શરદઋતુનો પ્રકૃતિવૈભવ અને એની માનવજીવન પર થતી પ્રબળ અસર અભિવ્યંજિત થઈ છે. ઉપરાંત શરદઋતુ સાથે જોડાયેલા રાધાવલ્લભ શ્રીકૃષ્ણ તથા એ સાથે સંકળાયેલા વ્રતો, ઉત્સવો, દેવપૂજા વગેરેના સસંદર્ભો દર્શાવીને શરદના રમણીય પ્રકૃતિ

સૌંદર્યનું સુંદર વર્ણન કર્યું છે. જેમાં રમ્ય રજની, મંદ મંદ વહેતો પવન, સ્વચ્છ નીતર્યા નદી, તળાવ, સરોવરો, પુષ્પો, પર્ણ, વન, ખેતર, નગર વગેરેનું ચિત્રાત્મક આલેખન થયું છે.

"શુભ્ર શરદની રાતે,
મનની નિર્જન મ્હોલાતે,
વહી આવે તવ સ્મૃતિની સુરભિ વ્યાકુલ વનના વાતે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧)

કવિની આત્મલક્ષી ભાવાભિવ્યક્તિ, સર્વાનુભૂતિ બની પ્રગટે છે.

"સૃષ્ટિ જાગી રહી સારી
કો અણદીઠના અણસારે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧)

તો શરદોત્સવમાં રાસલીલાનો સસંદર્ભ હૃદયંગમ બની રહે છે.

"રમણી નમણી ઠેકે, પડે રાસની તાલીઓ,
ઢોળાતી રસની તાજી ભરી યૌવન પ્યાલીઓ.

સ્થળ સૌ જમનાતીર બન્યાં ને નરનારીઓ,
વ્યગ્ર સૌ ગોપગોપી શાં, ચંદ્ર પૂનમનો ચઢ્યો.

નીલા આકાશમાં સોહે બિંબ શું મનભાવન,
ઢળેલું કૃષ્ણના સ્કંધે જાણે રાધાનું આનન !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૪)

ચંદ્ર અને માનવીનું તાદાત્મ્ય યુગોથી સધાયેલું છે, જે એમનાં પ્રકૃતિકાવ્યોમાં કોઈને કોઈ રીતે અભિવ્યક્ત થાય છે.

**૫.૩.૨ વૃક્ષ વિશેનાં કાવ્યો :**

'ડાંગમાં' કાવ્યમાં કવિને પવન ઉપડ્યું વાંસનું ગીત સાંભળીને કાલિદાસના કાવ્યની યાદ આવે છે.

"સાથ ઝૂલે સાગસીસમ ડાળીઓ :
આર્યઆદિમલોક – નર્તન – તાળીઓ.

આ ઝરણતટ થાક ખાતું દંપતી :
વનવાસી જાણે રામ ને સીતા સતી."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૦૬)

સાગસીસમની ડાળીઓમાં આર્યઆદિમલોકની નર્તન તાળીઓ, દંપતી જોઈને રામ–સીતાનું ફળ તોડતી શ્યામ કન્યામાં શબરી જ વન્યા, તાપણાં જોઈને યજ્ઞકર્મ કરતા ઋષિવર્યોની કલ્પના કરવાનું મન થાય છે. આ સ્મૃતિઓ તેમને નજીકના અતીતમાં દૂરના ભવિષ્યમાં કે પછી પ્રાચીનતામાં પણ લઈ જાય છે.

'ચાંદ' કાવ્ય ચોપાઈની ઢબમાં લખાયું છે.

"જંગલ માથે ઊગ્યો ચાંદ
નભ તરુનું રૂપાળું પાંદ;
ઝાડીમાંથી કાઢે ડોક
વાઘઆંખમાં થૈ આલોક;
ઝૂલતી ડાળે વળે વળાંક
સૂંઢમૂળમાં હાથીદાંત;

ફૂલ જઈને ઝૂલ્યા કરે
ચાંદરણાંરજ હેઠે ગરે;"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૫૩)

એમાં 'નભ તરુનું રૂપાળું પાંદ' જેવું કલ્પન ધ્યાન ખેંચે છે. અહીં રાત વેળાના જંગલનાં દૃશ્યોમાં કવિએ ચાંદ, ઝાડી, વાઘની આંખ, ટેકરીઓ, તલાવડી, રાજહંસ, સસલું જેવા જંગલ સાથે સંકળાયેલા અધ્યાસોને વણી લઈને શહેરમાં બેઠા બેઠા આરણ્યક પરિવેશનો અનુભવ કરાવ્યો છે.

'વસંતવનમાં' કાવ્યમાં તડકો, તાડી, પલાશ, મધુપાન, માળો, તલાવડી, તરુઓ અને આ રીતે જાજરમાન જંગલનું ગાન ગાવાની ઝંખના વ્યક્ત કરી છે.

"સોળ કર્યા શણગાર
રંગરંગનાં પ્હેરી પટકૂળ તંગ
તલાવડીમાં ઝૂકી જોતાં
તરુઓ તાજા અંગ;
અંગભંગમાં ઊઘડે આખું
જંગલ જાજરમાન !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૬૦)

'ડાંગમાં પૂર્ણાકાંઠે બપોર' જેવા સૉનેટમાં કવિએ વનાંચલને ખોળે, એના અનુપમ સૌંદર્યથી અભિભૂત થઈને પ્રકૃતિ સાથે આત્મીયતા માત્ર નહિ, પણ અદ્વૈતભાવ અનુભવે છે.

"હું જાણે આખ્ખોયે બહિર–ભીતરે આદિજન છું,
પહાડો છું, પંખી, તરુ નદ–નદી–ડાંગવન છું !"

(દ્રુતવિલંબિત, પૃ. ૮૪)

પોતાના વતનના વનાંચલે જ પહોંચી ગયાની સંવેદનાની પરાકાષ્ટાએ કવિ અહીં પોતે જ ડાંગવન બની ગયાની અનુભૂતિથી તરબોળ થઈ ગયા છે. ડાંગના વાંસવનમાં, ઘૂમતા કવિ, પૃથ્વી અને ગગનની રાસક્રીડામાં એટલા બધા તદાકાર થઈ જાય છે કે, સૉનેટની ટોચની પંક્તિમાં ગૂંજી ઊઠે છે :

"આખ્ખુંયે આ વન પછી લીલી વાંચળી એકમાત્ર
ને પૃથ્વી ને ગગન ઝૂમતાં રાસમાં એક ગાત્ર."
(દ્રુતવિલંબિત, પૃ. ૮૫)

આખ્ખું વન એમને લીલી વાંસળી બની ગયેલું લાગે છે, ને આકાશ–પૃથ્વીની રાસક્રીડામાં એકાકાર થઈ ગયાની અનુભૂતિ જાગ છે. શામળો, રૂપવાન આદિવાસી યુવાન વાંસળી વગાડે છે, ને એના સૂરમાં લીન થયેલી આદિવાસી કન્યામાં કવિને ગોપી–કહાનનું દર્શન થાય છે.

જયન્ત પાઠકનો વન્ય જીવ વગડાના શ્વાસને ઝંખે છે, એ ઝંખનાની કવિતા છે. વળી એ વિશ્વથી વિખૂટા પડવાની વ્યથા અને સતત અગન ઝુરાપાની વેદના આ કાવ્યોમાં 'રૂપાળાં ફૂલ' બની અવતરે છે. કવિ પોતે પણ પોતાના અનોખા હૃદયની વાત 'પરિવર્તન' કાવ્યમાં કરે છે.

અઘોર અરણ્યો, સીધા આકાશ ભણી ચઢતા પહાડો, પાતાળે પહોંચતી ખીણો, કાંઠો જેનો નથી બંધાયો તેવી કુંવારી નદીઓ, નામ વગરનાં રંગીન ફૂલો, આ પૃથ્વી પરના પ્રથમ વતની જેવા વગડાઉ પ્રાણીઓ આ સર્વની સાથે કવિની એકરૂપતા અનોખી છે, તેથી કહે છે :

"એકદા હું આ બધામાં વસતો હતો
હવે તેઓ મારામાં આવી વસે છે

– કહે છે કે ભૂંખડો ખસે છે !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૬૬)

આમ, એક સાથે પ્રકૃતિ અને સંસ્કૃતિનું જીવન જીવતા મહાનગરમાં રહેનારા કવિને વેદના તો થવાની જ !

'મારી આસપાસ' કાવ્યમાં કવિને આ ઉત્કટ મહેચ્છાને સાથે જ જીવવું પડે છે મહાનગરમાં. એટલે એક બાજુ નગરજીવન, બંગલો, કંપાઉન્ડ, તેની દીવાલો, મેંદીની વાડ વગેરેના સંદર્ભો મહાનગરની સંસ્કૃતિમાં પ્રકૃતિ કેવી રીતે જીવી શકે ? તેનું આલેખન કરીને કવિ પોતાની પ્રકૃતિ સાથે તદાકાર થઈ જવાની મૂળભૂત ઈચ્છાના સ્તરને પ્રમાણે છે. કાવ્યના અંતે કવિ વાસ્તવિક સ્થિતિનો ચિતાર આપી વિરોધ સર્જે છે. મહાનગરના સુસંસ્કૃત વાતાવરણમાં રહેતા કવિને વન્ય પ્રકૃતિ તથા વતનનું અદમ્ય આકર્ષણ છે, પણ વાસ્તવિક્તા કેવી છે ?

"હું અને વગડો
હવે ક્યારેક ક્યાંક
સામસામા મળી જઈએ છીએ ત્યારે
ચિરપરિચિતોની જેમ ભેટી પડીએ છીએ,
અપરિચિતોની જેમ અતડા રહીએ છીએ
આપણી વાસનાઓનાય કેટકેટલા સ્તર હોય છે !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૬૧)

વન–વગડાના આ કવિને તો પોતાની આસપાસ અડાબીડ જંગલ ઊગી જાય તો ગમે, કે 'હરતો ફરતો હું વૃક્ષ થઈને વાડામાં ખોડાઈ જાઉં તો મને ગમે' તો બીજી બાજુ કોઈ

છોડ બારીમાં ડૂકે, તો તેની અણગમતી ડાળીને કાપી નાખ્યા વિનાય કેમ રહેવાય ? સુસંસ્કૃત છીએ ને ? તેમ, ઊંચા ઊંચા ઘાસમાં પણ અટવાય તે મહાનગરના આ કવિને ન ગમે !

આમ, પ્રકૃતિ અને સંસ્કૃતિનો તીવ્ર સંઘર્ષ અનુભવતા કવિની ઈચ્છાઓ પણ પરસ્પર વિરોધી છે. કવિએ નગર અને ગ્રામજીવન વચ્ચેના દ્વિધાભાવની પોતાની મનોવ્યથા મનોમંથન વ્યંજિત કર્યું છે.

'વેદના' કાવ્યમાં કવિચિત્તનો પ્રકૃતિ–સંસ્કૃતિનો સંઘર્ષ વેદના બનીને અભિવ્યક્ત થયો છે. કવિએ વર્ણન કર્યું છે. કવિનું મનોમંથન અનુભવતું ભોળું ચિત્ત ! કવિ તાદશ કરે છે.

"પાંખો કપાઈ ગઈને
એકબીજાથી આઘા પડી ગયેલા
આ પહાડો
હવે મળી શકતા નથી;
ભીતરમાં ખળભળતી વાતો
થીજી ગઈ છે પથ્થરિયા મૌનમાં."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૬૮)

આ પહાડોની જ્યારથી પાંખો કપાઈ ગઈ છે ત્યારથી તેઓ એકબીજાને મળી શકતા નથી એટલે તેમની ભીતરમાં ખળભળતી વાતો હવે પથ્થરિયા મૌનમાં થીજી ગઈ છે અને એકલતાની વેદના સહન કરતા આ પહાડો જાણે છાનાછપના રડી લે છે. સમગ્ર કાવ્યમાં મહાનગરની ભીડ અને ભીંસમાં પ્રકૃતિથી વિખૂટા પડેલા કવિ એકલતા અનુભવે છે. તેનું ચમત્કૃતિપૂર્ણ વેધક આલેખન થયું છે. આ અંગે ભાલચંદ્ર ભટ્ટે યોગ્ય જ વિવેચના કરી છે : "શહેરી સંસ્કૃતિમાં વસતા કવિને પ્રકૃતિનું, પોતાના ચિર–પરિચિત પ્રકૃતિનું ગજબનું આકર્ષણ છે, છતાં પ્રકૃતિ પ્રત્યેના આદિમ ખેંચાણ અને શહેરની આધુનિક્તાના સંસ્પર્શવાળી

સંસ્કૃતિપ્રિયતાની સહોપસ્થિતિ જ કદાચ કવિને અભિપ્રેત કરે છે. .... આમ, એક રીતે માનસિક સંઘર્ષ અથવા કહો કે બન્ને બાજુનું એકસરખું ખેંચાણ અને તેમાંથી ઉદ્ભવતા એક પ્રકારના દ્વિધાભાવ અને અસ્વસ્થતા કવિચિતનું પ્રધાનલક્ષણ હોય એવું પ્રતીત થાય છે."[૧૩]

કવિના ચિત્તમાં ઊઠતાં આ દ્વિધાભાવનાં વિવિધ સંચલનો ક્યારેક તેમનામાં પોતાના વતન, સ્વજન પાસે દોડી જવાની તીવ્ર ઈચ્છા જગાડે છે. આવા ભાવસ્પંદનોમાંથી સર્જાય છે 'પાછો વળું' કાવ્ય. પ્રસ્તુત કાવ્યમાં કાન, આંખ, સ્પર્શ, જીવ, નાક – પંચેન્દ્રિયથી વતનની એ પ્રકૃતિને કવિ માણે છે, પરંતુ આટલી અનુભૂતિથી કવિચિત્તને સંતોષ નથી, તેથી તેમને 'હજીય આટલેથી .... પાછો વળું તો' એવી અદમ્ય ઈચ્છા વ્યક્ત કરે છે.

મધરાતે જંગલની અંધારી ત્રાડનો અવાજ એમને કાને સંભળાય છે. પેલી આદિવાસી કન્યાના જીંથરિયા વાળ વચાળે સેંથી જેવી વાંકીચૂકી વગડાની કેડીઓને કવિ આટલે દૂરથી જોઈ શકે છે.

"આટલે દૂરથી અટકી જાય છે તે તો
મારી નાનકડી નદીની
પવન સુંવાળી ઓઢણી –
આટલે દૂરથી સોડાય છે તે તો
મારા સીમખેતરના
લીલા લીલા મગફળીના છોડ –"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૫૮)

નાનકડી નદીની પવન સુંવાળી ઓઢણી એમને આટલે દૂર હોવા છતાં સ્પર્શી જાય છે. આટલે દૂરથી લીલા લીલા મગફળીના છોડની સોડમ અનુભવે છે અને ગામની વાડીનાં ખાટાંમીઠાં બોર તેઓ ચાખી શકે છે ! પાંચ ઈન્દ્રિયથી વતનને અનુભૂત કરતા કવિ, પોતાની

પંચેન્દ્રિય તો ત્યાં ગામ મૂકી આવ્યા છે ! અહીં નગરમાં તો કવિનો માત્ર સ્થૂળ દેહ હરેફરે છે ! આવાં મનોમંથનો અનુભવતા કવિ તો નગરના પોતાના બંગલામાં હીંચકે ઝૂલતા (બાળપણને) ‘કહેણ’ મોકલે છે. કવિ જેમ પ્રકૃતિરાગ ત્યજી શકે એમ નથી, તેમ શૈશવના સંસ્મરણોને પણ વિસરી શકે એમ નથી. તેથી કવિનું ચિત્ત વતનના એ પરિવેશમાં, બાળપણના એ દિવસોમાં વારંવાર દોડી જાય છે ! નગરસંસ્કૃતિમાં જીવતાં કવિ બાળપણને સંદેશો મોકલાવીને મનને શાતા આપે છે.

“પાસેના વગડામાં
પેલી પરી મળે તો
કહેજે કે એની પાંખનું એક પીછું
મારી પાંપણોમાં પરોવાઈ ગયું છે –
ક્યારેક મને બધું રંગબેરંગી દેખાય છે.”
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૫૭)

વતનમાં, શૈશવકાળે દાદાજીની પાસે પરી, રાક્ષસની વાતો સાંભળીને તો જયન્ત પાઠકનું સર્જક વ્યક્તિત્વ ઘડાયું છે ! એટલે આટલે વર્ષે પણ ડુંગરાની એ અંધારી ગુફામાં રહેતા રાક્ષસને કહેણ મોકલાવે છે કે ....

“ક્હેજે કે એનો એક દાંત
મારી ખોપરીમાં ખૂંપી ગયો છે –
ક્યારેક મને સણકો ઊઠે છે.”
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૫૮)

તો શૈશવની સૃષ્ટિનો બાબરો ભૂત કેમ રહી જાય ? એના બાબરાની એક લટ, કવિના વાળમાં એવી પરોવાઈ ગઈ છે કે ....

"ક્યારેક ખાઉં ખાઉં કરતા વાયરામાં
હુંય ધૂણી ઊઠું છું."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૫૮)

પરંતુ હવે આ વીતી ગયેલી ક્ષણો પુનઃ મનોમન માણી શકાય છે ? એને જો ફરી જીવવી હોય તો ....

"પણ .... કદાચ .... હવે તો
બીજા અવતારમાં."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૫૮)

કવિચિત્તના અનુભવજગતમાં સંચિત થયેલાં આ શૈશવનાં સંસ્મરણો કવિના અસંપ્રજ્ઞાત ચિત્તમાં કલાનો ધૂંધળો આકાર ખડો કરે છે. શૈશવના તથા વગડાના વતનનાં સંસ્મરણોને આલેખતાં અનેક કાવ્યો છે.

કવિ પોતે આ વિશે કહે છે : "મારે માટે વન, વતન, શૈશવ, પહાડો, નદીઓ પ્રકૃતિ માત્ર કવિતાના વિષયો નથી. .... આ બધી વસ્તુઓ મારામાં છે, મારી ચેતનામાં ઓતપ્રોત થઈ ગયેલી છે એટલે એ પ્રગટ થાય છે. .... જીવનમાં Nostalgia છે તે કવિતામાં એટલે કે કળામાં એક Aesthetic Experience થઈને આવે છે. .... Nostalgia in art an easthetic experience.[૧૪]

'અચરજ વડલો' કાવ્યમાં આધ્યાત્મિક ઝાંખીને રૂપકાત્મક અભિવ્યક્તિ અપાઈ છે. આંગણે ઊગેલા અને આંખ ઉઘાડતામાં જેનાં પાન ગગનને પંપાળતાં ભળાય છે તે અચરજ વડલાનું રૂપક કવિ નિભાવે છે. કલ્પનાનું તેજ, વર્ણનની છટા અને અનુભૂતિને બળે વડલો ભાવકની આંખો સમક્ષ જીવંત થઈ ઊઠે છે :

"તગતગતા તારાની વચ્ચે
લાલ ટેટીઓ ડૂકે;
આમળેલ અંધારું જાણે :
મૂળીઓ ભૂતલ ઝૂકે !
ક્યાંક પત્રમાં પોઢ્યો નટવર
મુરલી ભરી ટહુક્યો ! – આંગણે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૭૩)

રૂપક કલ્પવું કદાચ સરળ હશે, પણ તેને પૂર્ણતઃ નિભાવવું એક પડકાર રૂપ હોય છે. કવિને આ રૂપક રીતિની કેવી ફાવટ છે તે 'ચિતારો' કાવ્યમાં પણ પ્રતીત કરી શકાય છે. ચિતારા રૂપે સર્જનહારની અદ્ભુત લીલાનું થયેલું વિસ્મય છલકતું નિરૂપણ કવિની ચિત્રશક્તિ, કલ્પનાપ્રણવ સૂક્ષ્મ દૃષ્ટિ, લાઘવપૂર્ણ અભિવ્યક્તિ અને રંગરાગી મિજાજથી ભાવકને પણ અનાયાસે વિસ્મય પમાડે છે.

"એક લસરકે ઊગી નીકળ્યાં
જંગલ જંગલ ઝાડ;
ટપકે ટપકે ફૂટી નીકળ્યા
ધરતી પરથી પ્હાડ !
ઘટ્ટ નીલિમા નરી – ચિતારે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૭૧)

વિસ્મય સાથે સર્જનની તાજપ ઊઘડી છે. કવિની કલમ પણ 'એક લસરકે' આગવું વિશ્વ સર્જવા સક્ષમ બની છે.

મહાનગરમાં સુસંસ્કૃત માનવીઓ વચ્ચે રહીને આ 'વન્ય' કવિને હવે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવામાં મુશ્કેલી પડે છે, તો આ કવિને તેનીય વેદના છે. કવિ કહે છે :

"ક્ષિતિજ – કાંઠે રાહ જોઈ ઊભેલી
ઉષાને માથે
સૂરજનો ઘડો ચઢાવવા હવે મારાથી જવાતું નથી."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૦)

ઝરણાઓના વળાંકો સાથે મન વાળવાનું તેમને ફાવતું નથી. વૃક્ષમાંથી ટપકતા ટહુકામાં, ઉઘાડા ડિલે પલળવાનું અઘરું લાગે છે. થરકતા ઘાસ સાથે, કવિના રોમાંચનો પ્રાસ બેસતો નથી, ગોરજમાં ગુલાલની સોડમ આવતી નથી, તો જાડા કાચની આંખે શિશુ આંખનું વિસ્મય વંચાતું નથી. જાણે શૈશવનો સમય દૂર નીકળી ગયો હોય ને એક આખો અવતાર પૂરો થઈ ગયાની અનુભૂતિ કવિને થાય છે.

"હું હવે લખચોરાશી ફેરામાં
ચોપગાંની જાતમાં જન્મી ચૂક્યો છું !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૦)

શહેરીકરણ, યંત્રીકરણ, માનવજીવનને કેવું છિન્ન ભિન્ન કરી નાખે છે ! તે પ્રકૃતિરાગના અતીતરાગના આ કવિ ઘણાં કાવ્યોમાં આલેખે છે.

'વગડા વચ્ચે' ગીતરચનામાં નાયિકાની પ્રણય ક્રીડા કવિએ કેવી પ્રતીકાત્મક પરિભાષામાં સૂચવ્યું છે.

"વગડા વચ્ચે તલાવડીને તલાવડીમાં ફૂલ
ફૂલમાં ફોરમ થૈને પોઢો તમે ભલાજી –

એક કરી લો ભૂલ !”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧૨)

અહીં તલાવડી, ફૂલ, ફૂલની ફોરમ, પ્હાડ, સૂરજ, ચાંદ, ઘાસ, પરી, માટીની વાસ વગેરે સંયોગ શૃંગારના આહ્‌લાદક પ્રતીકો દ્વારા ધાર્યો રસ નિષ્પન્ન થાય છે.

“ઉપર ઝૂક્યા ઝાડ ભલાજી લ્હેર લ્હેરમાં ડોલે,
ભીતર ભીના પ્હાડ, પ્હાડમાં લીલી કોયલ બોલે;
તમે પહાડમાં સૂરજ થૈને ઊગો ભલાજી –
એક કરી લો ભૂલ !”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧૨)

વગડાના કવિશ્રી જયન્ત પાઠક રાજેન્દ્ર–નિરંજનયુગના પ્રમુખ કવિ છે. કાવ્યનું લોહી એમની નસે નસમાં વ્યાપી ગયું છે. કવિ તરીકે સવિશેષ જાણીતા છે. જયન્ત પાઠક સૌંદર્યાભિમુખ કવિ છે. તેથી પ્રકૃતિના બહુવિધ તત્ત્વો કાવ્યમાં સૌંદર્યાનુભવથી પ્રગટે છે. પ્રકૃતિના પડખે રહી પ્રેમનું નિરૂપણ કરતું ‘પહાડ ચડતાં’ નામનું કાવ્ય જોઈએ.

“પહાડ ચડતાં મનમાં થયું તે
પગોથિયાના પથ્થર માથે
લખ્યું તમારું નામ !”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧૮)

પહાડ ચઢતાં ચઢતાં કવિના મનમાં એક વિચાર સ્ફૂર્યો કે પથ્થર પર પ્રિયતમાનું નામ લખી દઉં. કવિએ પ્રિયનું નામ દિલમાં કોતરી દીધું છે.

“નામ લખ્યું ને
દરિયા પરથી ચડ્યો વાયરો
પ્હાડ ભરીને વરસ્યો
અક્ષરો ફૂલ થઈને ઊઘડ્યા
અક્ષરો ભમરા થૈને ઊડ્યા,
અક્ષરો ડંખ્યા
અને ઘેન ચડ્યાં રે ઘેરાં !”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧૮)

‘પહાડ ચડતાં ચડતાં’માં પહાડ ચડતાં જાગેલા પ્રેમના સ્પંદનો ઝીલ્યાં છે. પગથિયાનાં પથ્થર પર નામ લખતાંની સાથે જ દરિયા પરથી વાયરો ચડે છે. દરિયાના પ્રતીકથી કવિ પોતાની પ્રેમાતુર અવસ્થાને સૂચવે છે. દિલમાં જાગેલા પ્રેમનાં સ્પંદનો, આવેગોની આવેલી ભરતી પહાડ ભરીને વરસી પડે છે. કવિની નાના વર્ણનો કે પ્રકૃતિચિત્રો વડે આગવા અનુભવ જગતમાં લઈ જવાની રીતિ જાણીતી છે. પ્રેમના અક્ષરોમાં ફૂલની જેમ ખીલી ઊઠે છે ભમરા થઈને ઉડે છે અને તે જ કવિને ડંખે છે. એ ડંખથી કવિને ઘેન ચડે છે.

“પહાડ આખો પરિમલથી ઘેરાયો,
ચારે બાજુ ચંદનવન લ્હેરાયાં,
એમાં થડિયે થડિયે સાપ
શીતળતાનાં ઘેન ચડ્યાં ને
ઢળિયા આપો આપ.”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૧૮)

પ્રેમમાં પ્રસરેલા પમરાટથી આખો પહાડ ઘેરાઈ જાય છે અને ચંદનવન લહેરાય છે. આની સુવાસથી સર્પો પણ દોડી આવે છે. ચંદનરૂપી સુવાસની શીતળતા એટલી વ્યાપી છે કે કવિને ઘેન એવાં ચડે છે કે આપોઆપ ઢળી પડે છે.

કવિ વગડાના વરણાગી બની પ્રકૃતિનો આશ્રય લઈ નાયકની દશા વ્યંજિત કરે છે. કવિ કહે છે કે, ઝાડને અડ્યા કે લીલા ઉઝરડા પડ્યા ! એમાં પ્રણયની વ્યથા સંભળાતી જોવા મળે છે. આ કાવ્ય એવું જ પારદર્શક છે જેનો અનેરો આનંદ ભાવકને મળી રહે છે.

જયન્ત પાઠકની કવિતામાં પણ વતનના પ્રાકૃતિક સૌંદર્યોને ભરપેટ પીધાનાં અનેક ઉદાહરણો આપણને સાંપડે છે. જયન્ત પાઠકના જ શબ્દોમાં જોઈએ તો – "મારી કવિતા પર મોટો પ્રભાવ ગોઠના સંસ્કારોનો છે. ગામ, નદી, જંગલ, ડુંગરા બધું જ મૂંગા મૂંગા પીધા કર્યું હશે."[૧૫] હૈયે તેવું હોઠે, એ પ્રચલિત ઉક્તિ પ્રમાણે જયન્ત પાઠકની રચનાઓમાં પણ હૈયું જ સતત હોઠે આવતું હોવાના અનેક પ્રમાણો આપણને મળી રહે છે. ગોઠ ગામ કવિએ બાળવયે જ છોડ્યું હોવા છતાં ગોઠ ગામની પ્રકૃતિ, તરુઓ, નદી, જંગલ, ડુંગરા અને ભલાભોળા આદિવાસીઓને કવિ ક્યારેય છોડી શક્યા નથી.

'થોડો વગડાનો શ્વાસ' ગીત રચના પણ એમની અનેક રચનાઓની જેમ, વન–વતન પ્રીતિને પ્રગટ કરતી એક સુંદર ગીત રચના છે. કવિના અંગે અંગમાં, રોમ રોમમાં સમગ્ર પિંડમાં તથા શ્વાસે શ્વાસમાં વગડો પ્રસરી ગયો છે. તેથી જ કવિ આલેખે છે :

"થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોના હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૦૮)

વતનના ગામનો ઘરનો ઉંબર છોડતાં જ જે વગડો શરૂ થાય છે એ વગડો આજે પણ કવિની આંખોમાં લીલોછમ, સુગંધથી તરબતર છે. લીલી સુગંધનો કેફ કવિના દિલો દિમાગને પણ વગડાનું સ્વરૂપ ધારણ કરવા જાણે ફરજ પાડે છે. સમગ્ર શરીરનું હાડ વતનના પહાડોના હાડનું સર્જન હોવાની અનુભૂતિ આહ્‌લાદક છે. બાળપણમાં એ સોનેરી દિવસોની સૌથી વધુ ક્ષણો જેના કિનારે વ્યતીત થઈ છે તેવી વતનની કરડ નદીનું નીર, પોતાના કલકલ વહેણ સાથે, કવિની શીરાઓ અને નાડીઓમાં વહેવા લાગે છે.

"છાતીમાં બુલબુલનો માળોને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૦૮)

નદીના તીરથી ધબકતી નાડીઓ અને પહાડોમાં હાડથી સર્જાયેલા પિંડની મધ્યે ધબકતું હૈયું પછી તો બુલબુલના કલરવથી જીવંત માળો ના હોય તો બીજું શું હોય ? જેમ હૈયાના સ્થાને બુલબુલનો માળો ગોઠવાઈ જાય છે, તેમ આંગળીઓ જાણે આદિવાસીના તીણા તીરમાં ફેરવાઈ જાય છે એટલે તો એ તીરમાંથી છૂટેલું આ ગીત ભાવકના હૈયાને અચૂક નિશાન બનાવી શકે છે.

સૂરજના રંગથી રંગીન એ વૃક્ષ માટીની ગંધથી સમૃદ્ધ બને છે ને પોતાના ઉપર થતી પીળા પતંગિયાની ઉડાઉડથી તો એ સમૃદ્ધિની શોભામાં વૃદ્ધિ પણ થાય છે. બીજી બાજુ ખુશબો ભર્યા અંધકારના આનંદનો તમરાનું કુળ માણવાની મઝા પણ કવિ જતી કરતા નથી. આમ, અંધકાર અને ઉજાસ, ધરતી અને આકાશ બધાની સાથેનો નાતો જાળવી રાખવામાં આ ગીતનું સારતત્ત્વ છે.

છેક મૂળથી પર્ણ સુધી સિદ્ધ થયેલા વૃક્ષત્વ અને વ્યક્તિત્વને સહૃદયતાથી માણી શકાય એવી રમણીય અભિવ્યક્તિ 'વગડાનો શ્વાસ'નું કાવ્યત્વ મૂલ્યવાન બનાવે છે. કવિતાની શબ્દલીલા સાથે રમણીયતાને સાર્થક કરે છે અને ગીતરચનાને ચિરંજીવ બનાવે છે.

'વતન' શબ્દ દ્વારા જન્મભૂમિ અથવા જેની સાથે આત્મીય સંબંધ છે એવી ભૂમિનો અર્થ લઈ શકાય. ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં जननी जन्मभूमिश्च स्वर्गाऽपि गरीयसी। કહીને વતન પ્રેમની ચરમસીમાની અભિવ્યક્તિ કરી છે. પ્રત્યેક માનવીને પોતાના વતન પરત્વે વિશેષ લગાવ હોય છે.

કવિશ્રી જયન્ત પાઠકની સર્જનયાત્રામાં વતન પરત્વેના રાગને મનભર ગવાયો છે. એના વિવિધ અનુભવને અભિવ્યક્તિ મળી છે. પ્રસ્તુત કવિતા 'વતનથી વિદાય થતાં'માં જયન્ત પાઠકે વતનમાંથી લેવાતી વિદાયને કાવ્યનો મુખ્ય વિષય બનાવ્યો છે.

"એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૮)

કવિનો પ્રકૃતિ તરફનો 'અનુરાગ' તો જુઓ, કવિ 'વન'ને પહેલું સ્મરે છે પછી માનવીની વાત કરે છે. સ્વજનો કે વતનમાંના એ પરિચિતજનો જે ઘણે વર્ષે મળ્યાં છે. એ સહુને છોડીને જવાનું છે. વન અને જનનું સંતુલન સાધ્યા બાદ કવિ ડુંગર, નદી અને કોતરોને સંભારે છે. ચિત્ત અને ચક્ષુમાંથી વતનનો અસબાબ ખસતો નથી. વળી વળીને ચિત્ત વતનના એ ખાલી બંધ કરાયેલા ઘર તરફ ધસી જાય છે. જાણે કે ઢોર વેચાઈ ગયું છે. નવા ઘેર દોરવાઈ જઈ રહ્યું છે, પણ પાછું ફરી ફરીને એ જ પોતાના નિવાસસ્થાનને–કોઢારને ઝંખ્યા

કરે છે. ઢોર વેચાઈ ગયું હોય, નવો માલિક ગળામાં બાંધેલી સાંકળથી આગળને આગળ દોરતો ચલાવી રહ્યો હોય છે.

કેડી તો આગળને આગળ વધતી જાય છે, પણ 'પાય અવળા' થઈ જાણે પાછા વતનમાં પહોંચવા યત્ન કરતા હોય તેમ 'કેમ કરી ઉપડે'માં કવિએ મનોદ્વિધાને બહુ સુંદર રીતે વ્યક્ત કરે છે.

ત્રીજા ચતુષ્કમાં કવિ કહે છે, હે જીવ, આગળ ચાલો આ કાળના વ્હેણમાં પાછા ઉપરવાસ તરફ વહેવું શક્ય નથી. જે કાલાતીત છે તે પુનઃ પ્રાપ્ય નથી. અતીતની ગર્તામાં જે સરકી ગયું એનો શોક જ શેષ રહ્યો. શેષ સ્મૃતિ જ રહેવાની અને સ્મૃતિ વેદનાદાયક પણ હોવાની, આંખમાં અશ્રુનું ય કારણ બને, ધસી આવેલા અશ્રુ લૂછી નાખવા કહે છે. ગામ, ઘર, ખેતર પાછળ રહી ગયાં છે ત્યારે રહી રહીને કવિને જાણે કોઈ હાથ ઊંચા કરી વારતું હોય અટકાવી રહ્યું હોય, જતાં રોકી રહ્યું હોય એવી અનુભૂતિ થાય છે. રિસાઈને ચાલી જતા કોઈ બાળકને મા પાછો બોલાવી રહી હોય એવી મધુર ભ્રમણાની છબિ સર્જકના ચિત્તમાં ઝબકે છે.

"આઘે ખેતર જોઉં બે કર બરી, ઊંચા મને વારતી
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી ?!"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૮)

ખેતી, ખેડૂત, ખેતરનો જે સંબંધ, વતનની એ સીમ તો ધરતીમા છે.

'વતનની વિદાય થતાં' કાવ્ય આમ તો સૉનેટ છે. આ સૉનેટ કાવ્યના આંતરિક ઋતુને ધ્યાનમાં લેતાં અષ્ટકષષ્ટકમાં વિભાજિત થતું લાગે. પ્રથમ બે ચતુષ્કના અષ્ટકમાં પ્રોફેસર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ નોંધ્યું છે તેમ – "વતન છોડવાની વેદના અને અગન હવે

ઉપડે છે, તીવ્ર બને છે, જવાનું આગળ છે પણ હૈયું પાછળ વળી જાય છે. પગને ગતિ સ્તંભ સમજાય છે. આંખો ભરાઈ જાય છે. કાંટાળી ડાળીઓ અવરોધ કરે છે અને દૂરની નદી વેળુમાં ઘર બાંધવાની રમતમાં ઝૂલે છે. વતન છોડવાનું નિશ્ચિત છે એ જ સંકલ્પ છે પણ કશોક ભૂતકાળનો હૃદય બંધ કોઈને કોઈ નિમિત્ત આપી તે વારે છે ની માંડણી કરે છે. જાણે અષ્ટક પૂરું થાય અને 'રચનાનો અર્થ વિરામે' રચનાનો સંદર્ભ, ભાવનું પ્રસ્થાન સ્થિતિનું એક અંગ પૂરું થયું."[૧૬]

જયન્ત પાઠક પણ ઉત્કટ વતન પ્રેમનાં સર્જનો આપે છે, પણ મૂર્ધન્ય સાહિત્યકાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ નોંધ્યું છે : "પરંતુ હર કોઈ ભદ્ર હૃદય અવસ્થાને અનિવાર્ય રીતે છોડીને, ત્યજીને અજાણી આશંકાજનક અવસ્થાને ભેટવી પડે એ ઘટના તો માનવજીવનમાં બન્યા કરવાની, આમ  કરુણ નિષ્કાન્તિ કે સંકલ્પ–નિષ્ક્રમણના વેધકભાવનું આ કાવ્ય સનાતન જીવન પ્રશ્નથી અંકિત છે."[૧૭]

'વર્ષો પછી વતનમાં' શીર્ષક સૂચવે છે તેમ કાવ્યનાયક વર્ષો પછી વતનમાં જાય છે અને અતીતનાં સંભારણાં–સંવેદનો ઊભરાવા લાગે છે.

"આ તે ખેતર, પાકસોડમ હજી એવી જ જે માણી'તી
ભારામાં શિરના (શિશુ–શરીરની એ દૂધિયા સોડમ !)
આ આડી ભૂત–આંબલી પડી ભરી ભેંકારને ચાંગમ;
ટોળીએ ભૂતની જ્હીં ઊતરતા અંધારામાં ભાળી'તી."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૭)

ખેતરમાંથી વર્ષો પૂર્વે માણી હતી તેવી જ પાકની સોડમ આવે છે. ખેડૂત નર–નારીના માથા પરના ઘાસના ભારામાં આવતી શિશુ શરીરની દૂધિયા સોડમ નાયકને ઉત્તેજિત કરી રહે છે અને આડી પડેલી ભેંકાર ભૂત–આંબલી વર્ષો પૂર્વે ઉતરતા અંધારામાં

જોયેલી ભૂતની ટોળીને આંખો સામે ખડી કરી દે છે. ખેતર, ભારો, આંબલી અને પછી કોતર પ્રકૃતિનું એક એક સત્ત્વ એક અનેરા અતીતને ખોલી આપે છે.

પેલી જન્મભૂમિ, જ્યાં આ નાનકડી આંખો પહેલી વહેલી ઉઘડી હતી. જ્યાં દાદાની સાથે જાતભાતની વાતો કરી હતી. એ ચાખડીઓનો ખખડાટ હજીય મનમાં સંભળાય છે. કાળની ગતિનો સાક્ષાત્કાર કરાવતાં કલ્પનો દ્વારા વિખૂટા પડવાની, હતું તે ઝૂંટવાયાની વેદના છે.

"રે દાતરડું ! ગયું લણી શિશુ સ્વપ્નો – ઊભા પાકને,
એ ભૂવો ! સહુ ભૂતને વશ કરી શીશે ઉતારી દીધાં,
કોનું રે હળ ! કોતરો પૂરી દીધાં, સૌ સાફ જાળાં કીધાં."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૭)

એ સમયરૂપી દાતરડું શિશુ સ્વપ્નોના ઊભા પાકને લણી ગયું છે. સમયના એ ભૂવાએ પેલા શિશુ સમયના ભૂતને વશ કરીને શીશામાં ઉતારી દીધાં છે. એ અજાણ હળે સૌ કોતરોને પૂરી દીધાં છે. સમયની સર સર સરતી રેતે બધું જ સપાટ કરી નાખ્યું છે.

હવે એ અસલ વાતાવરણને માણવાનું સ્વપ્નમાં પણ અશક્ય બન્યું છે. ન કહેવાય, ન સહેવાય એવી આ મૂંઝવણ છે.

"કેડીઓ ગળી સુસ્ત ઘાસ અહીં આ વાગોળતું કાળને;
તીણી ચાંચ વડે કરંત ટચકા પંખી લીલી ડાળને."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૮)

ખેતરમાં ઊગેલું ચુસ્ત ટટ્ટાર ઘાસ કેડીઓને ગળી ગયું છે અને કાળને વાગોળી રહ્યું છે. પંખી તીણી ચાંચ વડે લીલી ડાળને ટચકા કરી રહ્યું છે.

કવિની અતીત ઝંખના, સૂક્ષ્મ સૌંદર્યપિપાસા અને કલ્પના–પ્રતિભાનો અહીં સુભગ આવિષ્કાર માણવા મળે છે. કવિ પ્રતિભા અહીં કલ્પનોમાં રાચે છે. એ વન, વતન, ખેતર અને શિશુ સ્વપ્નોની એક આદિમ સૃષ્ટિનો સાક્ષાત્કાર કરાવે છે.

"જયંત પાઠકની કવિતાને આસ્વાદતાં પ્રકૃતિને તેઓ ઘટ ઘટ પી–પચાવી ગયા હોવાનું અનુભવાય. એમની આ પ્રકારની કવિતા આદિમ લોહીના લયની નીપજ છે એટલે એમાં અનુભૂતિની સચ્ચાઈ, સહજ–સરળ સ્વાભાવિક્તા અને ઊંચી કાવ્યાત્મક્તાનો આસ્વાદ મળે છે."[૧૮]

### ૫.૩.૩ પશુ–પંખીની કવિતા :

માત્ર નદી જ નહિ, કલ્પનામાં તેઓ આ તરસને વૃક્ષ બનીને વૃક્ષરૂપે તોષવાનો પ્રયત્ન કરે છે. અતીતરાગ ધીમે ધીમે વાસનાનું રૂપ ધારણ કરતો જાય છે. ગજેન્દ્ર આવી વાસનાનું રૂપ ધરે છે. કવિ હવે વૃક્ષ જ નહિ, ગજેન્દ્રનું રૂપ ધરીને નિસર્ગ સૌંદર્યને માણે છે. 'ગજેન્દ્ર મોક્ષ' કાવ્યમાં કવિ કહે છે :

"જંગલમાંથી ન્હાવા ઊતરે જલમાં
બપોરનો ઉન્મત્ત આકળો હાથી –
ગજેન્દ્ર, એના મસ્તકમાં સળગે છે સૂરજ
સૂરજ ઠરતો ઠરતો ચાંદ થયો ને.
ખરતો ખરતો એક કમળનું પાંદ થયો, ને
સરતો સરતો ભીતર જલને પેટ ગયો, ને
વળતો વળતો વમળધરામાં ઠેઠ ગયો, ને
સૂંઢ બનીને ડૂબ્યો સૂંઢનો સોય ઊંચકતો છેડો

ડૂબ્યો ડૂબ્યો નદી અને વગડા વચ્ચેનો કેડો
પગ જાણે લીધા કોઈએ મોંમાં
જાય ખેંચતો ગળતો એને તિમિરસુંવાળી ખોમાં ....”
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૧૩)

વાસના જ હવે ગજેન્દ્રનું રૂપ ધરે છે. પ્રકૃતિરૂપી નારીને કવિ આ રીતે ભોગવે છે. ભોગવટો થાય ત્યારે જ મોક્ષ મળેને ! ખરતો ખરતો, સરતો સરતો, વળતો વળતો, ડૂબ્યો, જાય ખેંચાતો – આ બધી ક્રિયાઓ કામસુખની જ ક્રિયાઓ છે. અતીતરાગ કેવાં કેવાં રૂપ લે છે. અનેક પ્રકૃતિના તત્ત્વો વૃક્ષો, પંખીઓ, પશુઓની ચેતના સાથે કવિ પણ કેવા એકરૂપ થઈ ગયા છે ! તેથી જ તો ‘ઝાડ, ખિસકોલીઓ, પરોઢિયું અને ....’ જેવું કાવ્ય મળે છે.

“ઝાડ પર ખિસકોલીઓ ખેલ્યા કરે, ખેલ્યા કરે
ઉપર–નીચે અંધારાને ઠેલ્યા કરે ઠેલ્યા કરે

*** *** ***

નખશિખ નશામાં ઝાડ કૈં ડોલ્યા કરે, ડોલ્યા કરે.
ખિસકોલીઓ બે હાથમાં તડકો લઈને ડોલ્યા કરે, ડોલ્યા કરે !”
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૧૬)

કવિ હરણની રીતે, વાઘ બનીને પણ પ્રકૃતિના વિવિધ રૂપને માણે છે. કવિ પોતે જ નહિ, કવિનું રૂપ ધરીને પ્રકૃતિ સ્વયં અહીં મૃગયા રમવા, શિકાર કરવા નીકળી છે. અહીં કોનો કોનો શિકાર કરે છે ? ગજેન્દ્ર, સાપ આ બધાં પ્રતીકો પ્રતિરૂપો ધરીને આવે છે.

‘પાણીમાં માછલી’ કાવ્યમાં કવિએ માછલીને પાણીના પ્રતીક દ્વારા, સંસારના ખારા સમંદરમાં મીઠા પાણીની માછલી તરસે મરે, તેની વેદના વ્યક્ત કરતાં જીવાત્માની ઉચાટ, વલોપાતની વ્યથાને વ્યંજિત કરી છે.

"કેટકેટલાંની અહીં વચમાં રહીએ ને તોય
એકલતા એક રહે સાથ :
બીજાં તો ઠીક અરે આપણી સંગાથ ક્યહીં
રહે છે તે આપણીય જાત !
પાણીમાં માછલી તરસે મરે, તે
ભલે જ્ઞાનીને ગમ્મતની વાત."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૨૬)

'પાનપંખી' કાવ્યાં વૃક્ષ ઉપરથી જીરણ જર્જર પાંદડું ખરી પડે છે; ને અંતરિયાળે વાડ વચાળે ઝિલાય છે, એ દૃશ્ય જોઈને લાગે છે કે કોઈ પંખી જાણે વાડની વચાળે બેઠું છે ! છેલ્લે કવિ કહે છે :

"હવે
જે નહોતું તે નથી – છતાંયે
મિથ્યાની શી વિરહવેદના સાચ્ચી વેઠું !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૪૭)

આ પાન તે કંઈ ઝાડ પરનું સામાન્ય પાન ? .... પણ આયખાનું જીવનવૃક્ષ પરનું પાન .... જીર્ણ જર્જર થયું, તે ખર્યું .... એ પંખી જ જણાયને ? .... એની તે શી વિરહ વેદના ? જે નહોતું તે નથી .... એનો શો રંજ ? કવિ કદાચ પોતાના જ મરણને, પાનને પ્રતીકે, મનની આંખે જુએ છે, માણે છે ?

'જીવ–જંતુની કૌતુકકવિતા'માં ભવૈયો, મંકોડા, કીડીઓ, કાંચડો, વાણિયા, મધમાખી, દેવની ગાય, ભામરી, કનડાં, ઈયળ, માખી – આઠ જીવ–જંતુઓને સંદર્ભે, કવિએ શૈશવકાળના પોતાના એ સ્વજનોનું સ્મરણ કર્યું છે. કવિની ચેતના સાથે એ પ્રકૃતિ

તત્ત્વોનો અનુબંધ રચાય છે. મુક્તકના અણસાર આપતાં આ લઘુકાવ્યોમાં ચાર–પાંચ–છ પંક્તિમાં કવિ રમ્ય જીવંત ચિત્રો સર્જે છે.

"મધપૂડેથી ઊડી સનનન
ચોંટી પડી, ડંખી મધમાખી –
એટલું રોયો, એટલું રોયો ....
આખર રાજી
હથેળીમાં બાએ આપેલા મધને
ચાખી !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૪૯)

શૈશવનાં મા ને મધમાખીના સ્મરણનું અહીં રેખાચિત્ર ઉપસે છે !

**૫.૩.૪ જળ વિષયક કાવ્યો :**

કવિના વતન ગોઠ ધોધંબામાં કરડ નદી છે. સુરતમાં તાપી છે. ૧૯૫૯માં તાપીમાં આવેલા પૂર અંગે કવિ લખે છે :

"રેલ આવી
પાણી તણાયાં જાય
એને કોણ વારે કે ઉગારે !
હું ઊભો તટ, સ્થિર મારા પાય
નિરૂપાય !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૦૪)

કવિ ઘણી વાર વર્તમાન જીવનનાં ચિત્રો દોરે છે, પણ એની પાછળ અદશ્ય રીતે, અતીતનાં ચિત્રો પણ ઊપસી આવે છે. કોઈને કોઈ રીતે અતીતની અવસ્થિતિઓ સાથેની સરખામણી થઈ જ જતી હોય છે.

વતનની ભૂમિને છોડીને આવેલા કવિ કહે છે, શહેરમાં પણ કવિતાઓમાં તો ગામની નદીનું સ્મરણ નિરૂપે છે. 'થીજી ગયો સમય'માં કવિ લખે છે :

"થીજી ગયો સમય આ પટમાં નદીના :
કાળાડીબાણ ખડકો, વચમાં ધરો ઊંડો –

ગહનમાં ડૂબકી દઈને
ઓ નીકળ્યો .... મત્સ્યાવતાર !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૫૧)

માત્ર નદીમાં જ નહિ, સમયની નદીમાં ડૂબકી લગાવતો આદિવાસી બાળક કોણ ? કવિ પોતે જ વળી ! પોતાના કૂળ, મૂળની શોધમાં કવિ છેક માનવમાત્રના મૂળ મત્સ્યાવતાર સુધીની યાત્રા કરે છે. કાળાડીબાણ ખડકો, ધરો ઊંડો, ભેખડો આ બધાં થીજી ગયેલાં સમયનાં પ્રતીકોનો અહીં કલાત્મક રીતે ઉપયોગ થયો છે.

'એક સવારે નદી' કાવ્યમાં કવિ નદીમાં પણ કામભાવનું આરોપણ કરે છે.

"સવારે નદી ક્રીડાસુખની સ્વપ્નસ્મૃતિમાં લીન
રાગ વહાવી શાંત થયેલું બીન –
અલસ ને નિસ્તરંગ
ઉપભોગેલાં અંગ
ધારી ર્‌હે ઉન્માદક્ષણાન્તે ફેનિલ વિરતિ ?"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૫૭)

કદાચ કવિએ આ રીતે પોતાની અંદર વહી રહેલી સમયની નદીમાં નિજીભાવનું કામભાવનું આરોપણ કર્યું હોય એવું નથી લાગતું ?

'નર્મદા નામ ધન્યા'માં પ્રકૃતિરાગી કવિ પ્હોળે પટે વહેતી, કદીક ધોધમારે ધસતી, સ્ફટિક જેવા ચળકતા જળથી શોભતી મકર–પીઠે દેવકન્યા જેવી લાગતી, નર્મદામાં કવિ શામળી આદિવાસી કન્યાના રૂપને નિહાળે છે, ને ટોચની પંક્તિમાં ગાય છે :

"સૌંદર્યોની અદ્ભૂત મહાવાહિતી સુપ્રસન્ના
ઉત્પત્તિથી વિલય લગી તું નર્મદા નામ ધન્યા !"

(દ્રુતવિલંબિત, પૃ. ૯૩)

આમ પ્રકૃતિરાગી કવિ સંગ્રહની સૉનેટ રચનાઓમાં પ્રકૃતિતત્ત્વો સાથે માત્ર એકરૂપ થવાની અનુભૂતિથી તરબતર થાય છે.

'ભીનું ભીનું' સૉનેટમાં ભીનાં ભીનાં ટપકતાં વાદળ, ભીના વાતા વાયરા, ભીનાં ભીનાં ટપકતા વનની ભીની ગંધ, ભીનો ભીનો ટપકતો સૂરજ, ભીનાં પહાડો, નદી ઈત્યાદિ પ્રકૃતિતત્ત્વોનાં સૌંદર્યથી અભિભૂત કવિ કાલિદાસ 'મેઘદૂત'ના યક્ષની વિરહવેદના અનુભવતા છેલ્લે ગાય છે :

"એકાકી હું ચિરવિરહથી શાત સંતપ્ત એવો
ભીનાં ભીનાં ઘન ટપકતાં, વન ટપકતાં, મન ટપકતાં
જોઈ રહ્યોં યક્ષ જેવો."

(દ્રુતવિલંબિત, પૃ. ૭૨)

મંદાક્રાન્તાની છેલ્લી અડધી પંક્તિમાં સૉનેટ શિખરે પહોંચે છે, ને કવિની વિરહવેદના પણ. સાડા ચૌદ પંક્તિની આ રચના સૉનેટનાં જ લક્ષણો સવિશેષ પ્રગટ કરે છે.

આકરા ઉનાળા પછી વરસાદ આવતાં સૂર્ય માટે જે સ્પર્શગોચર, દૃષ્ટિગોચર કલ્પન રચી આપ્યું છે તે પણ માણવા જેવું છે :

"પડી ગયો વરસાદ
ઊઘડ્યું આભ
અને આ
પાન પાનથી
ટીપે ટીપે
ધરતી ઉપર
ઊતરે સૂરજ ભીનેવાન !"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૦૩)

અતીત અને વર્તમાનની હવે એવી ભેળસેળ થઈ જાય છે કે જે અતીત છે તે વર્તમાન રૂપે ઉઘડતો જાય છે. વરસાદમાં ભીંજાયેલી કવિચેતના આ સંગ્રહમાં ઉત્તમોત્તમ ગઝલ રચના પણ આપે છે. 'વરસાદમાં' નામની ગઝલમાં કવિ કહે છે :

"દિશાઓ ઘનોથી ભરેલી ભરેલી
હથેળી ગગનની ઢળેલી ઢળેલી,
ઉઘાડે – મીંચે આંખે ભીની ક્ષિતિજો
પહાડોની પીઠે અઢેલી અઢેલી."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૦૪)

સજીવારોપણની મદદથી કવિએ આ રીતે પ્રકૃતિનાં રૂપોને ક્રિયા કરતાં બતાવીને પ્રકૃતિનું જીવંતદશ્ય રચી બતાવ્યું છે.

કવિ માટે હવે અતીત જ વર્તમાન બની ગયો છે. કાળભેદનું વિગલન થઈ ગયું હોવાથી અહીં તહીં અને અતીત વર્તમાન વચ્ચે ચૈતસિક સ્તરે એક પ્રકારનો અદ્વૈત રચાયો છે. એવી અનુભૂતિ ‘અહીં અને ત્યાં’ કાવ્યમાં અનુભવવા મળે છે :

“અહીં ઘેરાયા મેઘ અને ત્યાં ઘરનાં નળિયાં ચૂએ,
અહીં ગાજે ગોરંભ, ઝાડ ત્યાં ડૂસકે ડૂસકે રુએ.
અહીં ઘોડિયે પોઢ્યું બાળક ઊંહું કરીને ચળવળે
ત્યાં શૈશવ નાગુંપૂગું મુજ નેવાં નીચે પલળે.”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૦૫)

‘વતનની વનનદીને’ ઉદ્દેશીને કવિ કહે છે :

“સ્મરું છું, સ્વપ્નોમાં નીરખુંય તને હે વનનદી,
પહાડોમાં ઊંડે સ્ત્રવતું જલ ટીપું ટીપું કરી.”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૦૭)

કવિ હવે વતનમાં જઈ શકતા નથી અને પોતાની જાતને પણ મળી શકતા નથી એટલે પોતાને માટે ભયાજી, બચુભૈ અને નદી માટે ‘રૂપવતી’નું પ્રતિરૂપ સર્જીને કવિ કોઈ ત્રાહિતને હોય એ રીતે નદી અને પોતાની જાત સાથે મિલન શક્ય બનાવે છે. આ રીતે કવિએ પોતાની જાત સાથેનું અને પ્રકૃતિ સાથેનું પરાયાપણું વ્યક્ત કર્યું છે.

આ અલગાવ અલબત્ત, શારીરિક છે, દૈહિક છે. મનથી તો કવિ એક પળ માટે પણ પ્રકૃતિથી વિખૂટા પડ્યા નથી. આ મનોયોગને કારણે જ પ્રકૃતિ સ્વયં સામે ચાલીને કવિને પોતાનું વિશ્વરૂપ દર્શન કરાવતી હોય એવું પ્રતીત થાય છે.

પ્રકૃતિ સાથે તેમની જુદાઈ ભક્ત અને ભગવાન જેવી છે. કવિ કહે છે :

"નિર્મમ નદીઓ રહે, વેગળી વહે–ન એની નવાઈ
આ તો વળગે વીંટળાયે પણ જળ–કમળોની જુદાઈ !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૦૯)

રૂપનદી તો કવિ કલ્પનાની નીપજ છે. પરંતુ નદી માટેની શોધમાં કવિ એટલા તરસ્યા થઈ ગયા છે કે, 'તરસ'ને પણ તેઓ નદી રૂપે કલ્પી બેસે છે. 'મૃગયા'ની 'તરસનદી' શીર્ષકથી સમગ્ર કવિતા સુધી વ્યાપક બનતો રૂપક અવિસ્મરણીય છે.

"હતું મેં માન્યું કે અવર નદી શી તું પણ નદી –
અરે, કિન્તુ તું તો તરસનદી ! ક્યાં તું જલ નદી !
તૃષા શાની ઠારે ! પીઉં ત્યમ તૃષા જાય વધતી,
હું આખો ધારામાં પડું પશુ તણી પ્યાસી જીભથી
તને પીવા માંડું અગન પીધી હોય એક ફરતી
શિરાઓમાં મારી, તરસનદી તારી લય–ગતિ."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૧૨)

કરડ નદી જ હવે રૂપવતી અને તરસ નદી બની જાય છે. જેને વાસ્તવમાં મળી શકાતું નથી. એ હવે આવું કાલ્પનિકરૂપ ધરે છે. 'રૂપવતીને તટે ઊભેલા વૃક્ષની વાસના' કાવ્યમાં કવિ કહે છે :

"રૂપવતી
વર્ષોથી તારે તટે તપમાં
એકપગે ઊભેલો હું
તારામાં હવે વહી જવા ચાહું છું."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૧૨)

### ૫.૩.૫ સ્થળ વિશેનાં પ્રકૃતિકાવ્યો :

'મર્મર' નામના કાવ્યસંગ્રહમાં અતીત ઝંખનાના વ્યતીતનાં કાવ્યો છે જ, પરંતુ એમાનાં કેટલાંક કાવ્યો સમગ્ર ભારતવર્ષના સામુહિક મનની સ્મૃતિઓમાંથી નિપજેલાં અજંતા, કાશી, આગ્રા, ચંદીગઢમાં, પાવાગઢના જંગલમાં જેવાં કાવ્યો પણ છે. 'અજંતા' કાવ્યમાં અજંતાની ગુફાઓ જોઈને કવિ આ રીતે વિગતકાળમાં સરી પડ્યા છે.

"અહો ખડકના કઠોર સ્તરને ખણી ખોતરી
કશી જીવનની લીલા પ્રકટ ચિત્રશિલ્પે કરી !

***  ***  ***

અરે કુહરગર્ભમાં નીરખું ધ્યાનમુદ્રાસ્થિત
તથાગત પ્રશાન્ત, સ્વસ્થ નયનાબ્જનિમીલિત."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૬)

અહીં જે વર્ણન છે તે વર્તમાનની ભૂમિકા ઉપરનું છે અને દર્શન વ્યક્ત થયું છે તે અતીતગામી છે. જે છે તે અને જે હતું તે બન્નેની વચમાં કવિ જે સંવેદન અનુભવે છે તે છેક બૌદ્ધકાળમાં લઈ જાય છે.

'ચંદીગઢમાં' કાવ્યમાં કવિ કહે છે :

"તવારીખનું તાજું પાન સ્મૃતિમાં તરે, આ ભૂમિ
પરે દિવસ એક દુર્દિન તણાં દદામાં બજ્યાં
ગયું ઝનૂન અંધ જાગી, હથિયાર હાથે સજ્યાં
અનેક ક્રૂર ખંજરોની અણીએ ચઢી જિન્દગી."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૮)

સ્મૃતિઓમાં બધું મિષ્ટ–મધુર જ નથી આવતું, કંઈક પીડાદાયક પણ આવી જાય છે. ક્યારેક જે ભવ્ય હતું તે આજે ખંડેરો જેવું દેખાય છે. એવું પાવાગઢના જંગલમાં જોઈને કવિના મુખેથી આવા શબ્દો સરી પડે છે.

"જીર્ણ અવશેષ આ મંદિરો, મસ્જિદો, કોટનાં કાંગરા
કાલની રજથી આચ્છાદિતા આ ધરા."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૯)

'પાવાગઢના જંગલોમાં' કાવ્ય વિશે દિનેશ પંડ્યા કહે છે : "કવિનો કેમેરો અહીં નિબીડ જંગલો, મંદિરો, મસ્જિદો, કોટ, ઘુમ્મટો, જળાશય જેવા સ્થળોએ ફરતો ફરતો ભૂતકાળના પાવાગઢના વૈભવને કાવ્યસૌંદર્યમાં મઢતો રહે છે. એ વૈભવની સામે કવિએ પાવાગઢના મૂળ વતનની આદિવાસીઓના પરંપરાગત રીતે પ્રાપ્ત થતા જતા વગડાના શ્વાસને પણ સરસ કંડાર્યો છે."[૧૯]

'પ્રિયજનની પગલીઓ' કાવ્યની પંક્તિઓમાં કવિ કહે છે :

"પ્રિયજનની પગલીઓ
જાણે વનફૂલની ઢગલીઓ !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૭)

કવિનું મૂળ વતન ગોઠ–ઘોઘંબા હોવાથી ત્યાં તેમણે બાળપણમાં જે મેળાઓ જોયા હશે તેનું વર્ણન પણ ઉત્પ્રેક્ષા અલંકારથી મઢેલી આ પંક્તિઓમાં જોવા મળે છે.

"આ શા માનવમેળા !
સાતે સાગર સામટા જાણે ઊમટ્યા પૂનમઘેલા !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૫૨)

કવિ ક્યારેક વતનની ભૂમિમાં ટૂંકી મુલાકાતે જાય છે, ત્યારે એકદમ પ્રાકૃત બનીને લોકસમૂહમાં ભળી જવાનો લોભ અને ઝંખના આ રીતે ગીત સ્વરૂપમાં પણ વહેતી મૂકે છે :

"આવ્યો છું તો લાવ જરા અહીં મળતો જાઉં,
આ મેળે જન લાખ, ભલા કૈં ભળતો જાઉં."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૫૫)

જીવન જીવવાની કળા જંગલમાં રહેતા આ ગ્રામજનોને તો હસ્તગત છે. મળતો જાઉં, ભળતો જાઉં, રળતો જાઉં, ગળતો જાઉં આ બધી પ્રેમની પરિભાષાઓ કે જે શહેરમાં રહીને કવિ ભૂલી ગયા છે એ પરિભાષાના આ શબ્દો સહજ રીતે પ્રાસમાં પણ મળી ભળી જતા લાગે છે. મનખાનો મેળો, ઝરમર વરસે મેહ ઉરની પાંખડીઓ, પાવાના ઊંડેરા જેવા શબ્દગીતો એક પ્રકારનું સંવેદન રચી આપતું હોય એવી પ્રતીતી થાય છે.

'ક્ષણોમાં જીવું છું' સમગ્ર કવિતાના નિવેદનમાં કવિએ નોંધ્યું છે કે, "ભાષાની અભિમુખરતાને અર્થની અતિસ્પષ્ટતા કાવ્ય માટે વર્જ્ય છે. .... વાતને મોટેથી કહેવી નહિ ને વાતને વિસ્તારીને કહેવી નહીં. ભાષાને જરા અડકીને એને જરા રમાડીને અળગા થઈ જવું, ભાવને જરા સ્પર્શીને વેગળા થઈ જવું."[૨૦]

'વતનમાં' નામક સૉનેટમાં કવિ વતનની કેડીઓ, ઝરણજલ, જલવમળ, તૃણ, સુરભિ વરતો અજાણ વિહંગ સાથે ગોઠડી કરી આવે છે. વિસ્મય હોય ત્યાં પરીલોક પણ હોય તેથી જ કવિ કહે છે :

"વતન વનની કેડીઓએ ફરી ડગલાં ભરું,
શિશુવયની સંતાતી જ્યાં ત્યાં પરી ઢૂંઢતો ફરું."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૬)

દિનેશ પંડ્યા નિર્દેશે છે તેમ, "વિસ્મયનો વિસ્મય કેવળ પ્રણય, પ્રકૃતિ કે પ્રભુભક્તિ જેવા સનાતન વિષયોની વિસ્મયકારક બાહ્ય પરિસ્થિતિઓથી ઉદ્ભવેલ વિસ્મય નથી પણ પ્રત્યેક પરિસ્થિતિની અંદર રહેલા તત્ત્વદર્શનના અનુભવોનો વિષય છે. આ ઘટના કવિતાલક્ષી બને છે."[૨૧]

'સ્મૃતિ' કાવ્યમાં કવિ લખે છે :

"બાગમાં ફૂલ જોઉં છું
ને દૂર
વનને પ્રાંત, મારે વતન વસતાં સાંભરે છે
એનાં સગાંવ્હાલાં."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૭)

કાવ્યમાં કવિ કડાનાં ફૂલથી મઘમઘ થતી વનની હવા, સાગનાં સોનેરી ફૂલથી ચળકતું આકાશ – આ બધું યાદ કરીને કવિ વતનપ્રીતિનો અનુભવ કરાવી જાય છે.

બાગમાં શહેરનાં ફૂલો જોઈને કવિને વતનની ભૂમિમાં ઊગતાં ફૂલોનું સ્મરણ તાજું થાય છે. એવી જ રીતે વર્ષા પણ એમના માટે સ્મરણ બની જાય છે. કારણ કે શહેરનો અને વનોમાં વરસતા વરસાદનો સાદ અને નાદ કંઈક જુદો જ હોય છે. તેથી જ કવિ 'વર્ષાસ્મરણ' કાવ્યમાં લખે છે :

"આ વર્ષાના ભીના દિવસે
આતુર મન મુજ વાદળ સંગે
વહે વતનને પંથે."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૭)

અહીં સ્મૃતિચિત્રો પણ સુરેખ રીતે ઊપસી આવ્યાં છે. ઘરનાં નીચાં નેવાં, આમલી ડાળે કોયલ ટહુકો, ઊંચેરા સાગ, નદી, ડુંગરમાળા જાણે હાથીકાળા – જંગલનું એક ઈન્દ્રિયગમ્ય ચિત્ર અહીં દૃષ્ટિગોચર બને છે. કવિએ પાંચેય ઈન્દ્રિયોથી પ્રકૃતિને પીધી છે. એનાં કર્ણગોચર, ચક્ષુગોચર ચિત્રો અહીં એની પૂરી સેન્દ્રિયતા સાથે ઊપસી આવે છે અને એમાં જ કવિની વિશેષતા છુપાયેલી નજરે પડે છે.

**૫.૩.૬ પ્રણય વિશેનાં પ્રકૃતિકાવ્યો :**

કાવ્યના શીર્ષક 'આનંદ છે' દ્વારા જ આપણને જણાય આવે છે કે, આ કાવ્યમાં કવિનો વતનથી વિખૂટા પડવાનો, વિરહ, વ્યથા, વેદના, દુઃખ પ્રગટ થતું નથી પણ કવિને આજે પોતે જ્યાં છે તે શહેરીજીવન, તેની સુવ્યવસ્થા, સુઘડતા પણ ગમે છે અને ભૂતકાળની ગ્રામીણ સ્થિતિ પણ ગમે છે. બન્નેમાં આનંદ છે. કાવ્યના આરંભમાં કવિ કહે છે કે ....

"ઈસ્ત્રી કરેલા વસ્ત્ર જેવા
આ સુંવાળા શહેરના રસ્તા ગમે,
દાઢી ઊગેલાં, કરચલીવાળાં મુખો શાં
વન ખેતરો મનમાં રમે."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૨૫)

કવિ માનવસર્જિત વ્યવસ્થાનો ઈન્કાર કરતા નથી પણ તેને સ્વીકારે છે. કવિએ શહેરના આ રસ્તાઓને 'ઈસ્ત્રી કરેલા વસ્ત્ર જેવા' એવી ઉપમા આપીને સુંદર સાદૃશ્ય રચ્યું છે.

વન અને ખેતરો એ કુદરતનું સર્જન છે તેને માણસના નિયમો લાગુ પડતા નથી. જ્યાં અવકાશ હોય ત્યાં વૃક્ષો ગમે તેમ ઊગી નીકળે છે. ખેતરો પણ નાનાં–મોટાં, લાંબાં, સાંકડાં, પહોળાં, માપ વગરનાં, અવ્યવસ્થિત રીતે રચાયેલાં હોય છે.

કવિને શહેરીજીવનમાં ગવાતી ચોક્કસ શબ્દોમાં, માપમાં એના બદ્ધ માળખામાં રચાતી ગીત પંક્તિઓ ગમે છે. કવિને શહેરના પોતાના ઘરના કબાટમાં રહેલાં પુસ્તકો, સંતોની છબીઓ તથા પોતાના મિત્રોની સોબત ગમે છે તો એ સાથે જ પોતાના વતનનો એ ગામચોરો, મંદિર પરની ધજા, ઝરણા તટે ઊભેલી ભોળી મુગ્ધ વન્ય કન્યાના ઝાંઝરનો અવાજ એવું કુદરતી સાહજિક જીવન કવિને ગમે છે. આનંદ આપે છે.

"આનંદ છે : સંસ્કારથી હું ધન્ય,
આનંદ છે : થોડો રહ્યો છું વન્ય !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૨૫)

કવિ આ વર્તમાન માનવસર્જિત સંસ્કારી, સુવ્યવસ્થિત, નિયમબદ્ધ જીવનથી પોતાની જાતને ધન્ય સમજે છે અને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. તો બીજી બાજુ આ શહેરી સંસ્કૃતિ રહેણી–કરણી, જીવનરીતિ સ્વીકારવા છતાં પણ પોતાનામાં એ માતૃભૂમિનો પ્રેમ, વતનપ્રેમ, તેની સાથેનો લગાવ હજુ પણ પોતાના લોહીમાં સચવાઈ રહ્યો છે. હજુ એ વન્યજીવન તરફનો લગાવ અકબંધ છે, તેનો આનંદ અનુભવે છે.

આમ, આ કાવ્યમાં કવિ બન્ને સ્થિતિમાં આનંદ જ અનુભવે છે. વર્તમાન શહેરી–જીવનની સ્થિતિમાં આનંદ અનુભવે છે તો બીજી બાજુ ગ્રામીણજીવન યાદ કરીને આનંદ વ્યક્ત કરે છે. કવિને આ માનવસર્જિત શહેરી સંસ્કૃતિ મનથી ગમે છે જ્યારે ગ્રામીણ સંસ્કૃતિને હૃદયથી ચાહે છે.

પ્રકૃતિનું સૌંદર્ય જ પછી કવિને નારીસૌંદર્ય પ્રત્યે આકર્ષણ અનુભવવાનું ઈજન આપતું હોય એવું પણ લાગે છે. જ્યાં પ્રકૃતિ હોય ત્યાં નારી પણ હોય જ. નારી સ્વયં પ્રકૃતિ જ છે ને ! 'આદર્શ યુવતી'માં કવિ લખે છે :

"જે નમ્ર તોય દૃઢ શીલ સ્વમાન ત્રાણે,
ફૂલો ખરે મુખથી, ખેરવી આગ જાણે."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૯)

અહીં નારીમાં જ પ્રકૃતિ છે. પ્રકૃતિમાં નારી છે. વતનની ભૂમિના પ્રાકૃતિક સૌંદર્યના દર્શનથી જ કવિની નારી સૌંદર્ય વિશેની સંકલ્પના લંબાઈ છે. 'વસંત કાવ્ય'માં કવિ લખે છે :

"વાયા વસંતપવનો જનમાં, અનંગે
પ્રત્યેક પુષ્પશર તીણું બનાવી તાક્યું,
વીંધાઈને જ રમવાનું સુરક્ત રંગે
ર્હેતું રખે ટીપુંય મોદતણું અચાખ્યું !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૧૨)

કવિને આદિમ આવેગથી પ્રકૃતિના નારીરૂપનો આસ્વાદ લેવો છે. એવો અતીતનો અને વતનની સ્મૃતિઓમાં જ શક્ય બની શકે ને ? તેથી જ કવિ વતનની ભૂમિના નારીરૂપ સૌંદર્યને વારંવાર વાચા આપે છે. શિશુ હતા ત્યારે પરીકથાઓ હતી. પ્રૌઢ થતાં જે રૂપ લાવણ્યનું આકર્ષણ હતું, ઈચ્છાઓ હતી, એનો પણ મોક્ષ તો થવો જોઈએ ને ? એ મોક્ષ આ પ્રકારના પ્રકૃતિનાં નારીરૂપ સૌંદર્યના, નારીના પ્રકૃતિમય સૌંદર્યના વર્ણનો દ્વારા પોષાય છે.

'તને ચાહી ચાહી' કાવ્યમાં કવિ કહે છે :

"તને ચાહી ચાહી સતત સપને જાગૃતિ વિશે
પ્રિયે તારી કેવી મૂરત મનમાં મેં ઘડી મૂકી !
ગુલાબી ગાલોમાં તગતગતી ઉષ્મા રુધિરની,
મદીલી બે આંખો મુજ હૃદયરંગે રતૂમડી."
( ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૩૨)

કવિના પ્રેમ અંગેની ઝંખનામાં પણ આ રીતે વંટોળો–વળાંકો આવ્યા છે. માતા, પિતા, પુત્રી, પત્ની, ઈશ્વર અને પછી પ્રિયતમા, જો કે આ પ્રેમમાં પણ કવિ પોતાની સંકલ્પના મુજબના કલ્પનો રચી કાઢે છે. કવિનો પ્રેમ શહેરીજન જેવો નથી, ગ્રામજન જેવો છે. એટલે કલ્પનોમાં પણ એવાં જ ઉપમેય ઉપમાનો આવે છે.

**૫.૩.૭ પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની કવિતા :**

'પિતાજીની શ્રાદ્ધતિથિએ' કાવ્યમાં પિતા, દાદાની સ્મૃતિ સાથે પિતાના મૃત્યુના વિષાદનો ભાવ ધ્વનિત થાય છે. પિતાના મરણની ક્ષણ કવિ આલેખે છે :

"પરસાળમાં જોયેલા
છેલવેલા
ભોંયે લીધેલા
શ્વાસોચ્છ્વાસ ઝડપથી ચાલે
જવાની ઉતાવળ, શય્યા જાણે સાલે !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૩૨)

શ્રાદ્ધના દિને, એ મૃત્યુશય્યા પર સૂતેલા પિતાની સ્મૃતિમાં સમગ્ર વતન, કવિ–હૃદય ઊગી આવે છે.

"મારું એકવારનું લીલુંછમ ગામ – હવે નથી
નદીકાંઠાનું એ ભર્યું પૂર્યું ઘર – હવે નથી
વગડો ઉજ્જડ, પહાડો બોડા, નદી નિર્જળ ...."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૩૨)

પિતાજીના અવસાનથી નિરાધાર, લાચાર બનેલા બાળકના વિષાદનું પ્રતીક ધ્વનિત થાય છે. પ્રકૃતિતત્ત્વોનાં વર્ણનમાં કવિના ચિત્તમાં સંચિત બાળપણના સંભારણાં કાવ્યનો વિષય બની હૃદયંગમ બને છે.

'બચુભાઈ' જયન્ત પાઠકનું હુલામણું નામ હતું. 'બચુભાઈનું ગૃહાગમન : એક બનવા જેવો બનાવ' કાવ્યમાં બચુભાઈના વિવિધ રેખાચિત્રો તેમના બાળપણના વિશ્વને ઊઘાડી આપે છે :

"એક સવારે આંગણ આવ્યા પંખી ટોળું થઈને
બંધ બારણાં ખોલો–બોલે–બોલાવો બચુભઈને,
અમે તમારે અસલ ઘરેથી વનવગડેથી આઈવાં
ભૂત આંબલે ભેજ્યો તે સંદેશ ચાંચમાં લાઈવાં."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૩૬)

કાવ્યના અંતે એ પંખી ટોળાની સાથે ઘરને તાળું મારી નીકળી પડતા બચુભાઈ પોતાની જાતને રોકી શકતા નથી, શૈશવના ભેરુઓનો ઝુરાપો કવિને પોકારે ત્યારે આ કવિની શી હાલત થાય ? કેવું ચિત્ર ખડું થાય ?

"ત્યાં તો નીકળે બ્હાર બચુભાઈ દિયે બારણે તાળું
પડોશીઓને કહે : આવજો, બોલાવે ઘર મારું

કાબર હોલાં તેતર લેલાં – કોઈ ખંભે, કોઈ માથે
એમ બચુભઈ ચાલ્યા વગડે વગડો લઈને સાથે.”
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૩૩૭)

જયન્ત પાઠક ‘વનાંચલ’ના કવિ છે. ‘વગડાના કવિ છે’ આ કાવ્યમાં વન, વતન, પ્રીતિ જીવંત ચિત્રાંકનોમાં નિખરી આવી છે.

‘વણઝારી વાવ’માં કવિના વતન ગામની વણઝારી વાવમાં ‘સીમ સીમ વરસોનાં ઊગી ગયાં છે ઝાડ’; એના પગથારે પનિહારીના ઝાંઝર ઝણકે છે, કંકણ રણકે છે અને એના અંબોડાની ગંધ હજુ હવામાં તરે છે ! એ વાતને ગોખલે સતીઓના શણગાર, કંકુના થાપાના સિંદુરિયા રંગ હજુ એવા જ અકબંધ છે. આ અતીતની થાપણ અમૂલ્ય છે, તેનો સળવળાટ જ તો કાવ્ય સર્જાવે છે ને ?

“સમયના વણજારાએ સંતાડેલી
અહીં અતીતની થાપણ –
સાચવવા મૂકેલી પળની સળવળ સાપણ.”
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૨૬૭)

કાવ્યોમાં કવિના મનોવિશ્વને પ્રમાણતાં રમણલાલ જોશી લખે છે કે, “અહીં ગ્રામજીવનની મધુરિમા અને શૈશવનું આકર્ષણ એક સાથે ગૂંથાઈ ગયાં છે, પણ હવે આ બિંદુએ પાછા વળવું કદાચ શક્ય નથી. કદાચ રુચે ન ય રુચે – આવો અવઢવ મિશ્રભાવ એવી જ નાજુક રીતે વ્યક્ત થાય છે.”[૨૨]

આ કાવ્યોમાં કવિને નિજી મુદ્રા પ્રાપ્ત થઈ ચૂકી છે. હવે ‘નવી આબોહવાને અનુકૂળ થવાની મથામણ’ શમી ગઈ છે. હવે તો મહાનગરમાં સુસંસ્કૃત પરિવેશની વચ્ચે રહીને કવિ

વગડાનો શ્વાસ શ્વસતા થઈ ગયા છે અને પ્રકૃતિ–સંસ્કૃતિ વચ્ચે જ્યારે કવિ તીવ્ર દ્વિધાભાવ અનુભવે છે ત્યારે તેમની સ્વાનુભૂતિ સર્વાનુભૂતિ બનીને અભિવ્યક્ત થાય છે.

'કીકીમાં', 'ક્હાન હવે' કૃષ્ણ ગોપીના મધ્યકાલીન પરંપરાના વિષયને કવિએ ગીત રચનામાં આલેખ્યો છે.

"કીકીમાં કેદ કરી લીધા
મેં કાનજીને કીકીમાં કેદ કરી લીધા !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૭૪)

'કીકીમાં'ની કલ્પના આહ્‌લાદક છે. ગોપીએ કાનજીને કીકીમાં કેદ કરી લીધા છે. હવે એમાંથી એ એને ક્યાંય છટકવા દેવા માગતી નથી.

"ભોળી નથી કે હવે લોચન ઉઘાડું
છોને વગડામાં વાંસળીઓ વાગે,
*** ***
વાંકા તે વેણના ને વાંકા વ્હેવારના
એમ વના થાય ના સીધા ! – મેં."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૭૪)

છેલછબીલા નટવર નાગર શ્રીકૃષ્ણની ગોપી કંઈ એમ હારી–થાકી જાય તેવી નથી, તેના વ્યંગ્ય વચનો 'ક્હાન'ની સાથે ભાવકને પણ મંદ મંદ સ્મિત કરવા પ્રેરે છે. પણ એમાં વ્યંજિત થતી વિરહની વેદના મનને વ્યાકુળ કરી દે છે. 'ક્હાન હવે'ની ગોપી વિરહની વેદનાને પચાવીને બેઠી છે.

"ક્હાન હવે ગોકુળ ન્હૈં આવો તો ચાલશે."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૭૪)

બીજું તો કંઈ નહિ, આટલાં ફૂલ ખીલતાં હતાં તેમાં 'વિરહાની વેલ એક ફાલશે' વ્યંગ કટાક્ષના નકારમાં કૃષ્ણના મિલનની અભિલાષા કવિએ સ્ફૂટ કરી છે. કાવ્યના અંતે વિરહનું દર્દ પરાકાષ્ટાએ પહોંચ્યું છે.

"નીંદર નિરાંતનીમાં સળવળતાં કોઈવાર
પડખામાં ઝીણું ઝીણું સાલશે – ક્હાન."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૭૫)

'ઘાસ' કાવ્યમાં પોતાના બંગલાના કમ્પાઉન્ડમાં ઊગેલા અસંસ્કૃત ઘાસને સંસ્કૃત થયેલા કવિ ઉખેડી તો નાંખે છે, પણ કવિનું મન ઘાસ સાથે તાદાત્મ્ય સાધી, એ ઘાસરૂપે ઊગી જવાની ઝંખના અનુભૂત કરે છે, પણ હવે શું ? એટલે કાવ્યના અંતે ....

"નખમાં થોડી ભરાઈ રહી છે માટી
હવે એમાં ઊગશે કે
ઊગશે કે પેલું અસંસ્કૃત ...."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૯)

નગરજીવન જીવતા કવિ 'ઘર બાંધે છે' પણ એ 'ઘર બાંધતાં' કાવ્યમાં વિશિષ્ટ સંવેદન જોવા મળે છે. સીમેન્ટ, ઈંટ, કોંક્રીટનું મકાન બાંધતા ધરતીના દેહરૂપ ભૂમિને ખોદવી, ખણવી તો પડે જ ! એ મુલાયમ માટીને સ્પર્શી, તેની મીઠાશ ચાખી જોઈ અને તેની ભીની, મીઠી સુગંધ માણી પણ જોઈ. એ માટીમાં મૂળિયાં ઊગેલાં જોઈને કવિને સાંત્વના મળે છે અને કવિને એ મૂળિયાં બોલતાં સંભળાય છે.

"વર્ષો પચાસ શતની કશી રે વિસાત !
ઊગી જશું ધરશિરે બની ઘાસ ઘાસ."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૪૯)

આમ, નગરજીવનના સભ્ય સમાજ વચ્ચે રહેતા વનાંચલના કવિમાં ક્યારેક વગડો, તો ક્યારેક ઘાસ, તો વળી ક્યારેક વૃક્ષ આવી વસી જાય છે, અને ક્યારેક મહાનગરમાં શ્વાસ લેતા તેમનું શરીર–મન જાણે આદિમ અંધકારનો પણ ક્યારેક અનુભવ કરે છે. વનવગડા સાથે એમનો સંબંધ ઘણો પુરાણો છે. 'આદિમ અંધકાર' કાવ્યમાં અંધકારના આદિમ વનથી અસલ વતનથી જાણે હમણાં જ જન્મ્યા હોય.

"અંધકારના આદિમ વનથી
– અસલ વતનથી –
હમણાં આવ્યો છું બ્હાર
હજી હમણાં છેદાઈ નાળ !"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૬૫)

એવી અનુભૂતિ કરે છે, જાણે વાળમાં અંધારાની જાળ અને રોમરોમમાં આદિમ જંગલી ઘાસ પુલકિત થઈ ઊઠ્યું ન હોય ! નખની માટીમાંથી ધરબાયેલાં અંધકારનાં બીજ, ચામડી જાણે વૃક્ષના થડની પતીજ, આંખમાં તારા ભર્યું તમિસ્ત્ર અને છાતીમાં ભૂખ છીંકોટા કરતું કાળું કાળું રીંછ, નશેનશમાં ભયના આદિમ લયની ઈન્દ્રિય પ્રત્યક્ષ અનુભૂતિમાં વતન–સ્વજન, શૈશવ ઝૂરાપો વ્હેરાતો અનુભવાય છે.

"મારામાં ફૂલ્યો ને ફાલ્યો
અંધકારનો આદિમ વગડો

વ્યોમભોમ વ્યાપીને

ઊર્ધ્વ દશાંગુલ ખડો."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૬૬)

અહીં કવિનો સ્વાનુભવ સર્વાનુભવ બનીને માનવીના આદિમ અંધકારના કવિએ કરેલાં ઈન્દ્રિય પ્રત્યક્ષ વર્ણન દ્વારા હૃદયસ્પર્શી બને છે.

'વતનમાં' સૉનેટ કાવ્યમાં પુનઃ વતનની કેડીએ ડગલાં ભરતા એ ઝરણાંના નીરમાં કવિ પોતાનું શૈશવ શોધે છે. પોતાના ગામની પ્રકૃતિને ફરી માણતા કવિના ભાવવિશ્વમાં અતીતના કમાડ ખૂલી ગયાં છે ને 'તિમિર અજવાળેલું ખોલે અદીઠ રહસ્યને' એ ભાવસ્થિતિ કવિ પામ્યા છે.

"વતનવનની કેડીઓએ ફરી ડગલાં ભરું,

શિશુવયની સંતાતી જ્યાં ત્યાં પરી ઢૂંઢતો ફરું."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૬)

એ જ ભાવ 'શૈશવદર્શન' સૉનેટ કાવ્યમાં ઘુંટાય છે. અહીં શૈશવના સ્મરણની સાથે જ વિસ્મયનું વિશ્વ પણ ઉઘડે છે. આકાશ, ચંદ્ર, સૂર્ય, તારાઓ સર્વ પ્રકૃતિતત્ત્વોમાં બાળપણની એ સૃષ્ટિ કવિ માણે છે.

"શશી સૂરજને તારાઓની હજી ધરતી પ્રતિ,

નજર રહી એવી ને એવી સવિસ્મય ટીકતી,

વતનવનનાં એકાંતમાં મળ્યું મુજ શૈશવ

વિલસતું વળી સૃષ્ટિ ગામે દીઠું ચિરશૈશવ."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૭)

શિશુવયમાં જોયેલા, માણેલાં, અનુભવેલાં, પ્રકૃતિ સૌંદર્યના સંસ્કાર, મહાનગરના બાગના પુષ્પો નિહાળીને સ્પંદિત થઈ ઊઠે છે અને એ અનુભૂતિ 'સ્મૃતિ' કાવ્યરૂપે વ્યક્ત થાય છે.

"મારા બાળપણના ભેરુઓ :"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૭)

કવિને વાડામાં કાંટાસળીના છોડ, પીળાં ફૂલ ને મધ ચૂસવાની મઝા, વનવગડાના ઘાસમાં અગણિત ચૂભતા કાંટાની વેદના, આ બધું યાદ આવે છે.

"વન્ય પેલું મારું શૈશવફૂલ."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૯૭)

શહેરી બાગમાં ફૂલ જોઈને દૂર–સુદૂરના સાંભરી આવતાં સગાં–વહાલાં, કવિના સ્મૃતિ–સંવેદનોને જાગ્રત કરી આપે છે. આમ, શૈશવના સંસ્મરણો કવિ કાવ્યમાં વ્યક્ત કરે છે. પૃથ્વી પ્રીતિ વિશે સુરેશ દલાલ નોંધે છે કે, "પૃથ્વી પ્રીતિની અભિવ્યક્તિઓ પહેલાં જે વ્યાપક રીતે થઈ હતી. એમાં જ આ કવિએ પોતાનો સૂર મેળવ્યો છે. જેમ વિશાળ દુનિયાની અંદર ઓચિંતુ આપણું સ્વજન મળી જાય એમ કવિને કાવ્યો લખતાં લખતાં, કોઈપણ કવિને અનિવાર્યપણે ભોગવવી પડતી સફળતા–નિષ્ફળતા ભોગવતાં, ભોગવતાં પોતાનો ખૂણો મળે છે. આ કવિનો પોતાનો ખૂણો છે તે વતનપ્રેમ. જન્મભૂમિની આ પ્રીતિ એ એમના પ્રત્યેક ઉદ્‌ગારનો સાર છે."[૨૩]

કવિએ બાળપણમાં માણેલા પ્રકૃતિ સૌંદર્યને વિવિધ સ્વરૂપે સ્ફૂટ કર્યું છે. 'ક્ષિતિજ' કાવ્ય સંચયના પ્રથમ સૉનેટની ચોટની કાવ્યપંક્તિમાં એ વિસ્મય ભાવ જોવા મળે છે.

"નિહાળું હું પૃથ્વી ગગનતણી સૌ મોહક ચીજ
રચાતી મારામાં દ્રયમિલનની ઝાંખું ક્ષિતિજ."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૮૯)

કવિની પ્રકૃતિપ્રતિ અને વતનપ્રેમ બન્ને એમનાં સૉનેટ કાવ્યોમાં સુપેરે પ્રગટ થાય છે. કવિ 'વિસ્મય' કાવ્યસંગ્રહમાં પ્રથમ કાવ્યની પહેલી જ પંક્તિમાં કહે છે :

"મને આ પૃથ્વીને ગગનની ગમે નિત્યનવલી લીલા."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૮૯)

આ કવિ ખરેખર જ 'વગડાના કવિ' છે એવી પ્રતીતિ થાય છે. કવિનું 'આદિમતાની એક અનુભૂતિ' સૉનેટમાં પરંપરાથી અળગા થઈ અપૂર્વતાનો અનુભવ કરાવે છે.

"હું આવું છું પાછો, બહુ દિન પછી, ઘેર : વનમાં,
ઉતારી નાખું છું વસનપુરના સભ્ય જનનાં;
પહેરી લૌં લીલું પટ ઊડતું વાતા પવનમાં,
હું આદિવાસી શો ફરું અસલ વાતાવરણમાં."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૭)

ઘેર વનમાં પ્રવેશેલા નાયકના વિશિષ્ટ અનુભવનું કલાત્મક આલેખન છે. વનમાં પ્રવેશતાં જ એ જાણે કે એક આદિમાનવ બની રહે છે અને સભ્યજનના નગરનાં વસ્ત્રો ઉતારી નાખી લહેરાતા પવનમાં ઊડતું પ્રકૃતિનું લીલું પટ પહેરી લે છે. વનની અપાર સમૃદ્ધિ વચ્ચે અસલ વાતાવરણમાં એ પૂરી મસ્તી અને મોકળાશથી ઘૂમવા લાગે છે.

"ફૂલોમાં ઊંડેરો ઊતરી મધુ પીતો ચશચશી,
રજોટાતો, પાવા વિહગગણ કેશ બજવતો;

મહેકી માટીમાં વૃષભ મદીલો શૃંગ ઘસતો,
હું તાડોમાં ડોલું અસલિયતનો આસવ ઢીંચી.”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૭)

ભ્રમર બની ફૂલોમાં ઊંડો ઉતરે છે. ચશંચશી પુષ્પમધુ પીએ છે. પંખીઓના પાવા બજાવતો ધૂળમાં રજોટાય છે. મહેકતી માટીમાં મદીલો વૃષભ બની શિંગડા ઘસી રહે છે અને અસલિતનો આસવ ઢીંચીને તાડોમાં ડોલવા લાગે છે. પ્રકૃતિનું સઘન મદીલું ચિત્તાકર્ષક સૌંદર્ય અહીં છલકાય છે.

ત્રીજા ચતુષ્કમાં નાયકની પ્રકૃતિ સાથેની રતિક્રિડાનું આલેખન કરવામાં આવ્યું છે. પ્રકૃતિનું નર્યું કમનીય નારીરૂપ ઉપસવા લાગે છે. તૃણના રોમાંચે તરવરતી ટેકરીઓ, સુંવાળીને લીસી ધુત ઝરણજંઘા અને ઊંડેરી ખીણો આ તમામના સૌંદર્યમાં અશેષપણે લીન થઈ જાય છે. કવિ આદિમ પ્રકૃતિ પ્રત્યેના ઉત્કટ રાગાવેગને પ્રગટ કરે છે.

“પુરાણું આ મારું વન–ઘર, નહીં છપ્પર–ભીંતો;
અહીં અંધારાથી, શરમ મૂકીને, સૂર્ય રમતો.”

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૭)

આ વનરૂપી ઘરના, એને નથી છાપરાં, નથી ભીંત. એ છે આદિકાળનું પુરાણું ઘર, વતન, પ્રકૃતિ પ્રત્યેના પ્રગાઢ પ્રેમને આદિમ આકર્ષણને કવિએ કલાત્મક અભિવ્યક્તિ આપી છે.

‘તે રાતે’ કાવ્યમાં કવિ કેટલાંક પ્રકૃતિ ચિત્રોનું આલેખન કરે છે. એમ કરતાં કવિ મોડે સુધી જાગે છે. કવિતા કરવાના કાર્ય સાથે મોડે સુધી જાગવું એ કવિનું જાગરણ છે.

કવિ કલ્પનાથી વાતથી શરૂઆત કરે છે. સ્નેહમિલનના કોઈ કાર્યક્રમનું આયોજન થયું હોય એવું ભાવક અનુભવે છે.

"તે રાતે
વૃક્ષો એકબીજાને મળવા જતાં હતાં;
આંગણાની વેલ
વાડમાંથી સરકીને
બાજુના ઘરના ગુલાબ સાથે
વાતે વળગી હતી."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૧)

તે રાતે વૃક્ષો એકબીજાને મળવા જતાં હતાં. આંગણાની વેલ, વાડમાંથી ધીરે ધીરે સરકતી સરકતી બાજુના ઘરના વાડામાંના ગુલાબના છોડ સાથે વાત વળગી હતી અને પપૈયાનું ઝાડ હાથ ફેલાવીને જાણે કે કોઈને બોલાવી રહ્યું છે :

"પપૈયાનું ઝાડ એના હાથ ફેલાવીને
કોઈને બોલાવી રહ્યું હતું :
મોગરાના છોડ પર
તારાઓ આવીને ગોઠવાઈ ગયા હતા."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૧)

કવિનું અદ્‌ભૂત કલ્પન પ્રગટ થતું જોઈ શકાય છે. કેમ કે મોગરાના છોડ પર તારાઓ આવીને ગોઠવાઈ જતા ના હોય ! અને મંદ મંદ વાતા પવનથી ગલીપચીનો અનુભવ કરતાં આંબાના પાન ખડખડાટ હસતાં હતાં.

"હેઠાં ઉતરીને ચાંદ
છાયાનાં છૂંદણાં ઉપર
આંગળીઓ ફેરવી ફેરવી
મલકાતો હતો."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૯૨)

દિનેશ પંડ્યા નોંધે છે કે, "પાંચમા દાયકાની આસપાસ ફણગેલું જયન્ત પાઠકનું કાવ્યબીજ આજે સતત વિકાસ સાધતું એક ફળેલું – ફૂલેલું કાવ્યવૃક્ષનો આકાર ધારણ કરી ચૂક્યું છે."[૨૪]

કવિ કેટલા બધાં પ્રકૃતિચિત્રો આલેખે છે. આ બધાનો કવિ અનુભવ કરતા હોય છે. તેથી જ તો મોડે સુધી જાગતાં જાગતાં કલ્પનામાં એકબીજાને મળવા જતાં વૃક્ષોને તે જોતો હોય છે. આમ, પ્રકૃતિનાં ચિત્રો સાથેનું યશ અપાવે તેવું સુંદર ચિત્રણ કવિએ આ કાવ્યમાં કર્યું છે.

જયન્ત પાઠક ગામની આજુબાજુની પ્રકૃતિમાં ઉછર્યા છે, રમ્યા છે. એ પ્રકૃતિ પ્રત્યે અપાર પ્રીતિ છે. જયન્ત પાઠકે પ્રકૃતિને માત્ર જોઈ જ નથી, પરંતુ પ્રકૃતિ સાથે એકાકાર થઈને બરાબર માણી છે. પ્રકૃતિ તત્ત્વો સાથે અતૂટ પ્રીતિ બંધાયેલી જોવા મળે છે. પ્રકૃતિતત્ત્વો સાથે એકાકાર થઈ જાય છે. તેની અનુભૂતિ આપણને 'વૃક્ષો' કાવ્યમાંથી અનુભવવા મળે છે. 'વૃક્ષો' કાવ્યમાં કવિનો વૃક્ષો પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયેલો જોવા મળે છે. કવિ પ્રકૃતિની ગોદમાં ઉછરેલા છે. ડુંગરો ને કોતરોમાં ભટક્યા છે. વૃક્ષોની આંગળી પકડીને વગડે વગડે ભમ્યા છે. પ્રકૃતિને મન ભરીને જોઈ છે, તેથી જ કવિ 'વૃક્ષ' કાવ્યની પ્રથમ પંક્તિમાં જ કહે છે :

"વૃક્ષો મને ગમે છે.
અરણ્યમાં અડાબીડ ઊભેલાં

એકબીજાને ખભે હાથ નાખી
પવનના પ્રવચનને ડોક હલાવી ચગાવતાં વૃક્ષો."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૭)

વૃક્ષો પ્રત્યેની પ્રીતિ, લગાવ, મમતા જોવા મળે છે. કવિને રોમે રોમ પ્રકૃતિ વળગેલી છે. જેને કવિ ક્યારેય અળગી કરી શક્યા નથી. સતત એ પ્રકૃતિને કવિ એકાંતમાં સેવ્યા કરે છે. સ્મૃતિમાં સાચવ્યા કરે છે. જે પ્રકૃતિ પ્રત્યેની પ્રીતિ કવિતામાં સહજ જોવા મળે છે. પ્રેમભાવ વગરનું નીરસ જીવન જીવતા મનુષ્યની સરખામણીએ પ્રકૃતિમાં કેટલી આત્મીયતા છે. વૃક્ષો એકબીજાની નજીક ઊગે છે, ઉછરે છે છતાં એકબીજાને ફરિયાદ કરતાં નથી કે અડચણ રૂપ બનતાં નથી. વૃક્ષોમાં રહેલી નિર્દોશતાને લીધે જ કવિને વૃક્ષો ગમે છે. પવનના પ્રવચનો સાંભળીને જાણે વૃક્ષો ડોલી ઊઠતાં હોય છે એવી સુંદર કલ્પના કવિએ કરી છે :

"નદી – કાંઠે
આપઘાત માટે
ઢીલે પગે ઊભેલાં એકાકી વૃક્ષો."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૭)

નદી કાંઠેના વૃક્ષોને કવિ પોતાના જીવનના પ્રતીક તરીકે મૂકતા હોય એવું જોવા મળે છે. બાળપણમાં પ્રકૃતિની ગોદમાં ઊછર્યા પછી પ્રકૃતિની વિખુટા પડવા માટે જ કવિનું જીવન નિર્માયું હોય તેવું અનુભવે છે. પ્રકૃતિમાંથી કવિ સંસ્કૃતિમાં – શહેરમાં જાય છે. ગામડામાં જન્મેલો, ઉછરેલો કવિ વૃક્ષોને બરાબર ઓળખે છે. વૃક્ષોની ઉપયોગિતાને પણ બરાબર જાણે છે. ખેતરના શેઢે ઉગેલાં વૃક્ષો પરોપકાર માટે જ જીવતાં હોય છે.

"ખેતર–શેઢે ખડાં
શહીદ થવા

ધીરવીર રૂખડાં,

વૃક્ષો, મારા વનવાસીના ભેરુ."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૭)

ખેતરના શેઢે ઉગેલાં વૃક્ષોને ખેડૂત બિનજરૂરી હોય કાપી નાંખતો હોય છે. કવિને એ કપાતાં વૃક્ષો એ માત્ર વૃક્ષો જ નથી દેખાતાં પણ એક શૂરવીરની અદાથી સામી છાતીએ લડતા અને શહીદ થતાં વૃક્ષો દેખાય છે. શહીદ થઈને પણ ખેડૂતોના વનવાસીઓના ભેરુ બનીને રહે છે.

"અંતરનો આત્મા વૃક્ષો સાથે જ જન્મોજન્મનો નાતો ધરાવે છે. કવિને વૃક્ષોમાં રહેલી મહાનતા દેખાયા વગર રહેતી નથી. વૃક્ષો સાથે, વૃક્ષોમય જીવન જીવેલા કવિ વૃક્ષોની મહાનતાને બરાબર ઓળખે છે. તેથી જ તો કવિ અંતરની ઓળખથી વૃક્ષોની મહાનતા રજૂ કરી શકે છે."[૨૫] તેથી જ તો બા પ્રશ્ન કરે છે કે, 'ગયા જનમમાં ઝાડ હતો કે શું ?' એના જવાબમાં કવિ કહે છે કે, 'ગયા જનમમાં તો વૃક્ષ હતો જ પરંતુ કદાચ આજેય છું.' આવી વૃક્ષો પ્રત્યેની પ્રીતિ હોવાને લીધે જ કવિ વૃક્ષોને ક્યારેય ભૂલી શકતા નથી. સ્મૃતિમાં ટકેલી પ્રકૃતિને આધારે જ કવિ જીવન જીવતા હોય તેવું જોવા મળે છે. સ્મૃતિમાં સાચવેલી પ્રકૃતિ વૃક્ષોને લીધે જ કવિ ખુમારીભેર જીવન જીવે છે. જો એ પ્રકૃતિ કે વૃક્ષો સ્મૃતિમાં ના હોત તો ....

"પગ મારા ટટાર ....

પૃથ્વી રોપ્યા ક્યાંથી હોત ?"

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૮)

પોકળ નગર સંસ્કૃતિમાં કવિ પ્રકૃતિને વાગોળ્યા કરે છે.

"હોત ક્યાંથી હાથ
શાખાઓ જેમ ભીડતા બાથ ?"
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૮)

'ભીડતા બાથ' શબ્દોએ કવિની વૃક્ષો પ્રત્યેની, વૃક્ષોના પ્રેમને પામવાની ઉત્કંઠા બરાબર બતાવી આપે છે. વૃક્ષોમય બની ગયેલા કવિને આંખોના પલકારામાં વૃક્ષોનાં પાંદડાં ફરફરતાં જોવા મળે છે. પ્રકૃતિ તત્ત્વોથી વિખૂટા પડી ગયેલા કવિ ફરી પ્રકૃતિ સાથે નાતો જોડવાનો પ્રયત્ન કરે છે. પણ નાતો જોડવા માટે કવિ પાસે માત્ર સંસ્મરણો છે. પ્રકૃતિમય જીવન જીવવાની અદમ્ય ઈચ્છા જોઈ શકાય છે.

વૃક્ષોમય બની ગયેલા કવિને વૃક્ષો જેમ જટાઘટામાં સૂર્ય ધારાને ઝીલે છે તેમ ઝીલવાની ઈચ્છા થઈ આવે છે.

"વૃક્ષો મને ગમે છે
વૃક્ષો મારા ભેરું
વૃક્ષો હું .... "
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૮૮)

કવિ વૃક્ષોને પોતાના ભેરુ તરીકે ઓળખાવે છે. પોતાની જાતને વૃક્ષોથી – પ્રકૃતિથી અળગી કરી શકતા નથી. વૃક્ષો અને પોતાની જાતને એક જ ગણે છે, પણ આટલાથી જાણે કવિને સંતોષ ન થયો હોય તેમ કહે છે કે, 'વૃક્ષો હું' એમાં કવિ પ્રકૃતિમય બની જાય છે.

સૃષ્ટિના તમામ જીવ માટે ઘર એ પાયાની જરૂરિયાત છે. કવિ જ્યારે ઘર બાંધે છે તો, ત્યારે કોઈને સ્વપ્ને પણ નહોતો થયો, એવો જુદા જ પ્રકારનો વિશિષ્ટ અનુભવ કરે છે. એ જ ઘર બાંધવાની ક્ષણની અનુભૂતિમાંથી 'ઘર બાંધતાં' કાવ્યનું સર્જન થયું છે.

"આ એક ભૂમિટુકડો : ધરતીશરીરે
નાનું અમસ્તું તનું ટપકું, હું તેનો
માલિક, મૂકું હકથી પગ તે અહીં જ;
ખોદું, ખણું, ચણું વળી ઘર મારું એમાં."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૪૮)

કવિ પ્રકૃતિના ખોળેથી, નગરસંસ્કૃતિમાં આવીને વસે છે અને પોતાનું ઘર ત્યાં જ બાંધવા માટે, ધરતીના શરીર પરનાં તલનાં ટપકાં જેટલી જમીન ખરીદે છે અને પોતાને ઘર માટેનો વર્ષોના ઝુરાપાનો અંત આણવા ઘર બાંધે છે. આ ઘર બાંધવાની પ્રક્રિયામાંથી કવિની આનંદમિશ્રિત સંવેદનની અનુભૂતિ અને કવિનો પ્રકૃતિપ્રેમ પણ પ્રગટ થાય છે.

"માટી તણા કણકણે મુજ માલિકીની
હું જોઉં મ્હોર, લઈ ઢેફું જરાક ભાંગુ
– કેવું મુલાયમ, કશું ગળ્યું ગોળ જેવું !
સૂંઘું ભૂમિનિહિત આદિમ ભીની ગંધ."

(ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૪૮)

કવિએ ધરતીનાં એ ટૂકડા ઉપર પોતાના મિથ્યા માલિકીભાવને વ્યક્ત કર્યો છે. પૃથ્વીના વિશાળ તટ ઉપર એ ભૂમિ ટૂકડો તો, ધરતીનાં શરીર પરનું નાનું અમસ્તું તલનું ટપકું ગણાય, એવા ટૂકડા ઉપર કવિ માલિકીપણાના ભાવથી પગ મૂકે છે.

કવિ પોતે ખરીદેલ માલિકીના ભૂમિ ટૂકડાને ખોદતાં, એમાંથી નીકળેલ ઢેફાને જુએ છે અને હાથમાં ઉપાડે છે. સહજ ભાવે ભાંગે છે. કવિને આ ઢેફું મુલાયમ અને ગોળ જેવું ગળ્યું લાગે છે. કવિએ પણ શૈશવકાળમાં પોતાના વતનના ઢેફાનો સ્વાદ માણ્યો છે. એટલે તો કવિ 'આદિમ ભીની ગંધ' શબ્દ દ્વારા માટીના આ ઢેફાના સ્પર્શ દ્વારા મનોમન પોતાના

વતનમાં પહોંચી જાય છે. તેઓ પ્રકૃતિ – વતનને ભૂલી શકતા નથી તેની પ્રતીતિ કરાવી જાય છે.

> "વર્ષો પચાસ શતની કશી રે વિસાત !
> ઊગી જશું ઘર શિરે બની ઘાસ ઘાસ."
>
> (ક્ષણોમાં જીવું છું, પૃ. ૧૪૯)

કવિ અહીં બંગલા માટેની જમીનને માનવ સંસ્કૃતિના વિકાસનું પ્રતીક તરીકે યોજે છે. તો સમૂળુ માટીનું ઢેફું પ્રકૃતિના સનાતન સત્યનું પ્રતીક છે. મનુષ્ય સંસ્કૃતિ નાશવંત છે. મનુષ્ય સંસ્કૃતિ ગમે એટલી પ્રકૃતિ ઉપર વિજય મેળવે છતાં, આ બધા વિજય માલિકીપણાના ભાવ કેવા મિથ્યા ને પોકળ છે એનો ખ્યાલ આપે છે. ધરતીનાં ઊંડાણમાં વર્ષો પહેલાં ધરબાયેલાં બીજ, પાંચસો વર્ષ પછી પણ મનુષ્યે બનાવેલ મકાનની સિમેન્ટ ઈંટની નક્કર દિવાલોને પણ ભેદીને, ઘાસ કે તરુરૂપે એ ચોક્કસ ઊગી નીકળે છે.

આમ, આ સૉનેટ કાવ્યમાં કવિએ પોતાનું ઘર બાંધવાની પ્રક્રિયા દરમિયાન પોતાના માલિકીના માટીના ઢેફાંનો સ્પર્શ કરતા કવિ છેક નગર સંસ્કૃતિમાંથી વનસંસ્કૃતિ સુધીની પરિકમ્મા કરાવી, આ બન્નેના વૃંદના અંતે માનવ સંસ્કૃતિ પણ ક્ષીણ છે, નાશવંત છે. જ્યારે વનસંસ્કૃતિ – પ્રકૃતિ શાશ્વત છે, વિજયવંત છે તેનો સુંદર કવિત્વમય શૈલીમાં ચિતાર આપે છે. 'વગડાનો શ્વાસ' કાવ્યસંગ્રહના સંપાદક સુરેશ દલાલે કવિ જયન્ત પાઠક માટે સૉનેટ સ્વરૂપ વિશે આ પ્રમાણે વિધાન કર્યું છે : "કવિશ્રી જયન્ત પાઠકની કાવ્યસૃષ્ટિમાં સૉનેટો સ્વમાનભેર જીવે છે."[૨૬] આ વિધાનને ચિરંજીવતા અર્પનારા સૉનેટોમાંનું, તે આ એક 'ઘર બાંધતા' સૉનેટ છે.

જયન્ત પાઠક વગડાના કવિ છે. તેમની કવિતાને પ્રકૃતિનો રંગ બેઠો છે અને પ્રણયનો ભેજ લાગ્યો છે, એમ જરૂર કહી શકાય.

"અબોલા ક્હાનથી લીધા રાધાએ બસ ત્યારથી
મહત્તા મૌનને લાધી, પ્રીતિના અર્થભારથી."
(ક્ષણોમાં જીવું છું, પૃ. ૪૮)

'અબોલા' એ એમનું મુક્તક કાવ્ય છે. આ પંક્તિ દ્વારા કવિ રાધા–ક્હાન વચ્ચેનો જ નહિ, જગતના પ્રણયીજનો વચ્ચે મૌનનો પણ કેટલો મોટો મહિમા છે તેની વિગતો–વાતો નાની અમથી પંક્તિ દ્વારા વ્યક્ત કરે છે. તેઓ કહે છે કે, જ્યારથી કૃષ્ણ ભગવાન જેવા પ્રેમી સાથે રાધાએ અબોલા લીધા ત્યારથી મૌનનો મહિમા વધી ગયો છે. રાધા–કૃષ્ણ વચ્ચે અબોલાનું કારણ શું પ્રેમ ? એ પ્રેમ વધુ ગાઢ–પ્રગાઢ બનવાનું નિમિત્ત એ મૌન મારફતે મળે છે.

'અબોલા' એક રીતે તો એ પરલક્ષી પ્રણયકાવ્ય છે. મૌનની આસપાસ પ્રણયમઢ્યા એહસાસભારની પ્રતીતિ થાય છે એનું અહીં વર્ણન છે. ટૂંકમાં રાધા–કૃષ્ણનો પ્રેમ મૌનને કારણે વધુ સઘન–પ્રગાઢ બને છે, એ દર્શાવવાનો અહીં પ્રયત્ન છે. પરંતુ એથી વધુ કવિની તો પ્રેમ અને મૌન બન્ને શબ્દોને વ્યાખ્યાયિત કરવા જેટલી ક્ષમતા જોવા મળે છે. મૌનને કારણે વિરહી હૃદયની વેદના અને ગાઢ પ્રેમની શુચિતાને પ્રગટ કરતી અર્થવ્યંજકતા પ્રયોજીને કાવ્યને કવિએ સૌંદર્ય બક્ષ્યું છે.

## ૫.૪ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાનાં સ્વરૂપ :

### ૫.૪.૧ ગીત :

માણસ કવિતા લખતો થયો તે પૂર્વે પણ એ પોતાના હર્ષોલ્લાસ, વ્યથા, વિષાદ આદિ વિવિધ ભાવોને, કોઈને કોઈ રીતે ગાયા વિના રહી શકતો નથી. ગીત શબ્દમાં જ ગાવાની ક્રિયા ધ્વનિત થાય છે. ગવાય તે ગીત. એટલે જ સુંદરમે – "સંગીત અને કવિતાના

સહિયારા સીમાડા પરનો છોડ"[૨૭] કહીને ગીતનો મહિમા કર્યો છે. દેશવિદેશનાં લોકગીતો આજેય શાખ પૂરે છે કે, કવિતા ન સમજતા, અબુધ અણઘડ લોકો પણ લગ્નગીતોમાં, પરાપૂર્વથી પોતાનો ઉલ્લાસ વ્યક્ત કરતા ને શોક વ્યક્ત કરવા મરશિયાં ગાતા પ્રાચીન વેદકાળમાં પણ વેદ ગાનનો વિષય હતો.

મધ્યકાળના પદ્યપ્રધાન સાહિત્યમાં પણ ફાગુ, રાસ, ગરબા, ગરબી, પદ, ભજન આદિ પ્રકારો ગેય હતા. આખ્યાન પણ ગાઈને જ રજૂ કરાતાં હતાં એટલે ગીત, સંગીત અને કવિતાનો સખી સંબંધ – ત્રિવેણી સંગમ તો પરાપૂર્વથી ચાલી આવ્યો છે. ગીત અને સંગીતનું સાયુજ્ય સધાય ત્યારે ભાવકોને તે રસાર્દ્ર – ભાવાર્દ્ર કરે છે.

જયન્ત પાઠકની ગીત સરવાણી 'મર્મર' સંગ્રહમાં લગભગ પાંત્રીસેક 'વિસ્મય'માં છે એક 'સર્ગ'માં એકત્રીસેક કવિતાના વિકાસના પ્રથમ તબક્કે અસ્ખલિત વહેતી રહે છે. જયન્ત પાઠકે સંખ્યાબંધ ગીતોથી, ગીત સાહિત્યની સમૃદ્ધિમાં ઉમેરો કરવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. 'દ્રુતવિલંબિત' અને મરણોત્તર પ્રકાશન 'અક્ષર પગલે' સુધીના કાવ્યસંગ્રહો સુધી એમ તો ગીત સરવાણી છેક સુકાઈ ગઈ નથી. કવિની સમગ્ર કવિતાના અનુલક્ષમાં જોઈએ તો, કવિની ગીતપ્રીતિ છેલ્લા શ્વાસ સુધી ઓછી થઈ નથી. એમની ગીતસૃષ્ટિ ઉપર એક દૃષ્ટિપાત કરતાં સમજાય છે કે, એમણે પ્રણય, પ્રકૃતિ અને પરમતત્ત્વ વિષયક જેટલાં ગીતો રચ્યાં છે તેટલાં અન્ય કોઈ વિષયનાં સર્જ્યાં નથી. આમ છતાં, ગીતકાર તરીકેની એમની સિદ્ધિનો પ્રારંભને તબક્કે ઝાઝો સ્વીકાર નહોતો થયો.

"આપણે ત્યાં રાજેન્દ્ર, નિરંજન, બાલમુકુંદ, વેણીભાઈ, પ્રિયકાન્ત ઈત્યાદિ કવિઓને ગીતનું સ્વરૂપ જેટલું સુલભ છે એટલી હદે ઉશનસ્, જયન્ત પાઠકને નથી. જયન્ત પાઠકમાં ઉશનસ્‌ની સરખામણીમાં લયવૈવિધ્ય અને સફાઈ છે, ભાષાની સાદગી છે, પણ

ગીતની પ્રથમ પંક્તિમાં લયનો સ્વાભાવિક હિલ્લોળ, એની કોઈ છાકમછોળ જવલ્લે જ જોવા મળે છે. ગીત કરતાં કવિને સૉનેટ વિશેષ ફળ્યાં છે."[૨૮]

જયન્ત પાઠકે જ્યારે કવિતાક્ષેત્રે પદાર્પણ કર્યું ત્યારે સુંદરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર, નિરંજન જેવા ગાંધીયુગ – અનુગાંધીયુગના દિગ્ગજ કવિવરોની કવિતાનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ગીતના ક્ષેત્રે પણ જયન્ત પાઠકને સૉનેટ કરતાં કંઈક ઓછી પણ એમને ગાંધીયુગના ને આધુનિકયુગના સારા ગીતકાર કોઈએ પણ ગણવા પડે એવી સફળતા સાંપડી છે.

### ૫.૪.૨ સૉનેટ :

મૂળ તો ઈટાલિયન ભાષાના શબ્દ 'Suono' અર્થાત્ અવાજ, ઉપરથી 'સૉનેટ' શબ્દ ઉતરી આવ્યો હોવાની માન્યતા છે. Sonneto એટલે 'થોડો અવાજ', Sonare નામના વાદ્ય પર ગવાતું ગીત તે Sonneto, એવું મંતવ્ય પણ ઘણા વિદ્વાનોએ દર્શાવ્યું છે. લેટિન ભાષામાં પણ 'Sonas' શબ્દ છે. એમાંથીય 'સૉનેટ' શબ્દ ઉત્ક્રાંત થયો હોવાનું કેટલાક વિદ્વાનો માને છે. ગાંધીયુગ, અનુગાંધીયુગ અને સ્વાતંત્ર્યોત્તર સમયના એટલે કે આજપર્યંતના આપણા કવિઓ સૉનેટ કાવ્યસર્જનમાં સક્રિય રહેલા જણાયા છે. અનુગાંધીયુગના રાજેન્દ્ર – નિરંજન અને એમની પેઢીના બાલમુકુંદ દવે, જયન્ત પાઠક, ઉશનસ્, સ્વાતંત્ર્યોત્તર યુગના આધુનિક્તાવાદી ચિનુ મોદી આદિ અનેક કવિઓએ સૉનેટ કાવ્યો સજર્યાં છે અને ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિમાં વધારો કરતા રહ્યા છે.

વિશેષ સ્થળવિષયક સૉનેટમાં 'મર્મર'ના 'અજંતા', 'આગ્રા ફોર્ટ', 'ચંદીગઢમાં', 'કાશી' આદિ કાવ્યોમાં 'અજંતા' ખાસ ધ્યાન ખેંચે છે. આમ, કવિજીવનના પ્રારંભની સૉનેટ કૃતિઓમાં જ્યાં કવિ પોતાની સર્જક્તાનો યોગ્ય વિનિયોગ કરીને આદિથી અંત સુધી કવિતાનું સાતત્ય જાળવી શક્યા છે, ત્યાં એકંદરે સારું પરિણામ જોવા મળે છે. મોટેભાગે એમની

સર્જક્તાનો પરિચય સૉનેટ સંગ્રહોનાં કાવ્યોમાં સાંપડે છે. સૉનેટ કાવ્ય પ્રકારનો પરાકાષ્ઠાએ વિકાસ–વિસ્તાર સાધનારા ગુજરાતના મોખરાના સૉનેટકારોમાં જયન્ત પાઠકની પણ ગણના, મૂલ્યાંકન, પુનર્મૂલ્યાંકન કરનાર વિવેચકોએ પણ કરવી પડે એવું સામર્થ્ય એમણે દાખવ્યું છે.

જાતીયતાની સરહદે પહોંચતાં સંભોગ શૃંગારનાં, વનાંચલનાં, વતનપ્રીતિનાં, પ્રણયનાં, વાર્ધક્યનાં, મરણ વિશેનાં જયન્ત પાઠકનાં રમણીય સૉનેટ કાવ્યો ગુજરાતી કવિતામાં સ્મરણીય બની રહેશે.

**૫.૪.૩ ગઝલ :**

જયન્ત પાઠકે ગઝલ સ્વરૂપને પણ પોતાની કવિતામાં સિદ્ધ કરવાની સાધના છેલ્લા શ્વાસ સુધી કરી છે. જો કે સૉનેટ કવિતા જેટલી સંખ્યામાં નહિ, પરંતુ ગુણવત્તાથી એમની કેટલીક ગઝલ આજેય આપણું ધ્યાન ખેંચે એવી છે.

સુરેશ દલાલે લખ્યું છે કે, “જયન્ત પાઠક ઉશનસ્ ઈત્યાદિ ક્યારેક ગઝલ તરફ વળે છે ત્યારે ગઝલ જેવું લખે છે અને ગઝલ જેવું લખવુંનો ભેદ સમજાય એવો છે. એમને ગીત કરતાં સૉનેટ વિશેષ ફાવ્યાં છે.”[૨૯] જયન્ત પાઠકે પણ ગઝલના સ્વરૂપને કાવ્યના સ્તરે લાવવાનો પ્રયત્ન કર્યો છે અને એમાં તેમને ઠીક ઠીક સફળતા મળી છે.

**૫.૪.૪ અછાંદસ રચનાઓ :**

કવિએ છેલ્લા ત્રણેક સંગ્રહોમાં સારી એવી સંખ્યામાં અછાંદસ રચનાઓ આપી છે. આ સ્વરૂપમાં પણ કવિએ સિદ્ધિ મેળવી છે. અલબત્ત છંદોબદ્ધ રચનાઓ જેટલી નહિ. ‘રસ્તાઓ, ઝરણાં અને અમે’, ‘અનુનય’નું એક સફળ અછાંદસ કાવ્ય છે. ‘અનુનય’માં

સૉનેટો, છંદોબદ્ધ કાવ્યો, ગીતો તેમજ ગઝલો પ્રાપ્ત થાય છે. જે સિદ્ધ થઈ ચૂક્યું છે તેનો લાભ તો તેઓ લે છે જ, પણ તેનાથી સંતુષ્ઠ થઈ બેસી રહેતા નથી. નવી નવી સિદ્ધિઓ માટે સતત પ્રયત્નશીલ રહે છે, આ જીવંત કવિનું લક્ષણ છે.

## ૫.૫ જયન્ત પાઠકની કાવ્ય ઈબારત :

કવિ જયન્ત પાઠકે અનુગાંધીયુગની સાથે નાતો જોડીને તેનો પ્રભાવ ગ્રહણ કરીને કાવ્યયાત્રા આરંભી અને આધુનિકયુગમાં એક સાચા આધુનિક કવિ તરીકે પણ પ્રસ્થાપિત થઈ યશસ્વી બન્યા એટલે આ કવિમાં અનુગાંધીયુગ અને આધુનિકયુગ બન્નેનો સુમેળ, સુભગ સમન્વય અનુભૂત થાય છે.

### ૫.૫.૧ છંદ :

કવિ જયન્ત પાઠક ઘણીવાર તો એક જ લસરકામાં નિસર્ગ લીલાની સુંદરતા શબ્દબદ્ધ કરી અદ્‌ભુત ચિત્ર ખડું કરી દે છે. જેમ કે, ગ્રીષ્મઋતુની ધગધગતી બપોર ‘રેવાતટે મધ્યાહ્ન સંધ્યા’. પૃથ્વી છંદમાં રચાયેલા સૉનેટ કાવ્યમાં પ્રત્યક્ષ થઈ છે.

“બપોર, વળી ગ્રીષ્મનો, ધગધગી ઊઠ્યું ભાઠું આ
વિશાળ નદીનું, ન હિંમત હવાની યે આવવા,
બહાર નદીના જલો પર સવાર થૈ ખેલવા,
ન પંખી ઉડતું, ન કે ટહુંકતું .... શી મૂર્છા દશા ?”

માત્રામેળ અને અક્ષરમેળ બન્ને પ્રકારના છંદો પર જયન્ત પાઠકનું પ્રભુત્વ છે. ‘સર્ગ’ની ‘હવે’ નામક રચનામાં શિખરિણીની આવી પંક્તિ મળી આવે છે – “અગાશીમાંથી હું નીરખીશ ફિકો ચંદ્ર ફરતો.”

ઉશનસ્‌ની જેમ જયન્ત પાઠકની કવિતામાં પણ 'દિવસગણના તત્પર', 'ઉલ્લાસાનંદ આસવ' જેવા કાનને ખટકે તેવા સમાસો મળી આવે છે. છંદોબદ્ધ રચનાઓમાં તેઓ ભાવને અનુરૂપ પદાવલિ રમતાં રમતાં પ્રયોજે છે. શિખરિણી, હરિણી અને વસંતતિલકાનો છંદોલય ઉશનસ્‌ની માફક જયન્ત પાઠકને પણ સહજસિદ્ધ છે. પરંતુ તેઓ ઘણીવાર લઘુ–ગુરુની છૂટ લે છે તે ખટકે છે. તેઓ છંદમુક્ત રચનાઓમાં અર્થઘન ગદ્યલયની વિવિધ ભાતો ઉપસાવવામાં ઉશનસ્‌ના કરતાં વધુ સફળ થયેલા છે. 'પ્રેમ અને મૃત્યુ' તથા 'જીવી ગયો હોત' જેવી રચનાઓ તેનાં નિદર્શનો છે.

સબળ કલ્પનો, ગદ્યલયનો વિનિયોગ અને કલાકસબ અજમાવવા પરત્વે જયન્ત પાઠકમાં આધુનિક વલણ જોવા મળે છે, તેમ છતાં શિષ્ટ–સરલ બાની તથા છંદોલય અને જીવનદૃષ્ટિ પરત્વે તેઓ આધુનિકોથી તદ્દન જુદું તરી આવે એવું નિજી સત્ત્વ દર્શાવે છે. તે દૃષ્ટિએ જયન્ત પાઠકની કવિતા જુના–નવા પ્રવાહના સંગમ પર ઊભી છે એમ કહી શકાય.

**૫.૫.૨ પ્રતીક – કલ્પન :**

પ્રતીક – કલ્પન પણ કવિને આધુનિક કવિતાપ્રવાહમાં વિશિષ્ટ સ્થાન મેળવવામાં મદદરૂપ નીવડે છે.

મૂર્ધન્ય સાહિત્યકાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'પ્રવેશક'માં જણાવે છે કે, "ઉગતા કવિનું પ્રથમ લક્ષણ એ હોય છે કે ભાષા અને લયને રમાડી એમાં નવું સૌંદર્ય તે દાખવે છે અને એમાં પ્રગટતો અર્થ રંગની મોહિનીમાં અવનવો થઈ જાય છે."[૩૦]

'મર્મર'ના કાવ્યોની વિલક્ષણ વર્ણનશૈલી ભાવનિરૂપણની સચ્ચાઈ, સરળતા, હૃદયગંમ બને છે. કલ્પન, પ્રતીક, પ્રતિરૂપની પ્રયુક્તિના વિનિયોગમાં કેટલીક મર્યાદાઓ હોવા છતાં એકંદરે તે મનહર બને છે.

કવિ જયન્ત પાઠકની અનેક ગીતરચનાઓમાં પ્રકૃતિ તત્ત્વોનાં પ્રતીકો, કલ્પન તથા પુરાકલ્પનોનો વિનિયોગ સ્ત્રી–પુરુષના દૈહિક જાતીય નિરૂપણમાં થયો છે. પ્રકૃતિને કવિએ જે ભરપૂરતાથી માણી આલેખી છે તેમાં રજૂ થયેલી કલ્પનોની હારમાળામાં કવિ કલ્પનાનું, સમૃદ્ધિ પ્રતિભાનું ક્ષણે ક્ષણે યત્ નવતામુપૈતિ એવું ઉજ્જવળ દર્શન થાય છે. કલ્પનાસૃષ્ટિમાં પ્રકૃતિનું પ્રત્યેક સત્ત્વ જીવંત થઈ ઊઠે છે. એને આપણે અભિનવરૂપે માણીએ છીએ, એની સાથે આપણી સંવેદનાને જોડતાં થઈએ છીએ અને એનો આપણી પેઠે સુખ–દુઃખ અનુભવતી, આઘાત–પ્રત્યાઘાતો આપથી હોય તેવો સાક્ષાત્કાર કરીએ છીએ. સાદ–સીધા વર્ણન દ્વારા પણ કવિ એ કાવ્યહેતુ સિદ્ધ કરી શકે છે.

પ્રથમ સંગ્રહ ‘મર્મર’થી માંડીને અંતિમ સંગ્રહ ‘અક્ષર પગલે’ સુધી એકધારું પ્રકૃતિ નિરૂપણ એમની કવિતામાં જોવા મળે છે. એમાં ઉત્તરોત્તર સૌંદર્યદર્શનની સૂક્ષ્મતા, કલ્પનાનું તેજ અને અભિવ્યક્તિનો કસબ વધતાં જતાં જોવા મળે છે. એમની કવિતામાં પ્રકૃતિ એક જીવંત સત્ત્વરૂપે આલેખાય છે. શુદ્ધ સૌંદર્યબોધની રીતે સંવેદાય છે, તેમ એમાં માનવભાવનું આરોપણ પણ થાય છે. પ્રકૃતિ સૌંદર્યનાં અવનવાં રૂપોથી સમૃદ્ધ એવી ચિત્રકલ્પનની સૃષ્ટિ કવિનો આગવો વિશેષ છે.

વિવિધ ઋતુઓના રૂપ વૈભવને કવિએ મન ભરીને માણ્યો છે, શબ્દબદ્ધ કર્યો છે. વસંતમાં અવનવાં રૂપરંગ ધરીને ખીલી ઊઠેલી વસુધાની યૌવનશ્રીમાંથી ઝરતા વસંતરસને પ્રાણ પ્રાશી રહે છે. ઉરની ઉદાસી ચાલી જાય છે અને ‘ધવલ નિર્મલતા’ પ્રકાશી રહે છે. આ રૂપઅંબાર નારી સૌંદર્યના ઠાઠામાં વ્યક્ત થાય છે :

“કુંજો ને પંથ તારી વેણુ વગાડતી
પાનીનો રંગ અંગ અંગે લગાડતી,
જોબનની લાલ પ્યાલી.” (મર્મર, પૃ. ૧૧)

આ છે મુગ્ધ સ્વપ્નશીલ યુવામનનું વસંતદર્શન, તો વિદગ્ધ કલ્પનાશીલ કવિ એને વિસ્મયભર્યા નેત્રે અનુભવે છે. પેલી મુગ્ધતા, સ્વપ્નશીલતા અને આ વિદગ્ધતા, વિસ્મય અને કલ્પનાશીલતામાં સૂક્ષ્મ સંવેદનશીલતા ભળતાં ઉભય સૌંદર્યાનુભવ ભાવકના ઊંડા મર્મસ્થળને અડકે છે.

કવિને પ્રકૃતિ સાથે ઘનિષ્ઠ નાતો છે, એના સાંનિધ્યમાં એમની કવિતા મહોરી ઊઠે છે. પ્રકૃતિનું અટલું ભરપૂર, કલ્પનાસમૃદ્ધ અને સ્પર્શક્ષમ નિરૂપણ બહુ ઓછા કવિઓ પાસે મળે છે, તેથી જ કહેવાયું છે કે, 'જયન્ત પાઠકની કવિતા એટલે પ્રકૃતિના લઘુ ચિત્રસંપૂટ'. આ ચિત્રસંપૂટ રાજેન્દ્ર શાહ અને ઉશનસ્‌ની જેમ સમૃદ્ધ છે અને વિપુલ પ્રમાણમાં છે.

## ૫.૬ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાનું મૂલ્યાંકન :

પ્રકૃતિને કવિએ જે ભરપૂરતાથી માણી – આલેખી છે, તેમાં રજૂ થયેલી કલ્પનોની હારમાળામાં કવિકલ્પનાનું સમૃદ્ધ પ્રતિભાનું ક્ષણે ક્ષણે યત્ નવતામુપૈતિ એવું ઉજ્જવળ દર્શન થાય છે. આ કલ્પના સૃષ્ટિમાં પ્રકૃતિનું પ્રત્યેક સત્ત્વ જીવંત થઈ ઊઠે છે.

કવિએ છંદમાં, અછાંદસમાં અને વિવિધ લયઢાળમાં એકસરખી હથોટીએ કામ કર્યું છે. સૉનેટ ગીત અછાંદસ, મુક્તક અને અમુક અંશે ગઝલ જેવા કાવ્ય પ્રકારોમાં એમની કલમ ફરી વળી છે.

માત્રામેળ અને અક્ષરમેળ બન્ને પ્રકારના છંદો પર જયન્ત પાઠકનું પ્રભુત્વ છે. છંદોબદ્ધ રચનાઓમાં તેઓ ભાવને અનુરૂપ પદાવલિ રમતાં રમતાં પ્રયોજે છે. શિખરિણી, હરિણી અને વસંતતિલકાનો છંદોલય જયન્ત પાઠકમાં પણ સહજ સિદ્ધ છે.

જયન્ત પાઠકની ગીત સરવાણી છેલ્લા શ્વાસ સુધી ઓછી થઈ નથી. ગીત ક્ષેત્રે પણ જયન્ત પાઠકને ગાંધીયુગના ને આધુનિકયુગના સારા ગીતકાર કોઈએ પણ ગણવા પડે, એવી

સફળતા સાંપડી છે. સૉનેટ કાવ્ય પ્રકારનો પરાકાષ્ઠાએ વિકાસ–વિસ્તાર સાધનારા, ગુજરાતના મોખરાના સૉનેટકારોમાં પણ ગણના કરવી પડે એવું સામર્થ્ય એમણે દાખવ્યું છે.

જયન્ત પાઠક મોટા ગજાના કવિ છે. સતત પરિવર્તનશીલ કવિ પણ છે. કાવ્ય સ્વરૂપો, કાવ્ય વિષયો, અભિવ્યક્તિની રીતિઓ, એ બધી બાબતોમાં આવેલું પરિવર્તન તરત ધ્યાન આકર્ષે છે. જયન્ત પાઠકમાં નવા નવા સાહસો કરવાનું વલણ વિશેષ છે. ગીત અને ગઝલ જેવાં પરંપરિત સ્વરૂપોમાં પણ અભિવ્યક્તિ પરત્વે કવિએ પ્રયોગશીલ અભિગમ અપનાવ્યો છે. કવિના બધા જ પ્રયોગો સફળ થયા છે.

'અનુનય'માં સૉનેટો, છંદોબદ્ધ કાવ્યો, ગીતો તેમજ ગઝલો પ્રાપ્ત થાય છે. જે સિદ્ધ થઈ ચૂક્યું છે, તેનો લાભ તો તેઓ લે છે જ, પણ તેનાથી સંતુષ્ટ થઈ બેસી રહેતા નથી, નવી નવી સિદ્ધિઓ માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ જીવંત કવિનું લક્ષણ છે.

જયન્ત પાઠકના છંદો પારદર્શી, સંવેદનાત્મક ઈન્દ્રિય ગોચરતાનો પ્રતીકાત્મક અને કલ્પનરૂપે અનુભવ કરાવે એવા વ્યંજકતાયુક્ત છે. ઋતુકાવ્યોમાં વર્ણનાત્મક કાવ્યોની આસ્વાદ્યતાનો આધાર ચોટદાર અલંકાર છે. અલંકાર રચનામાં સંસ્કૃતશૈલીએ કવિ શૃંગારરસનો પર્યાપ્ત ઉપયોગ કરે છે.

કવિ કલ્પનાની કમનીયતા સમગ્ર ચિત્રને રોમાંચક બનાવી મૂકે છે. કવિ કલ્પના સમુચિત છે આવું જ હર્ષપુલક જગાવતું કાવ્ય છે 'વર્ષા'. કમનીય કલ્પના કાવ્યને ઉગારી લે છે. અભિનવ કલ્પનો અને અભિવ્યક્તિની તાજપભરી રીતિને કારણે કાવ્યો આહ્લાદક બની શક્યાં છે. કલ્પનો કવિની સર્ગશક્તિનાં દ્યોતક છે. કાવ્ય અછાંદસ હોવા છતાં પ્રાસના બંધથી સુબદ્ધ છે. કવિ શબ્દ, લય અને છંદ દ્વારા આકારો જ સર્જી રહ્યા છે. આખરે તેઓ પણ આકાર દ્વારા નિરાકારને પામવાની અભીપ્સા પ્રગટ કરે છે.

## ૫.૭ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાની વિશેષતા અને મર્યાદા :

### ૫.૭.૧ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાની વિશેષતા :

જયન્ત પાઠક પ્રકૃતિરાગી વગડાના શ્વાસે શ્વાસે રહેલા કવિ તરીકે આપણા સાહિત્યમાં અનોખું સ્થાન ધરાવે છે. પ્રકૃતિ ગમે તેટલી સુંદર હોય, ગમે તેટલી રમ્ય, ભવ્ય કે રુદ્ર હોય પણ આ પ્રકૃતિ આવી છે એવું કહેનાર સહૃદય મનુષ્ય ન હોય, કવિ ન હોય તો પ્રકૃતિનો કોઈ અર્થ હોત ખરો ? જયન્ત પાઠકની કવિતાનો પ્રકૃતિ સાથે એટલો ઘનિષ્ઠ નાતો છે કે કવિના પ્રકૃતિના સાંનિધ્યમાં સક્રિય થઈને મહોરી ઊઠે છે.

પ્રકૃતિ પાસે પાછા જવા માટે જ કવિ વારંવાર વર્ષા, અંધકાર, તડકો જેવાં આદિમરૂપો પાસે જાય છે. જ્યાં ભય છે ત્યાં પ્રેમ પણ છે. પ્રેમ છે એટલે જ ભય છે. વિચ્છેદ થયાનો ભય. જયન્ત પાઠક આ રીતે આદિમતાના કવિ છે. પ્રકૃતિના પ્રાકૃતરૂપોને ગાન ગાનાર કવિ છે. પ્રકૃતિરાગ સિવાયનો બીજો રાગ એમણે ગાયો નથી.

'અંધકાર' કાવ્ય પણ નિસર્ગના વિવિધ અધ્યાસો સાથે ઊઘડી આવ્યું છે. અંધકાર સાથે કવિનો નાભિનાળનો સંબંધ રહ્યો છે. પ્રકૃતિને કવિએ માતારૂપે, પ્રેમિકારૂપે જોઈ છે. વગડા વિશે જયન્ત પાઠક વિપુલ માત્રામાં લખનાર કવિ છે. કવિ પ્રકૃતિમાં એટલા ઓગળી ગયા છે કે પ્રકૃતિનાં રૂપોમાં પણ કવિ પોતાને જ જોતા હોય એવું લાગે છે. તેઓ પૂરેપૂરા પ્રકૃતિમય બની ગયા છે.

પ્રકૃતિકવિતામાં પ્રેમની અનુભૂતિ કરતાં પણ કવિની પ્રકૃતિની અનુભૂતિ વધારે ગાઢ હોવાની છાપ પાડે છે. કવિ વનાંચલનું સંતાન છે. 'મર્મર' કાવ્યસંગ્રહમાં પ્રકૃતિકવિતાનો મતલબ ફાલ ઊતર્યો છે. 'સાગરતટે' કાવ્ય સમગ્ર ગુજરાતી પ્રકૃતિકવિતાનું મહત્ત્વપૂર્ણ સમૃદ્ધ સૉનેટ છે. ઋતુકાવ્યોમાં ગીતો અને સૉનેટોનું પ્રમાણ વિશેષ છે. વસંત–ગ્રીષ્મ વિષયક

રચનાઓમાં 'ઉનાળાનો દિવસ' એક ઉત્તમ સૉનેટ છે. તેમાં કવિએ ઉનાળાના દિવસનું રણભૂમિના એક શ્રાન્ત કલાન્ત મુસાફર તરીકે વર્ણન કરીને ચિત્રને જીવંતતા અર્પી છે.

જયન્ત પાઠકની કવિતા ઉત્કટ સંવેદનશીલતા, સમૃદ્ધ કલ્પના અને સહજસિદ્ધ શબ્દના સામંજસ્યથી સંધાતા કવિકર્મના વિશેષનું સુફળ છે. વિષય વૈવિધ્ય અને અભિવ્યક્તિના પ્રયોગો છે. કવિની સદા જીવંત સંવેદનશીલતા કાવ્યમય આવિષ્કાર પામતી રહી છે. શુદ્ધ કવિતા સિદ્ધ કરવાની દિશામાં કવિ જયન્ત પાઠકે ભાષા સાથે કામ પાડ્યું એમાં પોતાની આગવી સજ્જતા, પ્રગલ્ભતા, પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. ખૂબીની વાત એ છે કે આ બધું એમણે સરળતા, પ્રસાદ અને પારદર્શક્તા જાળવીને કર્યું. અભિવ્યક્તિને એ રીતે મર્માળી રાખવાનું પ્રતિભાવંત સર્જકથી જ શક્ય બને.

એક કવિની નિજી ઓળખ આપવા માટે એક કહેતાં અનેક કૃતિઓ હાજર થઈ જાય છે. એ જ તો સમૃદ્ધ કવિનું લક્ષણ છે. કવિ ગુજરાતીના શ્રેષ્ઠ સૉનેટકારોમાંના એક સિદ્ધહસ્ત સૉનેટ કવિ છે.

કવિના ભાવજગતનું કેન્દ્રબિંદુ છે ઉત્કટ અનુરાગ અને એની આધારશીલા છે પ્રકૃતિ. પ્રકૃતિને એમણે હરકોઈ રૂપમાં માણી છે, આલેખી છે. આ પ્રકૃતિ એટલે સમગ્ર વન્યસૃષ્ટિ, એને જોવા–અનુભવવાની કવિ પાસે છઠ્ઠી ઈન્દ્રિય છે. એના વડે તેઓ પ્રકૃતિના અનેક પ્રદેશોને અડ્યા છે. પીંછીના એક લસરકાથી એમની કલમ એનાં ચિત્રો સર્જે છે.

જયન્ત પાઠકની કવિતા આવી ગહન, સૂક્ષ્મ, નાજુક અભિવ્યક્તિના કલાત્મક આવિષ્કારની કવિતા છે. એ હૃદય–મનના સકળ સૃષ્ટિના સૌંદર્યલોક, રહસ્યલોક, વિસ્મયલોકની ભાવકને સભર યાત્રા કરાવે છે.

જયન્ત પાઠકનું અસ્તિત્વ જ આ રીતે પ્રકૃતિમય છે. તેથી જ તેમના કાવ્યાભિવ્યક્તિમાં પ્રકૃતિનો ધબકાર સંભળાય છે. પ્રકૃતિ તેમનાં કાવ્યોમાં કલ્પન–પ્રતીક તરીકે આવે છે ત્યારે તેમનાં કાવ્યોમાં અનુપમ સૌંદર્ય અનુભવવા મળે છે. જયન્ત પાઠકનાં પ્રકૃતિચિત્રો વધારે પારદર્શક અને વધારે સેન્દ્રિય છે એવું એમનાં ઘણાં કાવ્યો દ્વારા ફલિત થાય છે.

જયન્ત પાઠકના સમયતત્ત્વ સ્મૃતિગોચર બનીને પ્રગટતું આવ્યું છે. જયન્ત પાઠકના કાવ્યોમાં પ્રકૃતિનાં તત્ત્વો પ્રતીક બની સ્ફુટ થાય છે, ત્યારે તો કાવ્યકલાને અદ્‌ભુત, અનોખું, અનુપમ સૌંદર્ય સાંપડે છે. જયન્ત પાઠકનું અસ્તિત્વ જ થોડું અંધકારમાં, થોડું ઉજાશમાં, થોડુંક ધરતીમાં તો થોડું આકાશમાં એમ નિસર્ગના પ્રત્યેક તત્ત્વોમાં વિલસી રહ્યું છે. એમની પ્રત્યેક અભિવ્યક્તિમાં નિસર્ગલીલાનાં દર્શન કોઈને કોઈ રૂપે પ્રગટે છે. જયન્ત પાઠકની વૃક્ષપ્રીતિથી તો ભાગ્યે જ કોઈ સાહિત્ય રસિક અજાણ હશે. એમની વૃક્ષપ્રીતિ એક વાતનો નિર્દેશ કરે છે કે એમને પ્રકૃતિમાં રસ છે.

જયન્ત પાઠકમાં પ્રકૃતિરાગ, વૃક્ષપ્રીતિ શૈશવથી જ સંસ્કાર ઘડતર રૂપે વિકસ્યાં છે. ગુજરાતમાં પૂર્વ સીમાડાના પંચમહાલના વન–વગડાના આ પદેશને ખોળે મોટા થયેલા જયન્ત પાઠકે પ્રકૃતિના વિવિધ રૂપોનો સત્સંગ કરીને એમને સ્વજન બનાવ્યાં છે. નિસર્ગ લીલાના આ સંસ્કારે જ એમની સર્જક ચેતના ને પણ ઘડી છે. આ વન–વગડા–વતનની પ્રકૃતિ એમના ચિત્તતંત્રમાં અનોખું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ક્યારેક તો કવિને પોતાને પણ પ્રકૃતિતત્ત્વ બની ગયાની અનુભૂતિ થાય છે. પ્રકૃતિ સાથેની તદાકારતા જ નગરવાસી થયેલા સર્જકમાં નગર સંસ્કૃતિમાં પણ 'થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં' એવી તીવ્ર સંવેદના પ્રગાવે છે. પ્રકૃતિ, સંસ્કૃતિ, નગરજીવન, ગ્રામજીવન વચ્ચેના સંઘર્ષમાં વતનમાં એ સંસ્મરણો કવિચિત્તમાં અકબંધ રહ્યાં છે.

જયન્ત પાઠકના સમગ્ર સાહિત્યને આસ્વાદતા પ્રકૃતિ તત્ત્વોનો અખૂટ, મહામૂલો ખજાનો વૈવિધ્યસભર સ્વરૂપમાં ભાવકને પ્રાપ્ત થાય છે. ક્યારેક કવિ કુદરતના કરિશ્માથી આશ્ચર્યચકિત થઈને પ્રકૃતિકાવ્યો રચે છે તો ક્યારેક પ્રણય કે વતન પ્રેમના ભાવોની કલાત્મક અભિવ્યક્તિ સાધવા માટે પ્રતીક તરીકે કુદરતની કલાનો વિનિયોગ કરે છે.

### ૫.૭.૨ જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાની મર્યાદા :

જયન્ત પાઠકની કવિતામાં ઉધારપાસું નાનું છે, જમાપાસું મોટું છે. કવિ જયન્ત પાઠકના પ્રથક કાવ્યસંગ્રહમાં એમની કવિત્વશક્તિ તથા નવોદિત કવિની મર્યાદા પણ ધ્યાનમાં આવે છે. પ્રથમ કાવ્યસંગ્રહ હોવાને કારણે કવિની નવોદિતની છાપથી તત્કાલીન વિવેચન વિશ્વમાં ચર્ચાના અનેક વમળો સર્જાયાં હતાં. તેમના સમગ્ર કાવ્યરાશિને અવલોક્તાં તેમની કવિતા વિશે કેટલાક નિષ્કર્ષો તારવી શકાય તેમ છે.

- ‘મર્મર’માં કવિનું કૌતુકભાવ, ભાષાલયનું સૌંદર્ય, છંદકૌશલ અને ઉપમાઓનું નાવીન્ય તથા કાવ્યબાનીની પાદર્શક્તા ધ્યાન ખેંચે છે. જો કે સૉનેટ સ્વરૂપમાં જોઈએ તેટલી સઘનતા વરતાતી નથી. હજુ કલ્પનસભર ચારુચિત્રો કે કલ્પનાનો અપૂર્વ વૈભવ માણવા મળતો નથી.

- છંદોને પરંપરિત કરવાનું વલણ નિરંજનથી વ્યાપક બન્યું. ‘સંકેત’માં કવિએ વલણને એક આધુનિક અભિગમરૂપે અપનાવ્યું, પરંતુ આગળ જતાં અનેક કૃતિઓમાં વારંવાર જોવા મળે છે. છંદોબદ્ધ રચનાઓમાં તેઓ ભાવને અનુરૂપ પદાવલિ રમતાં રમતાં પ્રયોજે છે. શિખરિણી, હરિણી અને વસંતતિલકાનો છંદોલય ઉશનસ્‌ની માફક જયન્ત પાઠકને પણ સહજસિદ્ધ છે. પરંતુ તેઓ ઘણીવાર લઘુગુરુની છુટ લે છે તે ખટકે છે.

- કવિઓએ સંવેદનને પ્રતીક–કલ્પન વગેરે પ્રયુક્તિઓ દ્વારા ઈન્દ્રિયપ્રત્યક્ષ બનાવવાની મથામણ કરી. શુદ્ધ કવિતાની વિભાવના હેઠળ કૃતિમાં શબ્દે શબ્દનું કાવ્યમૂલ્ય પ્રસ્તુતતા જોવાયા. કવિતાના માધ્યમ ભાષા શબ્દને નાણવા માટે, એના પુનર્જીવન માટે, એને એના બોદાપણામાંથી મુક્ત કરવા માટે, અર્થના જોડેથી અળગો કરવા માટે અનેકવિધ પ્રયુક્તિઓ અજમાવાઈ, ઉહાપોહ થયા. આ બધા નૂતન આયામો અંગેના આગ્રહ, ઉહાપોહ કે વળગણ વિના શુદ્ધ કવિતા સિદ્ધ કરવાની દિશામાં કવિ જયન્ત પાઠકે ભાષા સાથે કામ પાડ્યું.

- કાવ્ય સર્જનની શરૂઆતમાં એમણે કાલિદાસ, બ. ક. ઠાકોર, ન્હાનાલાલ, સુંદરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગતના સંસ્કારો ઝીલ્યા, પણ એ નકલખોર ન બન્યા. એઓ એ સંસ્કારોમાંથી બહુ ઝડપભેર બહાર નીકળી ગયા. 'મર્મર' અને 'સંકેત' સંગ્રહોની કવિતા એમના ઘડતર કાળની કવિતા છે એમ કહી શકાય. તેમ છતાં તેમાં દૈવત નથી કે ઓછું છે એવું કહેવાશે નહિ. કાવ્ય પદાર્થની રઢ અને લગન તથા કવિ પ્રતિભાનું તેજ એમાં પણ પ્રકાશિત થયેલાં માણી શકાય છે.

- અછાંદસનું એમણે એમનું પોતીકું વ્યાકરણ રચી લીધું છે. કલાકૃતિની પૂર્ણતા, રચનાનું સૌષ્ઠવ, લાઘવપૂર્ણ અભિવ્યક્તિ અને સૌંદર્યલક્ષી અભિગમથી એમની અછાંદસ રચનાઓમાં પણ છેડે ગાંઠ મળે છે. એ ટોળાંમાં ભળી જવાને બદલે પોતાની આગવી આકૃતિ સિદ્ધ કરે છે. કવિ કલમેથી અછાંદસમાં થયેલા વૈવિધ્યપૂર્ણ આવિષ્કારો અલગ અભ્યાસ માગી લે તેટલા સક્ષમ છે. કવિ ક્યારેક એમાં વાગ્મિતાનો અને પ્રાસાત્મકતાનો આશ્રય લે છે.

## ✍ પાદટીપ :

૧. ‘વનાંચલ’, જયન્ત પાઠક, પૃ. ૨

૨. એજન, પૃ. ૧૧

૩. ‘સર્જક અને વિવેચક : જયંત પાઠક, ઋજુતા ગાંધી અને સી. એચ. ગાંધી, પૃ. ૯

૪. ‘સર્જકના સાંનિધ્યે’, દક્ષા વ્યાસ, પૃ. ૪

૫. એજન, પૃ. ૪

૬. ‘તરુરાગ અને નદીસૂક્ત’, જયન્ત પાઠક, પૃ. ૩૭

૭. ‘સર્જક અને વિવેચક : જયંત પાઠક, ઋજુતા ગાંધી અને સી. એચ. ગાંધી, પૃ. ૩૬

૮. ‘થોડો વગડાનો શ્વાસ’, (સંપા.) કૃષ્ણદેવ આર્ય અને માનસિંહ ચૌધરી, પૃ. ૪૫

૯. એજન, પૃ. ૪૫

૧૦. એજન, પૃ. ૪૬

૧૧. એજન, પૃ. ૪૬

૧૨. ‘સર્જક અને વિવેચક : જયંત પાઠક, ઋજુતા ગાંધી અને સી. એચ. ગાંધી, પૃ. ૩૨

૧૩. એજન, પૃ. ૬૬

૧૪. એજન, પૃ. ૬૮

૧૫. ‘થોડો વગડાનો શ્વાસ’, (સંપા.) કૃષ્ણદેવ આર્ય અને માનસિંહ ચૌધરી, પૃ. ૮૪

૧૬. એજન, પૃ. ૭૩

૧૭. ‘થોડો વગડાનો શ્વાસ’, (સંપા.) કૃષ્ણદેવ આર્ય અને માનસિંહ ચૌધરી, પૃ. ૭૪

૧૮. એજન, પૃ. ૬૬

૧૯. ‘જયંત પાઠક : વ્યક્તિત્વ અને વાઙ્મય’, દિનેશ પંડ્યા, પૃ. ૪૫

૨૦. ‘ક્ષણોમાં જીવું છું’, જયન્ત પાઠક, નિવેદન પૃ. ૫

૨૧. ‘જયંત પાઠક : વ્યક્તિત્વ અને વાઙ્મય’, દિનેશ પંડ્યા, પૃ. ૪૩

૨૨. ‘સર્જક અને વિવેચક : જયંત પાઠક, ઋજુતા ગાંધી અને સી. એચ. ગાંધી, પૃ. ૬૮

૨૩. એજન, પૃ. ૩૫

૨૪. ‘જયંત પાઠક : વ્યક્તિત્વ અને વાઙ્મય’, દિનેશ પંડ્યા, પૃ. ૪૮

૨૫. ‘થોડો વગડાનો શ્વાસ’, (સંપા.) કૃષ્ણદેવ આર્ય અને માનસિંહ ચૌધરી, પૃ. ૫૩

૨૬. એજન, પૃ. ૪૨

૨૭. ‘સર્જક અને વિવેચક : જયંત પાઠક, ઋજુતા ગાંધી અને સી. એચ. ગાંધી, પૃ. ૧૨૭

૨૮. એજન, પૃ. ૧૩૦

૨૯. એજન, પૃ. ૧૩૪

૩૦. એજન, પૃ. ૨૮